# જવાઝે લઅને યઝીદ

: લેખક :

અલ્લામા અબુલ ફિરાજ અબ્દુર્રેહમાન

ઈબ્ને જવઝી

: ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ


: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| ક્રમ | વિગત | પેજનં. |
|---|---|---|
| ૧ | ઇબ્ને જવઝીનો આ કિતાબ લખવાનો હેતુ | ૭ |
| ૨ | યઝીદ લઅનતને પાત્ર છે. | ૨૯ |
| ૩ | કુર્આન અને હદીસમાં લઅનત થઇ છે. | ૩૬ |
| ૪ | યઝીદ વલીઅહદ (ગાદી વારસ) કેવી રીતે બન્યો? | ૩૯ |
| ૫ | મઆવિયાનું મૃત્યુ અને યઝીદનું સત્તા સંભાળવું | ૪૭ |
| ૬ | ઇમામ હુસૈન(અલ.)ની મક્કાથી સફર અને શહાદત અને ઇબ્ને ઝિયાદના દરબારની વાતો | ૫૨ |
| ૭ | ઇમામ હુસૈન(અલ.)ના સર | ૭૨ |

| | | |
|---|---|---|
| | મુબારકને શામ રવાના કરવું અને દરબારે યઝીદની કેટલીક ઘટનાઓ | |
| ૮ | ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)નું અહલેબયતની સાથે યઝીદના દરબારમાં આવવું અને મદીના વાપસ જવું. | ૯૩ |
| ૯ | વાકેયએ હિર્રહ | ૧૧૧ |
| ૧૦ | ખાનએ કાબા ઉપર પથ્થરો ફેંકવા અને આગનો વરસાદ | ૧૩૫ |
| ૧૧ | યઝીદ ઉપર લઅનત ન કરવા વિશેની અબ્દુલ મગીષની દલીલોનો જવાબ | ૧૪૨ |
| ૧૨ | શેખ યઝીદી અબ્દુલ મગીષની આ દલીલનો જવાબ કે ફક્ત પાંચ | ૧૫૬ |

| | | |
|---|---|---|
| | માણસોએ જ યઝીદની બયઅતથી ઇન્કાર કર્યો હતો. | |
| ૧૩ | જવાઝ લઅન વ કુફ્રે યઝીદ ઓલમાએ એહલે સુન્નતની દ્રષ્ટિમાં | ૧૬૫ |

# પ્રકરણ – ૧ : ઇબ્ને જવઝીનો આ કિતાબ લખવાનો હેતુ

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

અલહમ્દો લિલ્લાહિલ્લઝી નજ્જયના બિલ ઇલ્મે મિન મોવાફ્કતિઝ્ઝલાલે વલ અહવાએ વસલ્લમના બેહી મિન મોવા ફકતિલ જુહ્હાલીલ ગવઅતે વઅશહદો અનલાએલાહા ઇલ્લલ્લાહો વહદહુ લાશરીકલહુ શહાદતલ મોકેનીનલ ઓલમાએ વઅન્ત મોહમ્મદન અબ્દોહુ વ રસુલોહુ સૈયેદુર્રોસોલે વ ખાતેમુલ અંબિયાએ વ અલા અહલે બયતેહિત તાહેરીનલ ફોઝલાઓ વ અલા અસહાબેહી વ અતબાએહી એલા યવમિલ હશરે વલ જઝાએ વસલ્લમ.

વાઅઝની કેટલીક મજલિસોમાં લોકો મને પ્રશ્નો કરે છે. ખાસ તો યઝીદ બિન મઆવિયા વિશે

કે એણે ઇમામ હુસૈન(અલ.) સાથે જે વ્યવહાર કર્યો અને મદીનાને લુંટવાનો જે હુક્મ આપ્યો તે બાબત મારો શું મત છે.

હાલમાં જ એક વ્યક્તિએ વાઅઝની મજલિસના અંતમાં મને પ્રશ્ન કર્યો, પુછ્યું કે યઝીદ બિન મઆવિયાના ઉપર લઅનત કરવી જાઇઝ છે? મેં કહ્યું : યઝીદમાં જે બુરાઇઓ છે તે એટલી બધી વધારે છે કે તે જોતાં આ બાબત ખામોશ રહેવું-ચુપકીદી સેવવી જ બેહતર ગણાશે.

તેણે કહ્યું કે મને પણ ખબર છે કે યઝીદના મામલામાં ચુપ રહેવું જ બેહતર છે પરંતુ એના ઉપર લઅ્નત કરવી જાઇઝ છે કે નહિ? મેં કહ્યું : હા, યઝીદ પર લઅ્નત કરવાની ઇજાઝત પરહેઝગાર અને મુત્તકી આલિમોએ આપેલી છે. જેમાં ઇમામ અહમદ બિન હમ્બલ પણ સામેલ છે.

(ચાર સુન્ની ફિરકા હનફી, શાફેઇ, માલિકી અને હમ્બલી તેમાના હમ્બલી મઝહબના પ્રણેતા ઇમામ અહમદ બિન હમ્બલ છે.)

મારો આ ઉત્તર એક બુઝુર્ગના (અલ્લામા અબ્દુર્રેહમાન ઇબ્ને જવઝી છઠ્ઠી સદીમાં થઇ ગયા છે. તેમની આ કિતાબ "જવાઝ લઅ્ને યઝીદ" હિજરી સન 595 માં લખાઇ છે. આજથી 832 વર્ષ આગાઉની વાત છે. મુતાબિક ઇ.સ. 1174 લગભગ ગણી શકાય. આ બાદશાહતનો દોર હતો. વાણી સ્વાતંત્ર્યનો અત્યારના જેવો હક પણ ન હતો. જેથી જવઝીએ નામ ન લખતાં આ બુઝુર્ગ અથવા એક વ્યક્તિ અથવા કહેવાતા ફકીય્યા અથવા શેખ યઝીદી જેવા ઉદ્બોધનો કર્યાં છે. આ તમામ નામો એક જ વ્યક્તિના ઉદ્બોધન છે. આ વ્યક્તિ બાદશાહો સુધી પહોંચેલો માણસ હશે. વેચાઇ ગયેલો માણસ

હશે. સમાજમાં પ્રભાવ પણ હશે. તેથી ઇબ્ને જવઝી સાહેબે પોતાની કિતાબમાં તેના સાચા નામને છુપાવ્યું છે.) કાનો સુધી પહોંચ્યો. તેમણે રિવાયત પામેલી હદીસોનો અભ્યાસ તો કર્યો છે પરંતુ આ હદીસો તેમના હલકની નીચે નથી ઉતરી. તેમને મારો જવાબ પસંદ ન પડ્યો. જેથી તેમણે યઝીદની તરફદારીમાં એક નાની પુસ્તિકા લખી નાખી. મારા કેટલાક આલિમ મિત્રો આ રિસાલાને (પુસ્તિકાને) મારી પાસે લાવ્યા. સાથે મારાથી એવી ઇચ્છા વ્યક્ત કરી કે હું એનો જવાબ લખું. મેં કહ્યું:

હું આ શેખને કમઇલ્મ અને કમઅકલ માનું છું. વળી વાદ-વિવાદ સમજદારની સાથે કરવામાં આવે છે. આ વ્યક્તિની અક્કલ અને સમજદારીનો આ હાલ છે કે તે કંઇપણ જાણતો નથી. પરંતુ પોતાને ઘણો મોટો જાણકાર સમજે છે.

આવા માણસોના વિષયમાં ખલીલ બિન અહમદનું એક કથન ઘણું જ ફિટ બેસે છે. ખલીલ બિન અહમદ કહે છે કે,

**માણસો ચાર પ્રકારના હોય છે.**

(1) પ્રથમ તે વ્યક્તિ જે જાણકાર છે અને આમ પણ માને છે કે હું જાણકાર છું તે આલિમ છે તેની પાસેથી ઇલ્મ હાસિલ કરો.

(2) બીજો તે વ્યક્તિ જે જાણકાર છે પરંતુ પોતાને નથી જાણતો એવો સમજે છે.તે આદમી છે તેની સાથે ઇલ્મી વાતચીત કરો.

(3) ત્રીજો તે વ્યક્તિ જે જાણકાર નથી અને પોતાને પણ સમજે છે કે હું જાણતો નથી તે હિદાયતનો અભિલાષી (તાલિબે હિદાયત) છે. તેને માર્ગદર્શન આપો.

(4) ચોથો તે વ્યક્તિ જે પોતે કંઇજ જાણતો નથી સાથે તેને આમ પણ ખબર નથી કે પોતે નથી જાણતો. પોતાને અજાણ માનવા પણ તૈયાર નથી. તે જાહિલ છે તેને છોડી દો.

આ યઝીદનો સમર્થક ન રિવાયતોને સમજી શકે છે ન ઉચિત અને સહી, જેને આપણે ન્યાયસંગત કહી શકીએ, તેને સમજી શકે છે, આમ એટલા માટે કે તે હદીષ પઢે છે, પરંતુ જાણતો નથી કે સહીહ હદીષ કઇ છે અને સકીમ હદીસ કઇ છે ન મકતુઅને મવસુલથી અલગ કરી શકે છે. તે તાબેઇનને સહાબીથી અલગ તારવી શકતો નથી. ન નાસિખને મનસુખથી અલગ કરી શકે છે. એને ખબર નથી કે જે હદીસો જાહેરમાં જુદી જુદી દેખાય છે. તો તેમને કેવી રીતે એકત્ર કરવામાં આવે. એનામાં જાહિલોના જેવો કપટ છે. તે જ્યારે કોઇ

હદીસને પોતાના નફ્સની ઇચ્છા પ્રમાણે જુએ છે. તો તેને દસ્તાવેજ સમજી વળગી પડે છે. પછી ભલેને બધા જ ફકીહો એ હદીસનો વિરોધ કેમ ન કરતા હોય.

તે ઇલ્મે હદીસથી જ વાકેફ નથી તેની દલીલ આ છે કે તે પોતાનો મતલબ સાબિત કરવા તે હદીસોથી દલીલ પકડે છે જે હદીસોને જુઠાઓએ નકલ ફરમાવી છે. આ વ્યક્તિ સાચા અને જુઠામાં કોઇ ભેદભાવ તારવી શકતો નથી.

એક વ્યક્તિના વિષયમાં અબ્દુર્રેહમાન બિન ઇસાએ મને જણાવ્યું કે તે વ્યક્તિ માને છે કે હદીસે સકીફા સહી હદીસોમાંથી નથી. આ વાત સ્પષ્ટ છે કે જે વ્યક્તિ આવી પ્રખ્યાત હદીસને પણ ન સમજી શકતો હોય જે હદીસના સહી હોવા વિશે લગભગ

બધાજ ઓલમાએ ઇસ્લામ એકમત હોય આવી વ્યક્તિને કોણ મોહદ્દિસ કહી શકે છે.

એક દિવસ હું અને તે માણસ એક જગ્યાએ એકત્ર થઇ ગયા. ત્યારે તેણે મુસ્લિમ બિન લિસાર વિશે કહ્યું કે તે સહાબાએ કબારમાંથી હતા. મેં તેને ઠપકાર્યો કે તમને આટલું પણ ભાન નથી બલ્કે કોઇપણ આલિમ કે ફકીહની દ્રષ્ટિએ મુસ્લિમ બિન લિસાર સહાબાએ કબારમાંથી નથી. મુસ્લિમ તો તાબેઇ હતા.

ત્યાર પછી તો આ વ્યક્તિનો દુરાગ્રહ એટલો વધતો ગયો કે ખુદાતઆલાને બીજી વસ્તુઓની સમાન-નમૂનારૂપ જણાવવા લાગ્યો. એક વખતે તેણે મને હદીસે ઇસ્તીલકા (ખુદાના ચટ સૂવા વિશેની હદીસ) લખીને મોકલી. જેમાં છે કે,

"જ્યારે ખુદાએ વિશ્ર્વને પેદા કર્યું પછી તે ચટ સૂઇ ગયો. પછી ખુદાએ પોતાનો એક પગ બીજા પગ પર મૂકી દીધો." (અલ્લાહ જિસ્મથી પાક છે. તે કોઇ શઇ નથી. તે બેમિષાલ છે. તે કોઇ વસ્તુ કે ઇન્સાનના જેવો નથી. આ આપણો અકીદો છે. અહીં જે વાતો વર્ણવાશે તે સુન્ની વિચારધારા મુજબની હશે.)

મેં કહ્યું: એ હદીસના રાવીને અહમદ બિન હમ્બલે અને તિરમિઝીએ તથા અબુ દાઊદે પણ પસંદ કર્યો નથી. (વિશ્વાસપાત્ર ગણ્યો નથી.) એને નકલ કરવાનું કારણ હું મારી કિતાબ "મિન્હાજુલ વુસૂલ એલા ઇલ્મુલ ઉસૂલ"માં લખી ચૂક્યો છું. મેં તેને આમ પણ જણાવ્યું કે મેં "સિફાતે બારી તઆલા" જેમાં અલ્લાહના વિષયમાં ઘણી વાતો અને ગુણોનું વર્ણન છે. તેમાં સહી અને ગલત

હદીસોનું વર્ણન પણ કર્યું છે. તેને અલગ પણ તારવી છે.

તે બોલ્યો હું તો આવી વાતની ઇચ્છા પણ નથી કરી શકતો, એટલા માટે કે રદ કરેલી હદીસોના વર્ણન કરવાથી તેના રાવીના ચરિત્ર ઉપર ધબ્બો લાગી જાય છે. રાવી શકપૂર્ણ બની જાય છે. જેથી કોઇપણ હદીસને રદ કરવું કે જુઠી માનવું કે તેનો રાવીના બિન વિશ્વાસપાત્ર હોવાનું લખવું-બોલવું હું પસંદ કરતો નથી. જ્યારે કે ખુદાના ચટ સૂવાની-પગ ઉપર પગ ચઢાવવાની હદીસને બુખારી મુસ્લિમ જેવા હદીસવેત્રાઓએ વર્ણવી છે. તો તેને રદ ગણનારા આપણે કોણ?

મેં કહ્યું: કે શું આટલા માટે (રાવીના ચરિત્ર ઉપર ધબ્બો ન લાગે એટલા માટે) સત્યથી મોં ફેરવી લેવામાં હાલતને સાચી માની લેવામાં આવે.

મારો જવાબ સાંભળીને તે ચૂપ થઇ ગયો. પછી મારી સાથે વાતચીત કરવાની બંધ કરી.

આ વ્યક્તિ ફિકહના મસાઇલથી પણ પૂરી રીતે વાકેફ ન હતો. તેના આ અજ્ઞાનને સાબિત કરવા માટે પણ મારી પાસે દલીલો છે.

એક વખત ઘણીબધી હદીસો નકલ કરીને મારી પાસે આવ્યો. તે હદીસો જોઇ મેં કહ્યું: કે આ હદીસો જૂઠી હોવા વિશે ફોકહાનો એકમત છે. મતલબ ઘણાબધા હદીસવેત્તાઓ આ હદીસોને સાચી માનતા નથી. તે તમે એકત્ર કરીને લાવ્યા છો.

તેનો જવાબ હતો હું ફોકહાના કોલનો (કથનનો) પાબંદ નથી.

બીજી એક ઘટના પણ આ વ્યક્તિના ઇલ્મે ફિકહના અધૂરા જ્ઞાન વિષયની પ્રસ્તુત છે. આ વાત

મને અબુ તાહિર બિન સદર જેવા વિશ્વાસપાત્ર ફકીય્યાએ વર્ણવી છે.

તેમણે જણાવ્યું કે એક વખત આ ફકીહ વ્યક્તિએ એક માણસના નિકાહ પઢાવ્યા. નિકાહમાં વકીલ તરીકેના હકની રૂએ કહ્યું (શીગો પડયો) હું મારા ફલાણા ભાઇની (છોકરીના બાપનું નામ બોલ્યો) દીકરીને તારા નિકાહમાં આપું છું.

ફકીય્યા અબુ તાહિર કહે છે કે મેં પેલા નિકાહ કરનારને જણાવ્યું, આ નિકાહ થતો જ નથી. ન તો તારા ઉપર તે સ્ત્રીની મહેર વાજિબ થાય છે. એટલા માટે કે તે છોકરીના બાપની ચાર છોકરીઓ છે. આ નિકાહ પઢાવનાર વકીલે નિકાહમાં આવનાર છોકરીનૂં નામ બોલવું જરૂરી છે. એણે નક્કી નથી કર્યું કે કઇ છોકરી સાથે તારો નિકાહ કર્યો છે. જે લોકો મારી આસપાસ હાજર હતા તે બધાંને આ

પોતાને ફકીહ સમજનાર ફકીય્યાના ફિકહી મસાઇલ ન સમજવા ઉપર ઘણું જ આશ્ચર્ય થયું.

આ યઝીદી ફકીહે આવા તો અનેક મસાઇલમાં ગોથાં ખાધાં છે.

મેં (અલ્લામા અબ્દુર્રેહમાન ઇબ્ને જવઝી) તે શેખ યઝીદને જોયો કે તેણે ઇમામ અહમદ બિન હમ્બલની કબરના માથા પાસે પોતાના માટે કબર ખોદીને તૈયાર રાખી છે. મેં તેને કહ્યું: ત્રણ કારણોથી આ કબર ખોદવી તારા માટે જાઇઝ નથી.

(1) પ્રથમ આ કે આ જમીન આમ મુસલમાનોની છે, બધાંની છે. જેથી કોઇ એક વ્યક્તિ માટે જાઇઝ નથી કે તે પોતાના માટે કબરની કોઇ જગ્યા નક્કી કરે. યાદ રાખ કે આ જગ્યા મસ્જિદ જેવી ગણાશે. જે વ્યક્તિ મસ્જિદમાં પહેલો પહોંચી જાય અને જ્યાં ખાલી જગ્યા હોય ત્યાં બેસી જાય. એ જગ્યા તેની

છે. તે સમય પૂરતી, ત્યાં બેસવા માટેની. મસ્જિદમાં કોઇ વ્યક્તિ પોતાની જગ્યા અગાઉથી નક્કી કરી શકતો નથી. તેવું જ આ પબ્લિક કબ્રસ્તાનનું પણ છે. જ્યારે મૃત્યુ પામે અને જ્યાં ખાલી જગ્યા હોય ત્યાં દફનાવાય.

(2) બીજી વાત કે ઇમામ અહમદ બિન હમ્બલની કબર હજી બેકાર છોડી શકાતી નથી. તમે જોતા નથી કે કબરો ઉપર કબરો બનેલી છે. ખુદા જાણે કંઇ કેટલાય વ્યક્તિઓની કબરો અહીં બની હોય. જનાબ રસૂલે ખુદા(સલ.)નો ઇરશાદ છે કે જે વ્યક્તિ કોઇ મય્યતની હડ્ડીને તોડે તેના માટે આજ હુકમ છે. કે તેણે કોઇ જીવંત મનુષ્યની હડ્ડીને તોડી. શેખ યઝીદીએ રસૂલનો આ હુકમ સાંભળીને જવાબ આપ્યો કે મેં જ્યારે અહીં મારા માટે કબર ખોદી તો મને તેમાં કોઇ પણ હડ્ડી મળી નથી. (આ જગ્યાએ

કોઇપણ મસાઇલને ફિકહે જાફરીનો મસઅલો ન સમજી લેવામાં આવે. અલ્લામા ઇબ્ને જવઝી સુન્ની આલિમ હતા. ફકીહ હતા તેઓ જે ફિકહને અનુસરનાર હશે તે ફિકહનો મસઅલો આ કિતાબમાં હશે. એટલે વાંચકોએ આ કિતાબના મસઅલાને ફિકહે જાફરીનો મસઅલો સમજી લેવો નહિ.) મેં કહ્યું ઠીક છે. તેમને (ઇમામ હમ્બલને) દફ્ન થયાને ત્રણસો વરસ થઇ ગયાં છે, તેથી હડ્ડી જૂની થઇને ઓગળી ગઇ હશે. પરંતુ તેના બચેલા નાના ટુકડાને તોડવું પણ હરામ છે. તેથી તેં જે કંઇ કર્યું જાઇઝ નથી.

(3) ત્રીજી વાત આ કે જ્યારે તમારા મૃત્યુ પછી તમને આ કબરમાં ઉતારવામાં આવશે. તો તમારા પગ ઇમામ અહમદ બિન હમ્બલના માથા પાસે હશે. એટલા માટે કે તેમની અને તમારી કબરની

વચ્ચે એક પરદો દીવાલ જ છે. વળી આ અદબની દ્રષ્ટિએ પણ ઠીક નથી. તને ખબર નથી કે મરૂઝીએ વસીય્યત કરી હતી કે મને અહમદ બિન હમ્બલના સામે એવી રીતે દફન કરજો કે જેવીરીતે હું તેમની સામે દર્સ શીખતો બેઠો હોઉં છું. મેં આટલી બધી દલીલો દ્વારા આ યઝીદી શેખને સમજાવવાની કોશિશ કરી. પરંતુ તેના જિદ્દી દિમાગમાં કંઇપણ પ્રસર્યું નહિ. તે પોતાના નફ્સની ઇચ્છા ઉપર ચાલતો રહ્યો.

આ બગડેલી બુદ્ધિના યઝીદીઓની નીતિરીતી બધે જ એક પ્રકારની હોય છે. તેની બીજી દલીલ પ્રસ્તુત છે મોહીયુદ્દીન અબુલબકા ફકીય્યાએ મને જણાવ્યું કે એક વખત તે અબ્દુલ મગીષની સાથે ઇબ્ને અબી ખિસાબના ઘેર બેઠો હતો.

વાતચીત દરમ્યાન એક હદીસમાં આ વર્ણન આવ્યું કે એક વ્યક્તિએ નઝર માની હતી કે હું પૈદલ હજ કરીશ. જનાબે રસૂલે ખુદા(સલ.)એ ઇરશાદ ફરમાવ્યો કે ખુદા બેનિયાઝ છે કે કોઇ વ્યક્તિ પોતાને (વગર જરૂરતે) સખ્તી અને અઝાબમાં નાખે. તરત જ અબ્દુલ મગીષ બોલ્યો કે પેગંબરે ઇસ્લામે આવું કેવી રીતે ફરમાવી દીધું કે ખુદા આપણા નફ્સને અઝાબ આપવાથી ઉચ્ચ મરતબાવાળો છે. જોકે તેણે આપણને જાતજાતના અમલોના જવાબદાર બનાવ્યા છે. જે આપણા માટે તકલીફ દાયક છે.

અમે લોકોને અબ્દુલ મગીષની આવી વાતો ઉપર આશ્ચર્ય બલકે ખૂબજ આશ્ચર્ય થયું. કારણકે અબ્દુલ મગીષના દિમાગી ભ્રમ પ્રમાણે અલ્લાહતઆલાએ આપણા ઉપર જે ચીજો વાજિબ

કરી છે, ખુદાને તેની આવશ્યકતા છે. આ લોકો કોઇ એવા માણસો ન હતા કે તેમના આવા બુદ્ધિ વગરના અને કપટી વિચારો માટે બગડેલા દિમાગ માટે જાણ્યું અજાણ્યું કરવામાં આવે.

અબ્દુલ મગીષના ઇલ્મની ખામી, બગડેલી બુદ્ધિ અને જાહિલો જેવા કપટની આ પણ એક દલીલ છે કે તે હઝરત ઇમામ હુસૈન (અલ.)ની મુખાલેફતમાં યઝીદનું સમર્થન કરી રહ્યો હતો. વળી તેણે યઝીદથી સાચો ઠરાવવા તેના સમર્થનમાં કિતાબ પણ લખી હતી. તે મારાથી એટલા માટે નફરત કરતો હતો કે હું હઝરત ઇમામ હુસૈન(અલ.)નો મદદગાર છું. તેમને ચાહું છું અને યઝીદથી નફરત કરૂં છું તેને ધિક્કારૂં છું. (જેવી રીતે અબ્દુલ મગીષ યઝીદના ચાહકની બુદ્ધિ બગડેલી હતી. આ જ પરિસ્થિતિ ઇબ્ને તૈમિયાની પણ હતી.

હકીકત આ છે કે બંને યઝીદી હતા. જેથી કેટલાક ઓલમાએ ઇસ્લામ ફરમાવે છે કે અલ્લામા આમદી કહે છે કે ઇબ્ને તૈમિયામાં અકલ ન હતી. અલ્લામા સફદી કહે છે કે ઇબ્ને તૈમિયાની અક્કલમાં ખરાબી હતી.જે તેને અત્યંત નુકસાનકારક, ખંડનાત્મક કાર્યોમાં ધકેલી દેતી હતી. ઇબ્ને બતૂતા પ્રખ્યાત મુસાફરે પોતાના સફરનામામાં પણ આ વાતની સ્પષ્ટ નોંધ કરી છે કે તે ઇબ્ને તૈમિયાને મળ્યો હતો. તે લખે છે કે ઇબ્ને તૈમિયાની અક્કલમાં ખામી હતી.)

આ જગ્યાએ અમારા બુઝુર્ગ શેખ અબુલહસન ઝાફરાનીએ લઅ્નતુલ્લાહ યઝીદ બિન મુઆવિયાનો એક અરબી શેર યાદ અપાવ્યો.

## અરબી શએરનો અનુવાદ

(1) અય જંગલના કાગડાઓ, જેમ તમારો જીવ ખુશ થાય તેમ બોલો. જે ધ્યેય સુધી પહોંચવાની ઇચ્છા હતી તે ધ્યેય પ્રાપ્ત થઇ ચૂક્યો છે.

(2) મારા તે મૃત્યુ પામેલા બુઝુર્ગો જેઓ બદરની લડાઇમાં કતલ થઇ ગયા હતા. તેઓ આજે જોઇ શકતા હોત સિંહના લુંટાઇ જવાની અને ઝખમ ખાઇને પડી જવાની જગ્યાને.

(3) તો મને મુબારકબાદી આપત. વળી આપસમાં ખુશી મનાવત.

લલકારીને કહેત કે અય યઝીદ રંજ કે ગમ ન કરતો.

(4) એટલા માટે કે આ લોકોએ બદરમાં અમારા નાના નાના સરદારોને કતલ કરી નાખ્યા હતા.

તો આજે અમે એ લોકોના મોટા મોટા ઇઝ્ઝતવાળા અને મજબૂત સરદારોને કતલ કર્યા છે.

(5) બની હાશિમે (આ શએર યઝીદના કાફિર હોવાની સ્પષ્ટ દલીલ છે. જે વહીનો ઇન્કારી છે. પેગંબરે ઇસ્લામની વહી અને ફરિશ્તાઓના નાઝિલ થવાને ઢોંગ કહે છે.) ફક્ત સત્તા પ્રાપ્ત કરવા માટે ઢોંગ રચ્યો હતો. ન તેમના ઉપર કોઇ વહી આવેલી કે ફરિશ્તો નાઝિલ થયેલો.

જો હું કોઇ હાશિમની દુશ્મની કરવા પર ઉતરી પડું કે તેઓ અબ્દુલમદાનની ઓલાદમાંથી છે. આ કારણથી તેમની દુશ્મની ઉપર સબર કરીશ. પરંતુ જરા અહીં આવીને જુઓ કે હું કોની દુશ્મનીમાં ઉતરી પડ્યો છું.

અબ્દુલ મગીષની આવી ફિતનો-ફસાદ ભરી વાતો કરી મને કહ્યું : કે આપ એનો યોગ્ય

ઉત્તર આપીને સમાજમાં ફેલાતા આ ફિતનાને રોકતા કેમ નથી? આપ મને ઉદ્દેશીને મેં આપને બગડેલી અક્કલમાંથી વાકેફ કર્યા છે. માટે મારા નામથી ઉદ્બોધન કરીને લેખિત જવાબ આપો. ભલે તેને સીધો ઉદ્દેશ ન કરો.

મેં કહ્યું: કે જો તેણે (યઝીદના મામલામાં) આ પ્રમાણે કહ્યું હોત તો ઘણું જ બેહતર ગણાત કે આપણે કોઇની નિંદા કરીને આપણો સમય શા માટે બરબાદ કરીએ? તો તેનો વિરોધ ન કરવામાં આવત. પરંતુ એણે ખુદા-રસુલ ઉપર જે બોહતાન લગાવેલા છે, અને યઝીદને બચાવવાની અત્યંત નિમ્ન કક્ષાની જે કોશિશ કરી છે. તે જોતાં તેનો જવાબ આપવો હું પણ જરૂરી સમજું છું.

## પ્રકરણ – ૨ : યઝીદ લઅનતએ પાત્ર છે.

કેટલાક સાલેહીન ના કથનો છે કે જો મારા આમાલનામામાં લાઇલાહા ઇલ્લલ્લાહ લખેલું હોય એનાથી વધારે પસંદ છે કે તેમાં ખુદા ઇબ્લીસ પર લઅનત કરે એમ લખેલું હોય.

નેક લોકો ભૂંડા-દુષ્ટ વ્યક્તિની મલઉનીયત પર લઅનત (આ જગ્યાએ તૈમિયાની કિતાબ "હુસૈન અને યઝીદ"નો જવાબ પણ છે. જેમાં તેણે યઝીદ ઉપર લઅનત કરવાનો સદંતર ઇન્કાર કર્યો છે.) કરવાને જાઇઝ સમજે છે. તે વાતથી આ યઝીદી શેખે ઇન્કાર કર્યો છે. આ તેની સ્પષ્ટ જહાલત છે. એટલા માટે કે લઅનતની ઉપર લઅ્નત અને દુષ્ટ-ભૂંડા વ્યક્તિની નિંદા મોટા મોટા આલિમોએ કરી છે. જેઓમાં એક ઇમામ અહમદ બિન હમ્બલ (લંબાણના કારણે અમે સિલસિલએ

સનદોનું વર્ણન કરતા નથી) જેવા ઇમામ પણ સામેલ છે.

ઇમામ હમ્બલે તો યઝીદની એવી એવી દુષ્ટતાનું વર્ણન કર્યું છે જેનાથી લઅ્નતમાં વધારો થાય.

અમોને અબુબકર મોહંમદ બિન અબ્દુલ બાકી બઝાઝે પોતાની સનદોથી (સુન્ની હમ્બલી ફિરકાના ઇમામ) મહીની બિન યાહ્યા દ્વારા ખબર આપી છે કે તેઓ કહે છે.

મેં ઇમામ અહમદ બિન હમ્બલથી યઝીદ બિન મઆવિયાના વિશે સવાલ કર્યો તો તેમણે ફરમાવ્યું કે યઝીદ તે જ છે જેણે મદીનામાં શું નથી કર્યું. મેં પૂછયું, યઝીદે મદીનામાં શું કર્યું?

ઉત્તર આપ્યો, મદીનાને તબાહ-બરબાદ કર્યું, મદીના ઉપર હુમલો કર્યો, મદીનાને લુંટી

લીધું. મસ્જિદે નબવીમાં તેના લશ્કરે ઘોડા બાધ્યા, દિવસો સુધી મસ્જિદે નબવીમાં નમાઝ અદા થઇ શકી નથી, એના સૈનિકોએ મદીનાની સ્ત્રીઓ ઉપર બળાત્કાર કર્યો.

મેં પુછયું: શું યઝીદથી હદીસ નકલ કરી શકાય છે? તેમણે જવાબ આપ્યો: યઝીદથી હદીસ નકલ કરવામાં ન આવે. કોઇના માટે પણ જાઇઝ નથી કે તેનાથી એકપણ હદીસ નકલ કરે.

મેં પૂછયું: હઝરત જ્યારે યઝીદે મદીનામાં લૂંટમાર કરી ત્યારે તેની સાથે કોણ હતા ?

ઇમામે ઉત્તર આપ્યો: એહલે શામ(શામ વાસીઓ) તેની સાથે હતા.

કાઝીઅબુ યાઅલા મોહંમદ બિન હુસૈન બિન ફરાખીએ પોતાની કિતાબ અલમોઅતમદ ફિલ

ઉસૂલની રિવાયતો વર્ણવાની ઇજાઝત મને અબુલ હફ્સ અકબરીના સંબંધથી આપેલ છે.

અબુલ યાઅલા પોતાની લગાતાર સનદો દ્વારા સાલેહ બિન અહમદ બિન હમ્બલથી રિવાયત નકલ કરે છે કે મેં મારા પિતાજીને વિનંતી કરી કે લોકો ખોટી રીતે આ બાબત સંદોવ છે કે હું યઝીદને દોસ્ત રાખું છું. તો મારા વાલિદ મોહતરમે મને ફરમાવ્યું "અય ફરઝંદ શું કોઇ ખુદાનો મોમીન બંદો યઝીદને પણ દોસ્ત રાખી શકે છે?"

મેં કહ્યું: આપ તેના ઉપર લઅનત કેમ મોકલતા નથી?

ફરમાવ્યું: શું તે મને જોયો છે કે મેં લઅનત નથી મોકલી? અથવા તેં મને લઅનત મોકલતાં જોયો હોય અને મેં યઝીદ ઉપર લઅનત ન મોકલી હોય.

અય ફરઝંદ! જેના ઉપર ખુદાએ લઅનત કરી છે તમે પણ તેના ઉપર લઅનત કરો.

મેં પૂછયું: અય મારા વાલિદે બુઝુર્ગવાર! અલ્લાહે પોતાની કિતાબમાં યઝીદ ઉપર કઇ જગ્યાએ લઅનત મોકલી છે?

ત્યારે આપે આ આયતની તિલાવત ફરમાવી.

**ફહલ અસયતુમ ઇન તવલ્લયતુમ અનતુફસેદૂ ફિલઅર્ઝે વતોકત્તેઉ અરહામકુમ.**

**ઉલાએકલ્લઝીનઅ્ લઅનહોમુલ્લાહો ફઅસમ્મહુમ વઆઅ્મા અબસારહુમ. (સૂ.મોહંમદ આ. 22,23)**

“પણ જો તમે સત્તાવાન (હાકિમ) થઇ જાઓ તો શું આ સંભવિત નથી કે પૃથ્વી ઉપર ફસાદ ફેલાવવા લાગી જાઓ અને કુટુંબીજનો સાથેનો સંબંધ તોડી નાખો.

એજ તે લોકો છે જેમના ઉપર અલ્લાહે લઅનત કરી છે. પછી તેમને બહેરા બનાવી દીધા છે, અને તેમના ચક્ષુઓ આંધળા કર્યા છે.”

શું કતલ કરતાં પણ વધારે ખરાબ કોઇ ફસાદ હોઇ શકે છે? જે યઝીદે કર્યો છે. લઅનતને પાત્ર એવા ઝાલિમોનું વર્ણન કરતી એક કિતાબ કાઝી અબુલ હસન મોહંમદ બિન કાઝી અબુ યાઅલા ફરાએ લખી છે. આ લઅનતના પાત્ર લોકોમાં યઝીદનો પણ નંબર છે. બલકે યઝીદનું વર્ણન અગ્રતા ક્રમે છે. જેમાં લખ્યું છે કે યઝીદને લઅનતી ન માનનાર એ મસઅલાથી જ નાવાકેફ છે. અથવા તે મુનાફિક લોકોને આ રીતે યઝીદને લઅનતને પાત્ર ન ગણીને શકમાં નાખવા ઇચ્છે છે. (મતલબ આવી માન્યતાના કારણે યઝીદ લઅનતી

નથી. અન્ય મુનાફિકો પણ પોતાને લઅનતી ન સમજે, શંકામાં પડી જાય.)

કેટલીક વખત અમૂક જાહિલો આમ કહીને લોકોને લઅનત કરવાથી નફરત પેદા કરે છે કે "મોમીન બહુ વધારે લઅનત નથી કરતો." આ વાત તે જગ્યાએ બરાબર છે. જ્યાં કોઇ લઅનતનો હકદાર ન હોય અને તેના ઉપર લઅનત કરવામાં આવે.

ઉપરોક્ત બધી જ વાતો કાઝી અબુલ હસને પોતાના હાથથી પોતાની કિતાબમાં લખી છે.

## પ્રકરણ – 3 : કુર્આન અને હદીસમાં લઅનત થઇ છે.

ઇબ્ને હસીને લગાતાર રિવાયતો દ્વારા મને (ઇબ્ને જવઝીને) વર્ણવ્યું છે કે અબ્દુલ્લાહ કહે છે કે અલ્લાહતઆલાએ લઅનત કરી છે.

પોતાના વાળની નુમાઇશ (પ્રદર્શન, શૃંગાર) કરવાવાળી સ્ત્રીઓ, દાંતોની નુમાઇશ કરવાવાળી સ્ત્રીઓ, પોતાના પોશાકની નુમાઇશ કરવાવાળી સ્ત્રીઓ ઉપર પૈગંબરે ઇસ્લામે લઅનત મોકલી છે. (આ પ્રદર્શન પતિ સિવાય અન્યો સામે કરવું હરામ છે.)

અહમદે પોતાના લગાતાર રિવાયતો દ્વારા અબ્દુલ્લાહ બિન ઉમરથી નકલ કરી છે જનાબ રસૂલે ખુદા(સલ.)એ લઅનત કરી છે. ઉપરોક્ત

સ્ત્રીઓ ઉપર જેઓ પ્રદર્શન-શૃંગાર દેખાડવા માટે વાળ જોડે છે. વાળમાં વધારો કરે છે.

રસૂલે ખુદા(સલ.)એ પુરૂષોમાં જેઓ પોતાને સ્ત્રીઓ જેવા બનાવે અને સ્ત્રીઓમાં જેઓ પોતાને પુરૂષો જેવી બનાવે તેમના ઉપર લઅનત કરી છે.

ઇબ્ને હસીને પોતાની લગાતાર વર્ણવેલી રિવાયતોમાં ઇબ્ને અબ્બાસથી નકલ છે કે જે વ્યક્તિ પોતાના બાપને ગાળો આપે તે મલઉન છે. જે પોતાની માને ગાળો આપે તે મલઉન છે. જે ખુદા સિવાય બીજા અન્ય માટે ઝબીહા કરે (જાનવર ઝબહ કરે) તે મલઉન છે. જે જાનવરો સાથે બદફેલી કરે તે મલઉન છે જે વ્યક્તિ કોમે લૂતનો અમલ કરે તે મલઉન છે.

અબુ હુઝયફાથી રિવાયત છે કે જનાબ રસૂલે ખુદા(સલ.)એ વ્યાજ ખાનારા, વ્યાજ વ્યવહાર

કરનારા વ્યાજ અંગેની વિગતો લખનારા બધાં જ ઉપર અલ્લાહની લઅનત કરી છે.

અહમદે પોતાના લગાતાર રિવાયતો દ્વારા અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત કરી છે. તેઓ કહે છે કે જનાબ રસૂલે ખુદા(સલ.)એ ફરમાવ્યું.

શરાબ પોતાની ઉપર લઅનત કરે છે. જે શરાબ પીએ, પીવડાવે, વેચે, ખરીદે, નિચોવે, બનાવે, બનાવડાવે, શરાબનો વેપાર કરે, હેરાફેરી કરે, જે તેના નફામાંથી ખાય, તે બધા ઉપર અલ્લાહની લઅનત થાય છે.

# પ્રકરણ – ૪ : યઝીદ વલીઅહદ (ગાદી વારસ) કેવી રીતે બન્યો ?

હવે હું યઝીદનો ટૂંકાણમાં પરિચય આપું છું. તેમાં ખાસ તો આ જ કે તે મઆવિયાનો (પોતાના બાપનો) વલીઅહદ કેવી રીતે બન્યો. વળી તેની વલીઅહદીના સમયમાં કઇ કઇ ઘટનાઓ બની.

અમે તે ઘટનાઓનું વર્ણન કરીશું જેને અબુબકર ઇબ્ને અબી દુન્યા મોહંમદ બિન સઅદ તબકાતના લેખક અને અબુજઅફર ઇબ્ને ઝરીર તબરી અને તે સિવાયની ઇમામોએ વર્ણવી છે. કારણકે યઝીદના કૃત્યો દ્વારા આ વાત સાબિત થઇ જાય કે તેની નિંદા કરવી અને તેનાથી ધિક્કાર કરવો, નફરત કરવી જાઇઝ છે. ત્યાર પછી પેલા શેખ યઝીદની મદદમાં જે કિતાબ લખી છે તેનો રદિયો આપીશ. આ એક સ્પષ્ટ હકીકત છે કે કોઇ

વ્યક્તિ કોઇને ત્યારે જ નસીહત કરશે જ્યારે કે તે તેને દોસ્ત માનતો હોય. તેનાથી મહબ્બત કરતો હોય.

જનાબે રસૂલે ખુદા(સલ.)એ ફરમાવ્યું "ઇન્સાન (યઝીદને દોસ્ત રાખનારા સમજી લે કે તેઓ કોની સાથે હશે. અને ઇમામ હુસૈન(અલ.)ને દોસ્ત રાખનારા ખુશખબરી પામીલે કે ઇન્શાઅલ્લાહ તેઓ રસૂલેખુદા, હઝરત અલી(અલ.)અને ઇમામ હસન(અલ.)અને ઇમામ હુસૈન(અલ.)ના ઝંડા નીચે હશે. કારણકે ઇમામ હુસૈન(અલ.) નાનાથી જુદા નથી હોઇ શકતા.) જેને દોસ્ત રાખે છે તેની સાથે જ રહેશે." (કયામતમાં)

હિજરી સન 56 માં મઆવિયાએ લોકોની સમક્ષ પોતાના પુત્ર યઝીદને વલીઅહદ બનાવવા

માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો કે મારા પછી મારા પુત્ર યઝીદને ખલીફા બનાવવામાં આવે.

મઆવિયાએ મુગીરહ બિન શોઅબાને હુકમ આપ્યો કે તે કૂફા જાય અને ત્યાં લોકોથી યઝીદની વલીઅહદી માટેની બયઅત લે. એક દસ્તાવેજી લખાણ લખ્યું. જેમાં લખ્યું કે જો પોતાને (મઆવિયાને)મોત આવી જાય તો પોતાના પછી પોતાના બેટાને ખલીફા તરીકે નિયુક્ત કર્યો છે.

મોહંમદ બિન અસદે તબકાતમાં વર્ણન કર્યું છે કે મઆવિયાએ ઇમામ હુસૈન(અલ.), અબ્દુલ્લાહ બિન ઉમર અને અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેરને કહ્યું કે હું યઝીદની વલીઅહદી માટે એલાન કરવાનો છું. આપ લોકોને જો એનો વિરોધ નહીં કરો તો હું માફ કરી દઇશ. પછી મઆવિયાએ ઉદ્બોધન કર્યું. જાહેરાત કરી દીધી કે આ લોકોએ યઝીદની બયઅત કરી

લીધી છે. આ બધા લોકો મઆવિયાના ડરથી ખામોશ રહ્યા ન મઆવિયાની વાતનો ઇન્કાર કર્યો ન ઇકરાર. (આ જ તકય્યો કહેવાય છે. શીયાઓ ઉપર આ જ પ્રકારના તકય્યાના કારણે તેમની ટીકા કરવામાં આવે છે.)

અબુ અબ્દુલ્લાહ ઇબ્ને યહ્યા ઇબ્ને હસન બિન નબાએ ઝહરીથી રિવાયત નકલ કરી છે, કે જ્યારે મઆવિયાએ પોતાના બેટા યઝીદ માટે બયઅત લીધી ત્યારે મદીના મુનવ્વરામાં તેની બયઅત લેવાનો હુકમ મોકલ્યો. આ હુકમ પહોંચ્યા પછી અબ્દુલ્લાહ બિન ઉમર, અબ્દુલ્લાહ બિન ઝુબેર, અબ્દુર્રેહમાન બિન અબુબકર મદીનાથી બયઅત કર્યા વગર મક્કા ચાલી આવ્યા. જ્યારે આ ખબર મઆવિયાને પહોંચી ત્યારે તે દમિશ્કથી ઉમરહનો ઇરાદો કરીને મક્કા આવ્યો, ત્યારે આ

લોકોને બોલાવ્યા. દાદાગીરી અને બળથી કામ લઇ આ મજલિસમાં આ બાબતની જાહેરાત કરી દીધી કે આ બધાજ લોકોએ યઝીદની બયઅત કરી લીધી છે.

મઆવિયા આ પ્રમાણેની એલાન કરી ચૂક્યો ત્યારે શામના લોકો ઉભા થયા અને મઆવિયાને કહ્યું: જો તમે ઇજાઝત આપો તો આ લોકોને કતલ કરી નાખીએ. (આ શામી બોગાઓ તદ્દન જાહિલ પ્રકારના મઆવિયાના દસ્તરખાનના કૂતરા જ હતા. આ બોગાઓ સમજી ગયા હતા કે આ મોટા ગણાતા સહાબાએ બયઅત તો લીધી જ નથી. મઆવિયા ચાલાકી રમે છે. તેથી પોતાના માલિકને ખુશ કરવા આ પ્રમાણે કહેતા હતા.) મઆવિયાએ શામવાસીઓને કહ્યું: હવે પછી તમારા મોઢેથી હું આવી વાત ન સાંભળું.

જ્યારે હિજરી સન 60 નું વરસ બેઠું ત્યારે મઆવિયાએ યઝીદની વલીઅહદી બયઅત તે લોકોથી લીધી જેઓ અબીદુલ્લાહ બિન ઝિયાદની સાથે આવ્યા હતા. મઆવિયા જ્યારે બીમાર હતો, ત્યારે પોતાના પુત્ર યઝીદને વસીય્યત કરી કે મેં તારા માટે ઘણી બધી વસ્તુઓને કચડી નાખી છે. દુશ્મનોને મારા તાબેદાર બનાવી દીધા છે. તારા ખલીફા બનવાના બધા જ પથ્થરો મેં કચડી નાખ્યા છે. તારી ખિલાફતનો વિરોધ કરનારા ફકત ચાર માણસો સિવાય કોઇ મને દેખાતા નથી. તે ચાર વ્યક્તિ આ છે.

(1) હુસૈન ઇબ્ને અલી(અલ.) (2) અબ્દુલ્લાહ બિન ઉમર (3) અબ્દુર્રેહમાન બિન અબી બકર (4)અબ્દુલ્લાહ બિન ઝુબેર.

પરંતુ અબ્દુલ્લાહ બિન ઉમર ઇબાદતમાં પ્રવૃત રહે છે. જ્યારે બધા લોકો બયઅત કરી લેશે અને એ એકલો બાકી રહી જશે ત્યારે એ પણ બયઅત કરી લેશે. પરંતુ ઇમામ હુસૈન(અલ.)ને ઇરાકવાસીઓ બોલાવશે નહિ પરંતુ મદીનાથી બહાર કાઢીને મેદાનમાં લાવશે. જ્યારે તુ ઇમામ હુસૈન(અલ.) ઉપર જીત મેળવી લે તો તુ મને માફ કરી દેજે એટલા માટે કે તેમની સાથે નજીકનો સગાઇ સંબંધ છે. પરંતુ અબુબકરનો બેટો (અબ્દુર્રેહમાન) તો આખો દિવસ સ્ત્રીઓમાં રચ્યો પચ્યો રહે છે. ખેલ કૂદનો પણ શોખીન છે. તે સિવાય એનો જીવનનો કોઇ મકસદ નથી. જ્યારે એ જોશે કે એના સાથીઓએ કોઇ કાર્ય કર્યું છે. ત્યારે એ પણ તે કાર્ય કરી લેશે.

પરંતુ જે માણસ તારી સામે સિંહની જેમ હુમલો કરશે અને પછી શિયાળની જેમ તને છેતરશે, સમય જોઇને તારી ઉપર હુમલો કરી દેશે, તે અબ્દુલ્લાહ બિન ઝુબેર છે. તે જો હુમલો કરે અને તુ તેના ઉપર કાબુ પામી જાય તો તેના ટુકડે ટુકડા કરી દેજે. મઆવિયા એવું કહ્યા કરતો હતો કે જો હું યઝીદની મહબ્બતમાં ગિરફ્તાર ન હોત તો જરૂર હિદાયત ઉપર હોત.

# પ્રકરણ – ૫ : મઆવિયાનું મૃત્યુ અને યઝીદનું સત્તા સંભાળવું

જ્યારે મઆવિયા મરી ગયો ત્યારે યઝીદ દમિશ્કમાં ન હતો. જ્યારે તે આવ્યો ત્યારે તેની બયઅત લેવામાં આવી. બયઅત પછી તરત જ તેણે મદીનાના ગવર્નર વલીદ બિન ઉકબાને પત્ર લખ્યો. જેમાં હુકમ આપ્યો કે ઇમામ હુસૈન(અલ.), અબ્દુલ્લાહ બિન ઉમર અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરની ગમે તે ભોગે ધરપકડ કરવામાં આવે. આ ત્રણેને ત્યાં સુધી ન છોડવામાં આવે, જ્યાં સુધી તેઓ બયઅત ન લઇ લે.

યઝીદનો પત્ર મળતાં જ વલીદે મરવાનને બોલાવ્યો. તેની સાથે આ બાબત મશવેરો કર્યો. મરવાને મશવેરો આપ્યો કે તું આજે જ અને હમણાં જ આ લોકોને બોલાવીને તેમનાથી બયઅત લઇ

લે. જો તેઓ ત્રણે યઝીદની બયઅત લઇ લે તો ઠીક છે. નહીં તો તેમની ગરદન ઉડાડી દે.

વલીદે ઇમામ હુસૈન(અલ.)ને બોલાવ્યા અને તેમનાથી યઝીદની બયઅત માટે માંગણી કરી. હઝરતે ફરમાવ્યું: અન્ય લોકોને બોલાવો ત્યારે મને પણ બોલાવી લેજો. એટલા માટે કે મારા જેવી વ્યક્તિ એકાંતમાં છુપી રીતે બયઅત ન કરે. આમ કહીને આપ ઘરે ચાલી આવ્યા. (ઇબ્ને જવઝીએ અહીં ઘણાં જ ટૂંકમાં વર્ણન કર્યું છે. મરવાનની આ વાતનો મતલબ મરવાનના મશવેરાનું વર્ણન નથી કર્યું કે ઇમામ હુસૈન(અલ.)થી આજે અને હમણા જ બયઅત લઇ લે. તેમને દરબારમાંથી ઘેર જવાનો મોકો જ ન દે. જો તેઓ બયઅત ન કરે તો કતલ કરીદે. જેના ઉપર ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું હતું, તારી અને વલીદની શું હિમ્મત છે કે મને

કતલ કરી શકે. તારીખે તબરીએ આ વાતનું વર્ણન કર્યું છે. તબરી ભાગ-2 પેજનં. 19 એમ લાગે છે કે મરવાનના દામનને બચાવવા આ વાતનું વર્ણન ટાળ્યું(છોડી દીધું) હોય.) અબ્દુલ્લાહ બિન ઉમરે કહ્યું: જ્યારે અન્ય લોકો બયઅત કરી લેશે તો હું પણ બયઅત કરી લઇશ. આમ કહીને ઘરે ચાલી આવ્યા. અબ્દુલ્લાહ બિન ઝુબેરે હવે પછી કોઇ વખત બયઅત કરી લઇશ, કહી રાતોરાત મક્કા ચાલી નીકળ્યા. વલીદે (મદીનાનો ગવર્નર) ઇબ્ને ઝુબેરની પાસે તેના ભાઇ ઉમર બિન ઝુબેરને મોકલ્યા સાથે સંદેશો મોકલ્યો કે યઝીદે કસમ ખાધી છે કે તે તમારી બયઅતને ત્યાં સુધી સ્વીકારશે નહિ જ્યાં સુધી તમને સાંકળોમાં બાંધીને તેની સમક્ષ લાવવામાં ન આવે. તમે પાછા ચાલ્યા આવો. હું તમારી ગરદનમાં ચાંદીની ઝંજીર બાંધીને મોકલી

દઇશ. અબ્દુલ્લાહ બિન ઝુબેરે તેની વાત તરફ કંઇ પણ ધ્યાન આપ્યું નહિ.

ઇમામ હુસૈન(અલ.) પણ પોતાના બાલબચ્ચાં સાથે મક્કા તશરીફ લાવ્યા. જ્યારે કૂફાવાસીઓને આ વાતની જાણ થઇ તો તેઓએ પત્રો અને એલચી મંડળો મોકલવાના શરૂ કરી દીધાં. તેમા લખ્યું હતું કે આપ અમારા તરફ ચાલી આવો. અમે એક લાખના લશ્કર દ્વારા આપની મદદ કરીશું.

મને ઇબ્ને નાસીરે પોતાની સનદોથી યુનુસ બિન ઇસ્હાકથી રિવાયત કરી છે કે જ્યારે કુફાવાળાઓને માલુમ પડયું કે ઇમામ હુસૈન(અલ.) મક્કામાં આવી ગયા છે અને આપે યઝીદની બયઅત કરી નથી, ત્યારે કૂફાવાસીઓનું એક પ્રતિનિધિમંડળ મક્કા આપની ખિદમતમાં આવ્યું.

સુલેમાન બિન સુર્દ, મુસય્યબ બિન નખબા સાથે બીજા કૂફાના સરદારોના પત્રો આપને પહોંચાડયા. જેમાં લખ્યું હતું કે આપ અહીં તશરીફ લાવો અમે આપની બયઅત કરીશું. અમે લોકો યઝીદની તાબેદારીથી બહાર નીકળી ગયા છીએ. પ્રતિનિધિ મંડળે આમ પણ કહ્યું: કે અમે લોકોને આપની રાહ જોતા છોડીને આવ્યા છીએ. અમને ઉમ્મીદ છે કે આપના કારણે ખુદા અમને હક ઉપર એકત્રિત કરી દેશે. વળી લોકો ઉપર જે ઝુલ્મ વ સિતમ થઇ રહ્યો છે. તે પણ દૂર થઇ જશે. એટલા માટે કે યઝીદે ગાદી છીનવી લીધી છે. નેક લોકોની કતલ કરી છે. આપ ઇમામત માટે સર્વશ્રેષ્ઠ છો.

હઝરતે જનાબ મુસ્લિમ બિન અકીલને કૂફા રવાના કર્યા.

# પ્રકરણ – ૬ : ઈમામ હુસૈન (અલ.)નો મક્કાથી સફર અને શહાદત અને ઇબ્ને ઝિયાદના દરબારની વાતો

હઝરતે મુસ્લિમ બિન અકીલને કૂફા રવાના કરતાં ફરમાવ્યું કે જો કૂફાવાસીઓમાં એકતા હોય તો મને લખાણ કરજો. બધા જ ઇતિહાસકારો એકમત છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.) એ જનાબ મુસ્લિમને કૂફા રવાના કર્યા અને આ વાતની ખબર યઝીદને થઇ તો તેણે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદને કૂફાના હાકેમ મુકર્રર કર્યો. સાથે લખ્યું કે,

મને ખબર મળી છે કે ઇમામ હુસૈન(અલ.) ઇરાક તરફ જઇ રહ્યા છે. તમે તાત્કાલિક કૂફા પહોંચો અને દરેક રસ્તાની નાકાબંધી કરી દો. હોશિયારીથી કામ લેજો ગુમાન અને તોહમતના કારણે પણ લોકોને કેદ કરી દો.

આ તરફ જનાબ મુસ્લિમે ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખ્યો કે મારા હાથ ઉપર અઢાર હજાર કૂફાવાસીઓએ બયઅત કરી લીધી છે. જેથી આપ ઘણા જ જલ્દીથી કૂફા આવી જાઓ. ઇમામ હુસૈન(અલ.) મક્કાથી કૂફા તરફ ચાલ્યા, આ તરફ ઇબ્ને ઝિયાદે જનાબ મુસ્લિમને ગિરફ્તાર કરીને કતલ કરી દીધા.

જનાબ મુસ્લિમની કતલની ખબરથી અગાઉ ઇમામ હુસૈન(અલ.)એ કૈસ ઇબ્ને મસહરને જનાબ મુસ્લિમની પાસે રવાના કર્યા હતા. ઇબ્ને ઝિયાદે તેમને પણ ગિરફ્તાર કરી લીધા. હુકમ આપ્યો કે મિમ્બર ઉપર ઉભા રહીને કહો (મઆઝલ્લાહ) કઝ્ઝાબ ઇબ્ને કઝ્ઝાબ એટલે કે ઇમામ હુસૈન(અલ.)ને બુરાઇથી યાદ કરો. કૈસ મિમ્બર પર આવ્યા પછી કહ્યું:

અય લોકો! ઇમામ હુસૈન(અલ.) હાજર નામના સ્થળે આવી ગયા ગયા છે. હું હઝરતને છોડીને તમારા લોકો પાસે આવ્યો છુે. તેઓ તમારાથી મદદના તલબગાર છે. ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે એમને મહેલના ઉપરથી નીચે ફેંકી દેવામાં આવે. તરત જ હુકમ ઉપર અમલ કરવામાં આવ્યો. મહેલ ઉપરથી નીચે ફેંકી દેવામાં આવ્યા. તે જ વખતે આપ શહીદ થઇ ગયા.

જનાબ મુસ્લિમની શહાદતની ખબર જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને પહોંચી તો આપે પાછા ફરવાનો ઇરાદો કર્યો. આપની સાથે તે સમયે અવલાદે અકીલમાંથી પાંચ વ્યક્તિઓ હતી. તેમણે વિનંતી કરી, મૌલા! શું આપણે પાછા ફરી જઇએ? અમારા ભાઇને કતલ કરી નાખવામાં આવ્યા છે. (ઇબ્ને જવઝીએ જે ઢંગથી-પદ્ધતિથી આ ઘટનાનું

વર્ણન કર્યું છે. તારીખે તબરીમાં આ રીતે નથી. બલ્કે તેમાં છે કે અબીદુલ્લાહ બિન સલીમ અને નરી બિન મશઅલે જનાબ મુસ્લિમ અને કૈસની શહાદત પછી હઝરતની સેવામાં વિનંતી કરી આપ પાછા ચાલ્યા જાઓ, ત્યારે અવલાદે અકીલે કહ્યું, “અમે મુસ્લિમના લોહીનો બદલો લીધા સિવાય પાછા ફરીશું નહિ.” - તારીખે તબરી, ભાગ-6 પેજ નં. 225)

હઝરત ઇરાકની તરફ રવાના થયા. રસ્તામાં એક લશ્કર મળ્યું તો હઝરતે ફરમાવ્યું કે હું તો એટલા માટે આવ્યો છું કે મારી ઉપર લગાતાર તમારા પત્રો આવતા રહ્યા છે. લશ્કરીઓએ કહ્યું અમને તો કંઇજ ખબર નથી. જે આપ કહી રહ્યા છો. ઇમામ ત્યાંથી કરબલા તરફ ફરી ગયા. તે સમયે આપની સાથે પિસ્તાલીસ સવાર અને પગપાળા

માણસો હતા. (તારીખે તબરીએ મંઝિલે ઝુબાલાની ઘટનાઓમાં લખ્યું છે કે અબ્દુલ્લાહ બિન યકતરની શહાદતનો હાલ સાંભળ્યો તો આપે તમામ સાથીઓને પાસે બોલાવી એક ખુત્બો પઢ્યો. તેમાં લોકોને કહ્યું કે તમારામાંથી જે કોઇ જવા ઇચ્છે તે જઇ શકે છે ત્યારે લોકો ડાબી-જમણી બાજુ ચાલી ગયા. ફક્ત તે લોકો આપની સાથે રહી ગયા જેઓ મદીનાથી આવ્યા હતા.)

જ્યારે હઝરત કરબલા પહોંચી ગયા, ત્યારે ઇમામ હુસૈન(અલ.)એ ઉમર ઇબ્ને સઅદને કહ્યું, મને છોડી દે, હું કોઇક સરદહી ઇલાકા તરફ ચાલી જાઉં અથવા જ્યાંથી આવ્યો છું ત્યાં ચાલ્યો જાઉં અથવા મને યઝીદ પાસે જવા દે. (ઇબ્ને જવઝીનું આ કથન બરાબર નથી. ખરૂં આ છે કે આપે

યઝીદને મળવાની ઇચ્છા દર્શાવી નથી. જેવું કે ઉકબા ઇબ્ને સમઆનનું વર્ણન છે.)

તેણે કહ્યું: નહીં આ વાત હરગિઝ નહીં બની શકે. આ બુઝુર્ગી ગણાશે. હું ત્યાં સુધી તમને યઝીદ પાસે જવા દઇશ નહિ. જ્યાં સુધી મારા હાથ ઉપર યઝીદની બયઅત ન લેવામાં આવે. ઇબ્ને ઝિયાદે આ સમાચાર ઇમર ઇબ્ને સઅદને લખ્યા તો ઇબ્ને ઝિયાદે જવાબમાં ઉમર ઇબ્ને સઅદને લખ્યું કે,

“જો બયઅતથી ઇન્કાર કરે તો યુદ્ધ કરજો અને જો કતલ થઇ જાય તો તેમની છાતીને ઘોડાઓની ટાંપો વડે કચડી નાખજો. અને આ શેર કહ્યો, શેરના અનુવાદ.

હવે જ્યારે અમારો ઘોડાઓએ બેચેન કરી દીધા છે. તો છુટકારાની ઉમ્મીદ રાખે છે. જો કે હવે પનાહની કોઇ જગ્યા રહી નથી.”

ઇમામ હુસૈન(અલ.)એ તેના જવાબમાં ફરમાવ્યું: હું કદીપણ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદના હાથ ઉપર યઝીદથી બયઅત કરીશ નહિ. હઝરતે પોતાના અસહાબને ઇરશાદ ફરમાવ્યો.

"કે રાતના અંધારામાં મારો સાથ છોડીને ચાલ્યા જાઓ. મને એકલો જ રહેવા દો. અસહાબે જવાબ દીધો.અમે આપને છોડીને જઇશું નહિ. જે કંઇ તમારી ઉપર વીતશે અમારા ઉપર પણ વીતશે. આ તરફ યઝીદી ફોજના સિપાહી ઇમામ હુસૈન(અલ.) અને પાણીની વચ્ચે આડ બની ગયા. (મતલબ પાણી રોકી લીધું)

ઇમામ હુસૈન(અલ.)એ લોકોને ફરમાવ્યું: શું આ કૃત્ય કતલ તમારા માટે હલાલ છે? શું મારૂં ખૂન વહાવવું તમારા માટે હલાલ છે? શું હું નબી(સલ.) અને તેમના ચચાઝાદ ભાઇનો ફરઝંદ નથી? શું

મારા અને મારા ભાઇના માટે તમારા સુધી નબી(સલ.)ની આ હદીસ નથી પહોંચી કે મારા આ બંને ફરઝંદો જન્નતના જવાનોના સરદાર છે. જો તમે મારી વાતને સાચી માનો તો ઠીક છે નહીં તો જાબિર બિન અબ્દુલ્લાહ અનસારી, અબુ સઇદ ખુદરી અને ઝૈદ બિન અરકમથી પૂછી લો.

શિમ્રએ ઇમામની આ વાતોના ઉત્તર આપતાં કહ્યું: હું તો ખુદાની ઇબાદત એક “હુર્ફ” પર કરૂં છું આપ પોતે જ સમજી શકો છો કે શું કરી રહ્યા છો. સૌથી પ્રથમ તીર ઉમર બિન સઅદે ઇમામ હુસૈન(અલ.) ઉપર ફેંક્યું.

તે વખતે અલી બિન હુસૈન જંગમાં નીકળ્યા. તેઓ કહેતા જતા હતા કે હું અલી બિન હુસૈન બિન અલી છું. ખુદાના ઘરની કમસ! અમે શિમ્ર, ઉમર અને ઝિનાઝાદહના(યઝીદ)ના

મુકાબલામાં નબી(સલ.)થી વધારે નઝદીકી ધરાવીએ છીએ. તેમને કોઇ એક વ્યક્તિએ ભાલા વડે ઘા કર્યા. આપને કત્લ કરી દીધા. આ અલી અકબર હતા ઇમામ હુસૈન(અલ.)ના તંબુમાંથી એક નાનો બાળક ઇમામના ખોળામાં હજી બેઠો હતો કે એક વ્યક્તિએ તીર માર્યું કે બાળકને શહીદ કર દીધા. બાળક મૃત પામીને નીચે પડી ગયો.

ત્યાર બાદ તો ઇમામ હુસૈન(અલ.)ના અહલેબયત અને તમામ અસહાબને કતલ કરી નાખવામાં આવ્યા. આપ એકલા અટૂલા યઝીદી ફોજમાં ઘેરાયેલા રહી ગયા. આપ દુશ્મનોને પોતાનાથી દૂર કરી રહ્યા હતા. તે દરમ્યાન ઝરઆ બિન શરીકે આપના ખભા મુબારક ઉપર એક વાર કર્યો. બીજાએ હાથ પર વાર કર્યો. સનાન બિન અનસે આપની ઉપર હુમલો કર્યો. આપની ગરદન

ઉપર તીર માર્યું. ત્યાર બાદ છાતી ઉપર ભાલાની અણી ઘોંચી. આપ ઝમીન ઉપર આવી ગયા. પછી આપનું સર મુબારક ધડથી જુદું કરી નાખવામાં આવ્યું.

આ રિવાયત પણ છે કે ખુલી બિન યઝીદે સર ધડથી અલગ કર્યું હતું. શહાદત પછી લોકોએ આપના શરીર મુબારક ઉપર તેવીસ ઝખ્મ જોયા. (મોટા મોટા ઝખ્મ તેવીસ હોઇ શકે. નાના નાના ઝખ્મ તો અગણિત હતા.) તીરોનો એવો વરસાદ વરસાવવામાં આવેલો કે આપના કપડાઓ ઉપર તીરોથી ફાટી જવાના એક સો દસથી વધારે નિશાનો હતાં.

આપની શહાદત પછી આપના કપડાં તથા અન્ય સાધન સામગ્રીને દુશ્મનોએ લુંટી લીધી. ઇલાફઅ બિન નહશલીએ તલવાર લુંટી લીધી.

બહર બિન કઅબે પણ કપડાં વગેરે લઇ લીધું. હઝરતની ચાદર કૈસ બિન અશઅશે અને અમામો જાબિર બિન યઝીદ લુંટી લીધો. એક વ્યક્તિએ ફાતેમા બિન્તે હુસૈનની ચાદર છીનવી લીધી. વળી બીજા એક વ્યક્તિએ ઘરેણા ખેંચી લીધાં.

ઉમર બિન સઅદે અવાજ આપી જે વ્યક્તિ ઇમામ હુસૈનનું માથું લાવશે તેને એક હજાર દિરહમ આપવામાં આવશે. ઉમર બિન સઅદે હુકમ આપ્યો. ઘોડા ઉપર સવાર થઇને કોણ હુસૈન(અલ.)ની લાશને પાયમાલ કરશે. આ સાંભળતાં જ કેટલાક લોકો ઘોડાઓ સાથે આવ્યા. આપના મુબારક શરીરને ઘોડાઓના પગો નીચે પીસી નાખ્યું.

ઉમર સઅદે તે જ દિવસે ઇમામ હુસૈન(અલ.)ના સર મુબારકને કુફા રવાના કર્યું.

આપના અહલેબયતની સ્ત્રીઓ અને બાળકોને પણ ગિરફ્તાર કરીને કૂફા રવાના કર્યા.

જ્યારે આ કેદીઓ કત્લગાહથી પસાર થયા ત્યારે ઝયનબ બિન્તે અલીએ પોકારી પોકારીને કહેવાનું શરૂ કર્યું.

યા મોહંમદ મુસ્તફા(સલ.) આ હુસૈન(અલ.) ખૂનમાં લોથપોથ ઝમીન પર પડેલા છે, યા મોહંમદ મુસ્તફા(સલ.) આપની બેટીઓ ગિરફ્તાર થઇ ગઇ. આપના ખાનદાનના લોકોને કતલ કરી નાખવામાં આવ્યા. જેમના ઉપર ધૂળ ઉડી રહી છે.

જનાબે ઝયનબના આ વાક્યો સાંભળીને દોસ્ત અને દુશ્મનો બધા જ રડી પડ્યા. જ્યારે ઇમામ હુસૈન(અલ.)નું સર કૂફા પહોચ્યું તો તેને કૂફા ફેરવ્યા પછી લાકડી ઉપર ટેકવામાં આવ્યું.

રઝ બિન હબીરા કહે છે કે સૌ પ્રથમ જે સર લાકડી ઉપર ગોઠવવામાં આવ્યું તે હુસૈન બિન અલી(અલ.)નું સર હતું.

અબુલ હસીને પોતાની લગાતાર સનદો દ્વારા મોહંમદ બિન સીરીનથી નકલ કર્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)નું સર ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદની પાસે લાવવામાં આવ્યું, તો તેણે સરને એક થાળીમાં મૂકીને આપના હોઠ અને દાંતો ઉપર એક લગાવવાનું શરૂ કર્યું. વળી હઝરતની ખૂબસૂરતીના વિષયમાં પણ કંઇક કહ્યું. ત્યારે અનસે કહ્યું કે હુસૈન(અલ.) રસૂલે ખુદા(સલ.) થી ઘણા મળતા આવે છે. આ રિવાયત બુખારીની છે.

ઇબ્ને નાસીરે પોતાની સનદો દ્વારા અનસ બિન માલિકથી નકલ કર્યું છે કે હું ઇબ્ને ઝિયાદની પાસે હાજર હતો. જ્યારે ઇમામ હુસૈન(અલ.)નું સર

લાવવામાં આવ્યું. ઇબ્ને ઝિયાદે આપના સરને ચપ્પુ વડે મારવાનું શરૂ કર્યું. કહેતો હતો હુસૈન(અલ.) ઘણાં જ ખૂબસૂરત ચેહરા અને ખૂબસૂરત દાંતોના માલિક હતા. અનસ કહે છે કે મેં કહ્યું: હું તને જરૂર બુરો, કહીશ અય ઇબ્ને ઝિયાદ હુસૈન(અલ.)ના દાંત અને હોઠ જ્યાં તું છરી ફેરવે છે. જનાબે રસૂલે ખુદા તેના ઉપર ચુંબન લેતા હતા.

ઇબ્ને અલી દુન્યાએ પોતાની લગાતાર સનદો દ્વારા પોતાની રિવાયતને મમીદ બિન મઆઝ અને અમ્રુ બિન સહલથી નકલ કર્યું છે કે જ્યારે ઇબ્ને ઝિયાદ ઇમામ હુસૈન(અલ.)ના નાક પર છરી મારી રહ્યો હતો, ત્યારે અમે બંને પણ ત્યાં હાજર હતા તે વખતે એક સહાબી ઝૈદ બિન અરકમે કહ્યું: ઇબ્ને ઝિયાદ તારી છરીને હટાવી લે. એટલા

માટે કે જ્યાં તેં છરી મુકેલી છે મેં મારી આંખોથી જોયું છે. ત્યાં જનાબ રસૂલે ખુદા(સલ.)તેને ચુંબન કરતા હતા. ઇબ્ને ઝિયાદે કહ્યું: તમે મુર્ખ અને વૃદ્ધ પણ છો. તમારી અક્કલ બહેર મારી ગઇ છે.

ઝયદ બિન અરકમે કહ્યું: હું એક રિવાયત રજૂ કરી રહ્યો છું. જે તારા માટે ઘણી જ સખત છે. મેં જનાબ રસૂલે ખુદા(સલ.)ને જોયા કે પોતાની જમણી જાંઘ (સાથળ) ઉપર ઇમામ હસન(અલ.)ને અને ડાબી જાંઘ ઉપર ઇમામ હુસૈન(અલ.)ને બેસાડેલા છે. ત્યાર બાદ આપ(સલ.)એ બંને શાહઝાદાઓના માથા ઉપર હાથ રાખીને ફરમાવ્યું "પરવરદિગાર! હું આ બંને બાળકોને અને તેમના નેક બાપ અમીરૂલ મોઅમેનીનને તારી અમાનતમાં આપું છું."

અય ઇબ્ને ઝિયાદ તેં રસૂલે ખુદાની અમાનતની સાથે કેવો વર્તાવ કર્યો ?

ઇબ્ને અબી દીનારે પોતાની લગાતાર સનદો દ્વારા કબીલએ અઝદના એક વૃદ્ધ વ્યક્તિથી રિવાયત નકલ કરી છે કે

જ્યારે ઇમામ હુસૈન(અલ.)અને તેમના બાળકો અને ભાઇઓના બાળકો તથા સ્ત્રીઓને ઇબ્ને ઝિયાદની સમક્ષ લાવવામાં આવ્યાં. ત્યારે જનાબ ઝયનબ અલયહસ્સલામ*ની કનીઝોએ આપને ચારે તરફથી ઘેરી લીધાં. તો ઇબ્ને ઝિયાદે કહ્યું: આ કોણ છે? કોઇએ કંઇપણ ઉત્તર ન આપ્યો. તે ત્રણ વખત બરાડતો રહ્યો. પરંતુ જનાબ ઝયનબે તેની સાથે વાત ન કરી. તે વખતે એક કનીઝે કહ્યું: આ ઝયનબ બિન્તે અલી ઇબ્ને અબી તાલિબ(અલ.) છે.

ઇબ્ને ઝિયાદે કહ્યું: ખુદાનો શુક્ર છે કે તેણે તમને રૂસવા કર્યા. કતલ કર્યા અને તમારી વાતોને જુઠલાવી.

જનાબ ઝયનબ સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: ખુદાનો શુક્ર છે કે જેણે પોતાના નબી હઝરત મોહંમદ(સલ.)ના કારણે અમને મુકર્રમ મોઅઝ્ઝમ (આદરણીય અને પ્રતિષ્ઠિત) ફરમાવ્યાં. ઇબ્નેઝિયાદ! તું શું કહે છે? રૂસ્વા (બેઇઝ્ઝત)તો ફાસિક (ખુલ્લો ગુનેહગાર) થાય છે. અને જુઠ ફાજિર (દુષ્ટ, લંપટ) બોલે છે.

ઇબ્ને ઝિયાદે કહ્યું: અહલેબયતે રસૂલની સાથે ખુદાનો વર્તાવ કેવા જોયો?

જનાબ ઝયનબ સલામુલ્લાહ અલાયહાએ ફરમાવ્યું: ખુદાએ મારા અહલેબયત માટે કતલ થવું

મુકદ્દર કર્યું હતું અલ્લાહનો ફૈંસલો હતો, તેઓ પોતાની જગ્યાએ આવ્યા અને કતલ થઇ ગયાં.

થોડાક જ સમયમાં કયામતમાં અલ્લાહ તને અને તેમને એકત્ર કરશે તે વખતે તે લોકો ખુદા પાસે પોતાનો ફૈંસલો માંગશે.

ઇબ્ને અબી દીનારે પોતાની સનદથી મમીદ બિન મુસ્લિમથી રિવાયત નકલ કરી છે. અબ્દુલ્લાહ ઇબ્ને ઝિયાદે મસ્જિદે કૂફામાં ઉદ્બોધન કર્યું: કહ્યું કે ખુદાનો શુક્ર છે કે જેણે સત્યને અને સત્ય ઉપર ચાલનારાઓને પ્રભુત્વશાળી બનાવ્યા, અને અને અમારી મદદ કરી. જુઠા અને જુઠાઓના બેટાઓ (મઆઝલ્લાહ-અલ્લાહ માફ ફરમાવે. જ્યારે બદમાશો અને નાપાક લોકોના નાપાકી ભર્યા જુઠા શબ્દો કે શબ્દ પ્રયોગો આપણે લખવા જરૂરી થઇ પડે જે નેક અને સાલેહ લોકો માટે ઉચ્ચારાયા હોય

ત્યારે આ પ્રમાણે લખાય છે. પ્રથમથી જ અલ્લાહની માફી માંગી લેવામાં આવે છે) અને તેમના તાબેદારોને કતલ કર્યા.

આ સાંભળીને શ્રોતાઓમાંથી અબ્દુલ્લાહ બિન અફીક કુંદી ઉભા થઇ ગયા અને કહ્યું:

“અય ઇબ્ને કઝ્ઝાબ! જુઠા અને જુઠાનો બેટો તો તું છે, અને તારો બાપ પણ જુઠો છે. જેણે તને હાકેમ બનાવ્યો છે.”

જ્યારે શહાદતે ઇમામ હુસૈન(અલ.)ની ખબર હસન બસરીને પહોંચી તો તેઓ ખૂબ જ રડ્યા. તેમના ખભા ધ્રુજતા હતા. કહેતા હતા કે હાય ઝિલ્લત અને રૂસવાઇ ઝિનાખોરના બેટાએ ફરઝંદે નબી (સલ.)ને કતલ કરી દીધા.

કરબલાની ઘટના સાંભળીને રબીઅ બિન ખશીમે કહ્યું: અફસોસ કે આ લોકોએ પેગંબરના

એવા બેટાને કતલ કરી નાખ્યા કે રસુલ સફરથી પાછા ફરતાં તરત જ ઇમામ હસન અને ઇમામ હુસૈન(અલ.)ને પોતાના ગળે લગાવી દેતા હતા.

# પ્રકરણ – ૭ : ઈમામ હુસૈન (અલ.)ના સર મુબારકને શામ રવાના કરવું અને દરબારે યઝીદનિ કેટલીક ઘટનાઓ

ઇબ્ને ઝિયાદે ઝજર બિન કૈસને બોલાવ્યો. તેની સાથે ઇમામ હુસૈન(અલ.) અને આપના સાથીઓના સરોને યઝીદની પાસે મોકલી આપ્યાં. એટલામાં ઇબ્ને ઝિયાદની પાસે યઝીદનો સંદેશ લઇને એક માણસ આવ્યો. જેમાં લખ્યું હતું કે ઇમામ હુસૈન(અલ.)નો લુંટેલો બધો જ સામાન તથા આપના એહલેબયતના બાકી વ્યક્તિઓને મારી પાસે મોકલી આપે.

મને (અલ્લામા ઇબ્ને જવઝીને) અબ્દુલ વહ્હાબે પોતાની લગાતાર સનદો દ્વારા રિવાયત કરી છે અબુ વઝીઇએ કહ્યું કે જે ઊંટો ઉપર ઇમામ હુસૈન(અલ.)નું સર મુબારક અને બીજા શોહદાઓના

સરો યઝીદ પાસે લઇ જવામાં આવ્યા હતા. તે ઊંટોને જ્યારે ઝબહ કરવામાં આવ્યાં તો તેમનું ગોશ્ત ખૂબજ કડવું થઇ ગયું હતું. લોકો ખાઇને થુંકી નાખતા હતા.

જ્યારે ઇમામ હુસૈન(અલ.)નું સર મુબારક અને શોહદાએ કરબલાના બીજા સરો યઝીદની પાસે પહોંચ્યા, ત્યારે તેણે શામના મોટા મોટા અમીરોને, રઇસોને બોલાવીને પોતાની આસપાસ બેસાડ્યા. યઝીદે ઇમામ હુસૈન(અલ.)નું સર પોતાની સામે રાખ્યું. હાથમાં છરી લઇ બેઅદબી કરતો હતો. સાથે બોલતો હતો, અમે એવા લોકોના માથાંઓને કાપી નાખ્યાં જેઓ અમને ઘણા જ વહાલા હતા. પરંતુ તેઓ અમારી સાથે ખરાબ વર્તાવ કરતા હતા. અને ઘણો ઝુલ્મ કરતા હતા.

મને જાફર બિન અહમદ બિન સિરાજે પોતાની અતૂટ રિવાયતો દ્વારા ખબર આપ્યા છે કે કબસીયા ઓવેબ ખઝાઇએ વર્ણવ્યું. તે ઇમામ હુસૈનનું સર લઇને યઝીદની પાસે આવ્યો. જ્યારે તેણે માથાને યઝીદની પાસે મુકી દીધું ત્યારે યઝીદના હાથમાં એક લાકડી હતી. તે લાકડી વડે ઇમામ હુસૈન(અલ.)ના સર પર મારતાં શએર બોલ્યો,

**અરબી શએરનો અનુવાદ**

(1) અય જંગલના કાગડાઓ, જેમ તમારો જીવ ખુશ થાય તેમ બોલો. જે ધ્યેય સુધી પહોંચવાની ઇચ્છા હતી તે ધ્યેય પ્રાપ્ત થઇ ચૂક્યો છે.

(2) મારા તે મૃત્યુ પામેલા બુઝુર્ગો જેઓ બદરની લડાઇમાં કતલ થઇ ગયા હતા. તેઓ આજે જોઇ

શકતા હોત સિંહના લુંટાઇ જવાની અને ઝખમ ખાઇને પડી જવાની જગ્યાને.

(3) તો મને મુબારકબાદી આપત. વળી આપસમાં ખુશી મનાવત. લલકારીને કહેત કે અય યઝીદ રંજ કે ગમ ન કરતો.

(4) એટલા માટે કે આ લોકોએ બદરમાં અમારા નાના નાના સરદારોને કતલ કરી નાખ્યા હતા.

તો આજે અમે એ લોકોના મોટા મોટા ઇઝ્ઝતવાળા અને મજબૂત સરદારોને કતલ કર્યા છે.

(5) બની હાશિમે ફક્ત સત્તા પ્રાપ્ત કરવા માટે ઢોંગ રચ્યો હતો. ન તેમના ઉપર કોઇ વહી આવેલી કે ફરિશ્તો નાઝિલ થયેલો. (આ શએર યઝીદના કાફિર હોવાની સ્પષ્ટ દલીલ છે. જે વહીનો ઇન્કારી છે. પેગંબરે ઇસ્લામની વહી અને ફરિશ્તાઓના નાઝિલ થવાને ઢોંગ કહે છે.)

ઇબ્ને અબી દીનારે પોતાની લગાતાર સનદો દ્વારા ઝયદ બિન અરકમથી રિવાયત નકલ કરી છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)નું સર યઝીદની પાસે આવ્યું, ત્યારે હું ત્યાં હાજર હતો. યઝીદે એક અણીદાર લાકડી વડે રમત રમતા ઇમામ હુસૈન(અલ.)ના હોઠો ઉપર બેઅદબી શરૂ કરી, અને શેર બોલતો હતો. મેં યઝીદને કહ્યું: તારી લાકડીને ઇમામના હોઠો ઉપરથી ઉઠાવી લે. યઝીદે કહ્યું: તુ તુરાબી છે. (મતલબ તારી શું અવકાત છે.) મેં કહ્યુ:

મેં રસુલુલ્લાહ(સલ.)ને જોયા છે કે ઇમામ હસન(અલ.)ને પોતાની જમણી જાંઘ(સાથળ) ઉપર અને ઇમામ હુસૈન(અલ.)ને ડાબી જાંઘ ઉપર બેસાડ્યા છે. જમણો હાથ ઇમામ હસન(અલ.)ના માથા ઉપર અને ડાબો હાથ ઇમામ હુસૈન(અલ.)ના

માથા ઉપર રાખીને ફરમાવતા હતા કે હું તમને બંનેને અને સાલેહ મોઅમેનીનને ઉમ્મતની પાસે અમાનત રાખું છું. અય યઝીદ તું રસૂલ(સલ.)ની આ સંતાનો સાથે કેવો વર્તાવ કરી રહ્યો છે?

ઇબ્ને અબી દીનાર પોતાની લગાતાર સનદોથી અબુ જાફરથી નકલ કરે છે કે જ્યારે ઇમામ હુસૈનનું સર મુબારક યઝીદની સામે રાખ્યું હતું. તે સમયે ત્યાં અન્ય ઘણાં બધા સાથે અબુ બરઝહ અસલમી પણ હાજર હતા. ત્યારે યઝીદ લાકડી વડે ઇમામ હુસૈન(અલ.)ના હોઠ મુબારક ઉપર ચેનચાળા કરતો હતો. બેઅદબી કરતો હતો. શએર બોલતો હતો. યઝીદ લાકડી વડે ઇમામ હુસૈન(અલ.) હોઠો અને કપાળ મુબારક ઉપર લાકડીના ટકોરા કરતો હતો. જે અવયવો ઉપર પેગંબરે ઇસ્લામ ચુંબન કરતા હતા. પોતાના

નવાસાથી પ્યાર કરતા હતા. પેગંબરે ખુદા ઇમામ હુસૈન(અલ.)ના ચેહરા મુબારકના જે ભાગ ઉપર બોસો લેતા હતા, ત્યાં યઝીદ લાકડી વડે ઠપકારતો હતો. સુફિયાન કહે છે કે મને ખબર પહોંચી છે કે ત્યાર બાદ કહ્યું કે સુમય્યાની અવલાદ તો કાંકરાની જેમ જમીન ઉપર થઇ ગઇ છે પરંતુ રસુલની બેટીની અવલાદ પણ બાકી નથી રહી. (પેગંબરે ઇસ્લામના સમયની અવ્વલ જંગોમાં બની ઉમય્યા યઝીદના ખાનદાનની એકે એક વ્યક્તિ કતલ થઇ હતી. કુફ્ફારમાંથી જેમાં યઝીદના નાના, મામા, માસા, કાકા, દાદા, ફૂવા અનેક જહન્નમરસીદ થયા હતા. તે વાત યાદ કરે છે.)

મને અલી બિન અબ્દુલ્લાહ રાગોનીએ ખબર આપી તે પોતાની લગાતાર સનદો મારફત મુજાહિદથી નકલ કરે છે કે જ્યારે ઇમામ

હુસૈન(અલ.)નું સર મુબારક યઝીદ બિન મઆવિયાની સમક્ષ રાખવામાં આવ્યું ત્યારે તેણે અરબી શએર કહ્યા.

કાશ મારા બદરમાં કતલ થનારા બુઝુર્ગો આજે મોજૂદ હોત અને તેઓ લચકદાર ભાલાઓના ઘા પડવાથી સિંહના (ઇમામના) પડી જવાને જોઇ લેત તો કેટલા ખુશ થાત. ઘણી વધારે ખુશીની ઇચ્છા વ્યક્ત કરત. વળી ગયબના પરદામાંથી મને કહેત કે તારો હાથ શલ ન થાય, નકામો ન થાય.

મુજાહિદનું વર્ણન છે કે આ શએરો ઉચ્ચારીને યઝીદે પોતાની મુનાફેકતને ઉઘાડી કરી દીધી છે. ખુદાની કસમ(કરબલા પછી તો) યઝીદના દરેક સિપાહીએ તેનો સાથ છોડી દીધો. તેના ઉપર ધિક્કાર કર્યો તેને વગોવ્યો.

કિતાબના લેખક કહે છે કે ઇબ્ને ઝુલઅબરીએ પણ આ અશઆર કહ્યા હતા.

કાશ બદરમાં કતલ થનારા બુઝુર્ગો લચકદાર ભાલાઓના પડવાથી સિંહોને ભાગતા જોઇ લેત. જ્યારે જંગનું ઊંટ રસ્તા ઉપર બેસી ગયું (મતલબ જંગ ખતમ થઇ ગઇ) અને વહેલી સાવારે કબીલએ અબ્દ અલ અસલમાં કતલે આમના ગરમ બજારને જોયું તો અમે એમના બેગણા સરદારો ને કતલ કરી નાખ્યા અને બદરના મકતુલીનના (બદરમાં કતલ થયેલાઓનો) બરાબર કરવાનું ઇચ્છયું. તેજ પ્રમાણે બરાબર-સભર થઇ ગયું.

તેણે આ અશઆર એટલા માટે કહ્યા હતા કે મુસલમાનોના હાથ જંગે બદરમાં કુફ્ફારના ઘણાબધા અગ્રેશરોના કતલ થયા હતા. વળી

ઓહદમાં કુફ્ફારે મક્કાએ મુસલમાનોના ઘણાબધા માણસોને શહીદ કર્યા હતા.

અહીં યઝીદે આ અશઆરને ગવાહી રૂપે રજૂ કર્યા. જોકે યઝીદે ઇબ્ને ઝુલઅબરીને કેટલાક અશઆરને મારી મચકોડીને બગાડી પણ નાખ્યા હતા. યઝીદનું આ અશઆરને ગવાહી રૂપે રજૂ કરવું પોતાની ઝિલ્લત અને બદનામી માટે પૂરતું છે.

(વહાબીયતનો પ્રણેતા અને સ્થાપક કટ્ટર યઝીદી અને એહલેબયતે રસૂલના દુશ્મન એવા ઇબ્ને તૈમિયાએ લખ્યું છે. કે "કેટલીક રિવાયતોમાં છે કે દાંતોમાં છરી મારવાની ઘટના યઝીદ ઉપર લગાવી દેવાય છે. તે ગલત છે. કારણકે જે સહાબી તે ઘટના વખતે ત્યાં હાજર હતા. તેઓ દમિશ્કમાં ન હતા ઇરાકમાં હતા.

ઇબ્ને તૈમિયાનું આ કથન કંઇ કેટલીયે દલીલોના આધાર ઉપર ગલત સાબિત થાય છે. હોશિયાર અને ચાલાક લોકો આવા પ્રકારના પ્રેપેગંડા કરી યઝીદના પાત્રમાંથી ગુના ધોવા માંગે છે. અમુક નાની વાતોને શકના ઘેરાવમાં મુકી, મોટી મોટી ઘટનાઓ તરફ પોતાના અજાણ અને અજ્ઞાન અનુયાયીઓને શકથી જોતા કરે છે.

જેવી રીતે કે અત્યારના આપણા હિંદુસ્તાનના વહાબીઓએ એક વાત વહેલી મૂકી છે કે યઝીદનો ઇરાદો ઇમામ હુસૈન(અલ.)ને મારી નાખવાનો ન હતો આ તો ઇબ્ને ઝિયાદ અને ઇબ્ને સઅદનું કૃત્ય છે. યઝીદના બાપ મઆવિયાએ ઇમામ હસન(અલ.)ને ઝહેર અપાવી શહીદ કર્યા. પછી પોતાના પુત્રને વારંવાર વસીય્યત કરી હતી કે તારી હુકુમતને સ્થાયિત્વ મળે તે માટે જરૂરી છે કે

ઇમામ હુસૈનને ખતમ કરી દેવામાં આવે. સાથે બીજા પણ બે ત્રણ નામો બતાવ્યા હતાં. જેનું વર્ણન આગળ થઇ ચૂક્યું છે.

યઝીદને બચાવવાનું હિંદુસ્તાનના વહાબીઓ માટે એટલા માટે જરૂરી છે કે યઝીદ બચી જાય તો મઆવિયા તેના બાપ બચી જાય જેણે ઇસ્લામી ખિલાફત રાજાશાહી તરફ ફેરવી નાખી. વળી જો આ મલઉન મઆવિયા બચી જીય તો ખલીફાઓ બચી જાય. જે ખલીફાઓએ ઇસ્લામી જેહાદના નામથી તલવારનો ભરપુર ઉપયોગ કરી ઇસ્લામના નામ ઉપર કાળો ધબ્બો લગાવેલો છે. પેગંબરે ઇસ્લામે ઇસ્લામના પ્રચાર માટે તલવારોનો ક્યાંયે ઉપયોગ કર્યો નથી. આપ(સલ.)ના સમયની કોઇ એક લડાઇ પણ આક્રમણકારી લડાઇ નથી. આપ(સલ.)ના પવિત્ર યુગમાં લડાયેલી તમામ

લડાઇઓ સાચા અર્થમાં ઇસ્લામી જેહાદ હતી. જે રક્ષણાત્મક લડાઇઓ હતી. પેગંબરના સમયગાળાની તમામ લડાઇઓમાં દુશ્મનો સામે ચાલીને લડવા આવ્યા. મજબૂર થઇને પેગંબરે ઇસ્લામને પોતાના અને મદીનાની હિફાઝત માટે નીકળવું પડ્યું.

યઝીદના દાદા, નાના, કાકા, ફૂવા વગેરે બીજા બની ઉમય્યાના બધા જ સરદારો જેઓ બદર અને અન્ય જંગોમાં માર્યા ગયા તેઓના ય્ાૃત્યુ માટે પેગંબરે ઇસ્લામ જવાબદાર નથી. પેગંબરે ઇસ્લામે તો મજબુરીથી સ્વરક્ષણ માટે અલ્લાહના હુકમ સાથે લડવા નીકળવું પડ્યું હતું. બની ઉમય્યાના બધાં જ શેરખાંઓ અલીની તલવારથી જહન્નમમાં ગયા હતા. મઆવિયા અને યઝીદે પોતાના નાપાક કૃત્યો દ્વારા તથા ગંદી અને ગલીચ

રાજકીય પોલીસી દ્વારા પોતાના મનથી જાણે રસૂલ અને અલીની અવલાદને કતલ કરીને બદલો લીધો એમ સમજતા હતા. યઝીદની આ પ્રકારની વિચારધારા તેના કાફિર હોવાની અવ્વલ દરજાની સાબિતી છે. કુફ્ર અને મુનાફેકત સાથે કોઇ પણ નેક અમલ કામ આવતો નથી. કારણકે વહાબીઓ અને બીજા કેટલાક તેમના બગલબચ્ચાં જેવી જમાતો યઝીદને બચાવવા તેને કુર્આન પઢતો બતાવે છે. બલકે અઝાનની આવાઝમાં “મોહંમદુર્રસુલુલ્લાહ” સાંભળીને યઝીદ દાંત પીસ્તો હતો. યઝીદ ખુલ્લો મુનાફિક, ઝાની અને ઝાલિમ હતો.

એક વાત યાદ રાખવામાં આવે કે લઅનતીને લઅનતી ન માનનાર, ઝાલિમને ઝાલિમ ન માનનાર પણ ઝાલિમનો હિમાયતી

ગણાશે. તેના ગુનાહમાં ભાગીદાર ગણાશે. આ એક નિર્વવાદ સિદ્ધાંત છે.

જેવી રીતે આપણી કોર્ટોમાં કાતિલોને બચાવવા માટે વકીલો તગડી ફીસ લઇ ખૂનીઓને બચાવવા નિર્દોષ સાબિત કરવા જુઠ્ઠી જુઠ્ઠી દલીલો પેશ કરે છે. તે દલીલો વાંચતા અખબાર વાંચકને પણ બે ઘડી એમ થઇ જાય કે કદાચ આ વ્યક્તિ ખૂની નથી. કંઇક તેવી જ પરિસ્થિત યઝીદ-મઆવિયાના વકીલ ઇબ્ને તૈમિયાની પણ છે જો કે અત્યારે તો ઇબ્ને તૈમિયા સાથે પ્રેકટીસ કરીને નાના-નાના સેંકડો વકીલો સમાજમાં ફરતા થઇ ગયા છે. જેઓ મઆવિયા-યઝીદનાકરતૂતો ઉપર પરદો નાખવા માટે મસ્જિદોના મિમ્બરો તો ગજાવે જ છે. પરંતુ બજારોમાં ચકલે ચૌટે પણ યઝીદીયતનો પ્રચાર કરતા જોઇ શકાય છે.

ઇમાનના દુશ્મનો કુર્આન અને કિતાબોના પોટલાં ખભે પરોવીને બજારોમાં ફરતા દેખાય છે.

ઇબ્ને તૈમિયા કહે છે કે દાંતોમાં છરી મારવાની વાત ખોટી રીતે યઝીદ ઉપર થોપી દેવામાં આવી છે. કહે છે કે જે સહાબીની આ રિવાયતો છે. તેઓ તો દમિશ્કમાં મોજૂદ ન હતા ઇરાકમાં હતા.

ઇબ્ને તૈમિયાની આ દલીલ તદ્દન જુઠી અને યઝીદના કરતૂતો ઉપર પરદો નાખવાનું પહેલું પગથિયું છે.

કારણકે આ ઘટનાના પ્રત્યક્ષ જોનારા ફક્ત સહાબા જ નથી બલકે બીજા સેંકડો દરબારીઓ છે. ત્રેપન જેટલા તો ત્યાં ખબરપત્રીઓ મોજૂદ હતા. જેમાં ઇસાઇ પત્રકારો પણ મોજૂદ હતા. યઝીદનો દરબાર હજારોની સંખ્યામાં મુસલમાનોથી ચિક્કાર

હતો. આયોજન કરીને દમિશ્કના લોકોને દરબારમાં બોલાવવામાં આવેલા.

ઇમામ હુસૈન(અલ.)ની શહાદત કંઇ નાની સૂની શહાદત નથી. પંજતન પાંચ, મોહમ્મદ, અલી, ફાતેમા, હસન અને હુસૈન.

અલ્લાહ તેમના દરજાતને બુલંદ ફરમાવે. આ ઇમામ હુસૈન(અલ.) પંજતનની પાંચમી હસ્તી હતા. પંજતનમાંનુ છેલ્લુ નૂર.

પેગંબરે ઇસ્લામની શહાદતને હજી 50 જેટલાં વર્ષો પણ ગુજર્યા ન હતાં. દમિશ્ક શહેરના લોકો અને બાળકો તો શું? પરંતુ દમિશ્ક શહેરની બહાર દૂર દરાજ ઇલાકાના ગામડાના લોકો અને કિશોરો પણ દમિશ્ક તરફ ઉમટી પડ્યા હતા. વિશ્ર્વનો કોઇ ઇતિહાસકાર એવો નહિ મળે જેણે

ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની નોંધ નહીં લીધી હોય.

ઇબ્ને તૈમિયા યઝીદની ઇમામ હુસૈન(અલ.)ના દાંત મુબારક ઉપર છરી મારવાની ઘટના માટે ફકત સહાબાની રિવાયતનો ઇન્કાર કરે છે. પરંતુ હજારો બિન સહાબીઓ પ્રત્યક્ષદર્શી છે તેમનું શું?

ઇબ્ને તૈમિયાને આ ઘટનાનો વિરોધ કરવો હતો જેથી તેમણે અબુ ઝહેરા(સહાબી) અને અનસ (સહાબી)ની હાજરી ઇબ્ને ઝિયાદના દરબારમાં ઇરાકમાં બતાવી છે. જોકે કોઇ પણ ઇતિહાસકારે આ સહાબીઓની હાજરી ઇબ્ને ઝિયાદના દરબારમાં (ઇરાકમાં) બતાવી નથી. બલકે બધા જ ઇતિહાસકારોએ અબુ ઝહેરા અને અનસ બિન માલિકની હાજરીને યઝીદના દરબારમાં બતાવી છે.

ત્રીજી દલીલ આ પણ છે કે જેવી રીતે શહીદોના સરો, લુંટાયેલા સામાન અને ખાનદાને રસુલ(સલ.)ની મઝલૂમ સ્ત્રી બાળકો બધાં ઇરાકથી દમિશ્ક આવ્યાં. તેઓની સાથે સાથે આ બંને સહાબીઓ પણ ઇરાકથી દમિશ્ક આવી ગયા હોય. આ સહાબીઓનું આ મઝલુમોની સાથે કે આગળ કે પાછળ ફૂફાથી દમિશ્ક આવી જવું કોઇ મોટી વાત નથી. બીજા પણ સેંકડો લોકો આવ્યા હશે. તેમની સાથે આ સહાબા પણ આવ્યા હશે.

ઇબ્ને તૈમિયાની વાત ખોટી હોવાની ચોથી દલીલ આ છે કે સ્વંય ઇબ્ને જવઝીના રિસાલામાં યઝીદની ઇમામહુસૈન(અલ.)ના સર મુબારકથી બેઅદબી કરવાની એક જ રિવાયત નથી. આ બારામાં છ રિવાયતો તો ઇબ્ને જવઝીએ જ નકલ કરી છે. જે નીચે પ્રમાણે છે.

(1) અબ્દુલ વહ્હાબને પોતાની સનદથી લગાતાર રિવાયત કરેલી છે કે ઇબ્ને અવઝાએ કહ્યું કે યઝીદે સર મુબારકની સાથે બેઅદબી કરી અને શએર પણ બોલ્યો.

(2) જઅફર બિન અહમદ બિન સિરાજે પોતાની લગાતાર રિવાયતોથી કબીસા ઇબ્ને ઝવીલ ખઝાઇથી નકલ કર્યું છે કે હું સર લઇને યઝીદના દરબારમાં ગયો તેણે સરની સાથે બેઅદબી કરી અને અશઆર બોલ્યો. (જે અશઆર આગળ આવી ગયા છે.)

(3) ઇબ્ને અબી દીનારની રિવાયત છે કે જ્યારે સહાબી ઝૈદ બિનઅકરમે યઝીદને સર મુબારકની સાથે બેઅદબી ભર્યા ચેનચાળા કરતો જોયો તો રોક્યો.

(4) ઇબ્ને અબી દીનારે ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી રિવાયત નકલ કરી છે કે યઝીદે સર મુબારકથી બેઅદબી કરી અને પાંચ અશઆર કહ્યા તે વખતે અબુ બરઝહ અસલમીએ તેને રોક્યો.

(5) ઇબ્ને અબી દીનારે સાલીમ બિન અબી હફસાથી નકલ કરી છે કેજેમાં સર મુબારક સાથે યઝીદે કરેલી બેઅદબીનું વર્ણન છે.

(6) અબી બિન અબ્દુલ્લાહ શઉનીની રિવાયત મુજાહિદે કરી છે કે યઝીદે છરી વડે સરે અનવર સાથે બેઅદબી કરી અને ઇબ્ને ઝુલઅબરીના તે અશઆર જેમાં કાશકે મારા બદરવાળા બુઝુર્ગો હાજર હોત..... કહ્યા.)

# પ્રકરણ – ૮ : ઈમામ ઝયનુલ (અલ.) અહલેબયતની સાથે યઝીદના દરબારમાં આવવું અને મદીના વાપસ જવું

યઝીદે હુકમ આપ્યો કે એહલેબયતે રસૂલ(સલ.)ની સ્ત્રીઓ અને બાળકોને રસ્સીઓ વડે બાંધીને મારા સમક્ષ હાજર કરવામાં આવે જ્યારે આ લોકો યઝીદની સામે આવ્યા તો ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ઇરશાદ ફરમાવ્યો. (ઇમામ ઝયનુલ આબેદીન(અ.સ.) ઇમામ હુસૈન(અલ.)ના બેટા જેઓ બીમારે કરબલા કહેવાય છે. કરબલાની કરૂણાતિકા વખતે અલ્લાહની મસલેહત આપ બીમાર હતા. તંબુમાં સૂઇ રહ્યા હતા. મેદાને કરબલામાં આવી શક્યા નથી.)

“અય યઝીદ! તું શું વિચારે છે ? શું રસૂલે ખુદા જો અમને આ રીતે રસ્સીઓમાં બાંધેલા જોશે તો અમારી ઉપર રહેમ નહીં કરે!”

યઝીદે જવાબ આપ્યો: તમારા વાલીદે જ સગાઇસંબંધ નો કોઇ ખ્યાલ ન કર્યો અને મારી હુકુમત સાથે ટક્કર લીધી. (આનો મતલબ મારાથી બયઅત ન લીધી.) તેના બદલા રૂપે ખુદાએ તેમની સાથે આ વર્તાવ કર્યો. જેમકે તમે જોઇ રહ્યા છો.

એહલેબયતની મઝલૂમ સ્ત્રીઓ, દીકરીઓ અને બાળકો જે થોડાક દૂર બેઠા હતા. યઝીદે તેઓને પોતાની સામે બોલાવ્યા.

એટલામાં એક શામીએ ઉભા થઇને કહ્યું: “અય અમીરૂલ મોઅમેનીન! મને આ છોકરી બખ્શી દેવામાં આવે. એટલે કે ફાતેમા બિન્તે અલીને.” (તમામ બીજા ઇતિહાસકારોએ આ ઘટના સકીના

બિન્તે હુસૈન(અલ.)ના માટે લખી છે. અને સાચું પણ એ જ છે. કારણકે અમીરૂલ મોઅમેનીન (અલ.)ની કોઇ દીકરી આ રીતે કેદી બની ન હતી. શંકા અને ભૂલભાલ અલ્લામા ઇબ્ને જવઝીએ આ નામ લખી દીધું હોય.)

આ સાંભળીને તે છોકરી ધ્રુજી ઉઠી. કાંપતી થઇ ગઇ. અને જોયું કે આ લોકો આમ કરીને જ રહેશે તો મારૂં શું થશે? જેથી તે મોઅઝ્ઝમાએ પોતાની બહેનનો દામન પકડી લીધો.

જનાબે ઝયનબે કહ્યું: આય શામી! આ હક ન તને છે ન યઝીદને.

આ સાંભળીને યઝીદ અત્યંત ગુસ્સે થઇ ગયો. ઝયનબ તુ જુઠ બોલે છે. મને આ હક હાસિલ છે. જો હું ઇચ્છું તો કરી શકું છું.

જનાબ ઝયનબે ફરમાવ્યું: અય યઝીદ તુ હરગિઝ આમ નથી કરી શકતો. ખુદાએ તને આ હક નથી આપ્યો. અહીં સુધી કે તું અમારા દીનથી નીકળી જાય.

ત્યાર બાદ યઝીદે ઇમામ હુસૈન(અલ.)ના એહલેબયતને મદીના મોકલી આપ્યાં. ઇમામ હુસૈન(અલ.)ના સર મુબારકને મદીનાના ગવર્નર અમરૂ બિન સઇદ બિન આસની પાસે મોકલી આપ્યું. અમરૂએ સરને લીધું પોતાની સામે મૂક્યું. ઇમામ હુસૈન(અલ.)નું નાક પકડ્યું ત્યાર પછી હુક્મ આપ્યો કે આ સરને દફન કરી દેવામાં આવે. ઇમામના સર મુબારકને જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની કબરની પાસે દફન કરી દેવામાં આવ્યું. મોહંમદ બિન ઇસ્હાકે આ ઘટનાને આ જ રીતે વર્ણન કરી છે.

ઇબ્ને અબી દીનારે હદીસે ઇસ્માન બિન અબ્દુર્રેહમાનમાં મોહંમદ બિન ઉમર બિન સાલેહથી રિવાયત કરી છે કે તે લોકોએ ઇમામના સર મુબારકને યઝીદના ખઝાનામાં જોયું ત્યારે તેને કફન પહેરાવીને દમિશ્કમાં બાબુલ ફિરદોસની પાસે દફન કરી દીધું.

પરંતુ આ વાત ઉસ્માન અને મોહંમદ બંને મોહદ્દેસીનની (હદીસવેત્તાઓની) દ્રષ્ટિમાં વિશ્વાસપાત્ર નથી. તેમની શોધખોળમાં પ્રથમ રિવાયત વધારે સાચી છે.

મને ઇબ્ને નાસીરે પોતાની લગાતાર રિવાયતો દ્વારા ઇમામ મોહંમદ બાકિર(અલ.)ની હદીસ નકલ કરી છે. જ્યારે એહલેબયતે ઇમામ હુસૈન(અલ.) મદીના પાછાં ફર્યાં અબ્દુલ મુત્તલિબની બેટીઓમાંથી એક ઇઝ્ઝતદાર ખાતુન

બાલ વિખરાયેલા, હાથો માથા ઉપર મુકીને રડતાં રડતાં આવી. કલ્પાંત કરતી હતી અને કહેતી હતી.

“જ્યારે નબીએ કરીમ(સલ.) તમને કહેશે કે તમે આખરી ઉમ્મત હતા. તમે મારા પછી મારી એહલેબયતની સાથે આ કેવો વર્તાવ કર્યો. તો તમે લોકો શું ઉત્તર આપશો? હાય એમનામાંથી કેટલાક ગિરફ્તાર થઇ ગયા, કેટલાક કતલ ખૂનમાં લોથપોથ થઇ ગયા. મેં તો તમને નસીહત કરી હતી. તેનો આ બદલો તો ન હોવો જોઇએ કે મારા પછી મારા સગાંવહાલાં સાથે આવો બુરો વર્તાવ કરો.”

ઇબ્રાહીમ નખફી કહે છે કે જો હું આ લોકોની સાથે ગયો હોત તો આજે જન્નતમાં દાખલ થઇ ગયો હોત, જેમણે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કર્યા હતા તેમના હાથે હું પણ કતલ થઇ જાત, અને જ્યારે

રસૂલે ખુદાની મુલાકાત થાત તો મને શરમ તો ન આવત. ખરેખર કાતિલોએ ઇમામ હુસૈન(અલ.) અને તેમના સાથીઓ ઉપર અનહદ ઝુલમો કર્યા.

ઇબ્ને અબી દુન્યા પ્રખ્યાત હદીસવેત્તા વર્ણવે છે કે ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમાને ઇમામ હુસૈન(અલ.)ના કતલ થયાની ખબર પહોંચી તો ઇરશાદ ફરમાવ્યો. શું આ લોકોએ રસુલ(સલ.)ના બાલ-બચ્ચાં, સગાવાહાલાં અને સંબંધીઓ સુધ્ધાંને કતલ કરી દીધાં. (ઇતરતે રસૂલ(સલ.)). ખુદા એમની કબરોને આગથી ભરી દે. આમ કહીને બેહોશ થઇને પડી ગયાં.

અબુ મનસુર ફિરાઝે પોતાની લગાતાર રિવાયતો દ્વારા નકલ કર્યું છે કે ઇબ્ને અબ્બાસે જણાવ્યું કે મેં બપોર પછીના સમયગાળામાં જનાબે રસૂલે ખુદા(સલ.)ને સ્વપ્નમાં જોયા કે આપ ધૂળમાં

રગદોરાયેલા છે. પરેશાન હાલ છે. હાથમાં શીશી છે. મેં વિનંતિ કરી કે હુઝુર આપ આટલા પરેશાન અને હાથમાં આ શીશી? તો હઝરતે ફરમાવ્યું કે, આ શીશીમાં હુસૈન(અલ.) અને અસહાબે હુસૈન(અલ.)નું લોહી છે. હું આજે સવારથી અત્યાર સુધી તેને એકત્ર કરી રહ્યો છું."

પાછળથી મેં દિવસોનો હિસાબ લગાવ્યો. તો મારા સ્વપ્નનો તે જ દિવસ હતો. જે દિવસે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરવામાં આવ્યા હતા.

ઉમર બિન સઅદ અને અબીદુલ્લાહ બિન ઝિયાદના ઝુલમી કૃત્યો માટે કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. કારણકે આ લોકોએ જે કંઇ કર્યું છે. તે બની બેઠેલા ખલીફાના ગવર્નર અને લશ્કરના સેનાપતિ તરીકેના હોદ્દાની રૂએ યઝીદના હુકમ ઉપર અમલ કર્યો છે. (અત્યારના વહાલી સંઘ પરિવાર

ઓલમાએ દેવબંદ, જમીઅતુલ ઓલમાએ હિંદ, તબ્લીગી જમાત, એહલે હદીસ જમાત, જમાતે ઇસ્લામી વગેરે સંગઠનો યઝીદના બચાવમાં તેના ડાઘને ધોવા માટે કહે છે કે યઝીદ એમ ઇચ્છતો ન હતો કે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરી નાખવામાં આવે પરંતુ ઇબ્ને સઅદ અને ઇબ્ને ઝિયાદે યજીદના હુકમ વગર ઇમામ હુસૈન(અલ.)ની કતલ કરી નાખી. આ આલિમોની કેટલી મોટી ધોખાબાજી છે. આવા છળકપટ દ્વારા ચાલાકી પૂર્ણ ગલત બયાની કરીને પોતાને નેક દીનાદાર અને પરહેઝગાર સમજતા આ આલિમો પોતાનાં અભણ અને અજાણ અનુયાયીઓને છેતરી રહ્યા છે. આ લોકો ઇતિહાસમાં એવું બતાવી શકે છે કે યઝીદે આ ગવર્નર અને સેનાપતિને ઠપકાર્યા હોય, હોદ્દા ઉપરથી પદભ્રષ્ટ કર્યા હોય કે તમે મારા હુકમ

વગર શા માટે ઇમામને કતલ કરી નાખ્યા? બલકે કાતિલોની કતલ કરનારા, મદદ કરનારા બધાની યઝીદે ઇઝ્ઝત કરી છે. દરબારે યઝીદમાં આ લોકોનું માન વધ્યું છે. વહાબી સંઘ પરિવારના આ આલિમો જાણે છે કે જો યઝીદનો ડાઘ ધોવામાં નહીં આવે તો પરદો ઉઠતો જશે અને આ રેલો પ્રથમ ત્રણ ખલીફા સાહેબોની નીચે ફેલાઇ જશે. પોતાના અકીદાની ઇમારતને ઘણું નુકશાન પહોંચશે. આ લોકોએ યઝીદના બચાવમાં ઘણી કિતાબો લખી છે હજી પણ લખાય છે.)

યઝીદની બર્બરિયત અને ઝુલ્મ જેની કોઇ ઇતિહાસમાં મિષાલ મળવી મુશ્કેલ છે. તે પણ યઝીદ(દેખાવ પૂરતો હુકુમત કરવા પૂરતો) જે નબીનો કલિમો પઢતો હતો તે નબીના નવાસા સાથે આવો બુરો વર્તાવ કે ભૂખા અને પ્યાસા ત્રણ

દિવસ સુધી રાખીને તેઓને મારી તો નાખ્યા. તેમની લાશોની પણ બેઅદબી કરી. છ માસના બાળકથી લઇને એંસી વર્ષના વૃદ્ધને પણ શહીદ કર્યા. યઝીદે ઇમામના ચેહરા મુબારક ઉપર છરી વડે બેઅદબી પણ કરી. આ એવી હકીકતો છે કે ઓલમાએ ઇસ્લામ લાખ કોશિશ કરે કે યજીદ બચી જાય પરંતુ આ વાત શક્ય જ નથી. અને એ વાત જાઇઝ પણ નથી કે આટલા ભયંકર ગુનેગારને છાવરવામાં આવે. તેના ગુનાને ઓછો કરવા-હલકો બનાવવા કોશિશ કરવામાં આવે. બલકે આવું કૃત્ય પોતે એક ગુનો ગણાશે.

શું ખારજીઓ સાથે પણ આવો વર્તાવ જાઇઝ છે? શું શરીઅતમાં આમ નથી કે તેમની નમાઝે જનાઝા પઢીને તેમને દફનાવવામાં આવે.

શું શરીઅતનો આવો હુકમ નથી? કે જો તકલીફો પહોંચાડવામાં આવી છે તો તેના પહોંચાડનાર ઉપર, તે ગુનો કરનાર ઉપર લઅનત કરવામાં આવે.

જો યઝીદ એમ ઇચ્છતો ન હોત કે ઇમામને કતલ કરવામાં આવે તો...

(1) પ્રથમ તો તેમનું સર દમિશ્ક લાવવાનો હુકમ જ ન આપત.

(2) કતલ કરનારને, તેનો હુકમ કરનારને સજા કરત કમસે કમ સજા પદભ્રષ્ટ તો કરત.

(3) તેમના ઘરના માણસોને રસ્સીથી બાંધીને પોતાની સમક્ષ હાજર ન કરત.

(4) સર મુબારક અગર યઝીદ પાસે તેના માંગ્યા વગર પહોંચી જ ગયું તો તેનો એહતેરામ કરત, ઇઝ્ઝત કરત.

(5) નમાઝે જનાઝા અદા કરી તેના દફ્નનો હુકમ આપત.

(6) થાળીમાં મૂકીને છરી તો ન જ મારત.

કતલ થઇ ગયા પછી યઝીદનો મતલબ તો પૂર્ણ થઇ ગયો હતો. છતાંય આવી જંગાલીયત કરવી એના દિલનો કીનો બતાવે છે. એના કીનો એને કુફ્ર સુધી પહોંચાડી દે છે. એના અશઆર પણ એના કુફ્રનો પુરાવો બને છે.

બદરમાં યઝીદના દાદા(અબુ સુફિયાન)ના બધા જ સગાઓ બલકે મોટા મોટા અગ્રેશરો માર્યા ગયા હતા. યઝીદના મોશાળ પક્ષના તમામ માણસોનો બદલો યઝીદે કરબલામાં લીધો અને “કાશ કે મારા બદરવાળા બુઝુર્ગો આ વાત જાણી લેત કે મેં તેમનો બદલો લઇ લીધો છે.” આ શએર અને એના તમામ કામો યઝીદના કુફ્રની સાબિતી

છે. (ખુદાની બેશુમાર સિફતોમાંથી (ગુણોમાંથી) અદ્‌લ પણ તેમાં દાખલ છે. આપણે અદ્‌લને “ઉસૂલે દીન” બનાવ્યો છે. શા માટે? મુસલમાનો તો ફક્ત ત્રણ ઉસૂલમાં માને છે. તવહીદ, નબુવ્વત અને કયામત જ્યારે આપણે પાંચ ઉસૂલોમાં માનીએ છીએ. મુસલમાનોની બહુમતિ કહે છે કે અલ્લાહની તો અસંખ્ય સિફતો છે. તેમાંથી ફક્ત અદ્‌લને જ શા માટે ઉસૂલે દીનમાં દાખલ કરવામાં આવે? આ વાતમાં પણ એક ભેદ છે. શીયા ફિરકા સિવાયના બીજા ઇસ્લામી ફિરકાઓએ કેટલાક એવા અકીદા ઘડ્યા છે કે જો તેઓ અદ્‌લે ઇલાહીને માનવા જાય તો પેલા પોતે ઘડીને દીનમાં દાખલ કરેલા અકીદાઓથી હાથ ધોવા પડે એમ છે. આ પણ તેમનું રાજકારણ છે કે અદ્‌લને માની લે તો એમના અકીદાના પાયાના સિદ્ધાંતો હાલી ઉઠે છે. આખી

અકીદાની ઇમારત પડી જાય છે. આલોકોની માન્યતા છે કે, અલ્લાહ આ વાત પર કાદિર(શક્તિમાન) છે કે એક નબી અથવા એક મોમિનને જહન્નમમાં નાખીદે અને એક કાફિર, ફાસિક અથવા બદકારને જન્નતમાંદાખલ કરી દે. નહીં તો તે દરેક વસ્તુ ઉપર શક્તિમાન કેવી રીતે સમજવામાં આવશે. હવે આ વાત ઉપર વિચારો કે ખુદાની કુદરતના અસ્તિત્વને સાબિત કરવા માટે અદ્‌લનું ખૂન કરવામાં આવે છે. આ રીતે ખુદાને કાદિરે મુતલક (સર્વ શક્તિમાન) માનીને તેનામાં ઝુલમનો ગુણ પેદા કરવામાં આવી રહ્યો છે. (અલ અયાઝો બિલ્લાહ) આવી માન્યતા ધારણ કર્યા પછી અક્કલનું પણ દેવાળું કુંકાઇ જશે. બહુમતિની આ માન્યતાના ઉંડાણમાં પણ સિયાસત રહેલી છે. સૌથી મોટો રાજરમતનો મુદ્દો આ છે કે યઝીદ જેવા

ઇન્સાનિયતના દુશ્મન, કાફિર, ઝાલિમ, શરાબી, ઝાનીને પણ બખ્શી શકાય છે. આ બાદશાહોનો દીન છે. રાજકારભારીઓનો દીન છે. આવો અકીદો સ્વીકારતાં આ વાત સાથે આંખ આડા કાન કરવામાં આવ્યા, કે પછી તો અદ્લે ઇલાહી ઉપર બંદાઓનો વિશ્વાસ ઉઠી જશે. વળી પછી તો કોઇ નેક અમલની જરૂરત પણ રહેશે નહિ. બંદાને પોતાના કાર્યો પર મજબુર સમજવામાં આવ્યો. પરંતુ એવો ખ્યાલ ન કર્યો કે જો બંદો પોતાના કાર્યો ઉપર મજબુર છે તો પછી જઝા કે સજા કેવી? જો ખુદા કોઇ બંદાને જાતે પોતે જ કતલ કરાવે છે તો પછી તેને કાતિલને સજા આપવાનો શું હક છે. જો સઝા આપે છે તો અલ્લાહ ઝાલિમ ગણાશે. બહુમતિ મુસલમાનોના દરેક મસઅલામાં બાદશાહતોના ફાયદા ગેરફાયદા રહેલા હતાં. આ બાદશાહોનો દીન છે. ઇમરાનાનો

કેસ- કે જો વહુ ઉપર સસરો બળાત્કાર કરે તો પછી વહુ તેના દીકરાના નિકાહમાંથી નીકળી જાય છે. સસરાની પત્ની બની જાય. જો ઇસ્લામનો આવો મસઅલો હોય તો ખુદા ઝાલિમ જ ગણાશે. કારણકે બળાત્કાર કરે છે બાપ અને વહુ દીકરા બંને ઉપર ઝુલ્મ થાય. આ પણ યઝીદ પછી સત્તા ઉપર આવનાર બાદશાહોના કૃત્યને હલાલ બનાવવા માટે ઇસ્લામના સિદ્ધાંતોનું ખૂન થયું છે. કોઇ બાદશાહને દીકરાની પત્ની આપી દેવા માટે રાજકારણીય આલિમોએ ઇસ્લામના મૂળિયા જ કાપી નાખ્યાં. એવા ફતવા આપ્યા. આજે પણ આ આલિમોની વફાદારી નબી(સલ.) સાથે કે અલ્લાહ સાથે નથી. બલકે આપણા અર્વાચીન આલિમો અબુ સુફિયાન, મઆવિયા અને યઝીદને વધારે વફાદાર છે. અલ્લાહ બદનામ થતો હોય તો થાય. કે, રસુલના

મા-બાપને જહન્નમી કહેવાતા હોય તો કહેવાયા કરે, પેગંબર ઉપર તોહમત આવતી હોય તો આવ્યા કરે, ઇસ્લામ ઉપર છરી ફરતી હોય તો ફર્યા કરે. ઇસ્લામની બદનામી અમને મંજૂર છે. પરંતુ પ્રથમ ત્રણ ખલીફાઓ અને મઆવિયા યજીદની વફાદારી અમે છોડવાના નથી.)

# પ્રકરણ – ૯ : વાકેયએ હિર્રહ

હિજરી સન 62 શરૂ થઇ તો યઝીદે ઉસ્માન (યઝીદનો પિતરાઇ ભાઇ થાય. મલઉન મઆવિયાના ભાઇનો છોકરો.) બિન મોહંમદ બિન અબી સુફિયાનને મદીનાનો હાકેમ નિયુક્ત કર્યો. તેણે હાકેમ બન્યા પછી મદીનાથી એક પ્રતિનિધિ મંડળ દમિશ્ક રવાના કર્યું. આ પ્રતિનિધિ મંડળને યઝીદે ભેટ સોગાદો અને દરેકને નાણાં પણ ભેટમાં આપ્યા છતાંય જ્યારે આ પ્રતિનિધિ મંડળ મદીના પરત આવ્યું તો તેમણે યઝીદને ગાળો આપવાનું શરૂ કર્યું. આ પ્રતિનિધિ મંડળના માણસોએ મદીનાની ગલી કુંચીઓમાં, ચકલે ચૌટે ગમે ત્યાં અહીં સુધીકે મસ્જિદે નબવીમાં પણ યઝીદની ખુલ્લા શબ્દોમાં બુરાઇ શરૂ કરી દીધી.

લોકોને જણાવ્યું કે અમે એક એવા વ્યક્તિ પાસેથી આવીએ છીએ જેનો દીન બાકી નથી. શરાબ પીએ છે. તંબુરા વગાડે છે. ઝિનાખોરીમાં રચ્યો પચ્યો રહે છે. કુતરાઓ સાથે રમતો રહે છે. અમે તમને લોકોને સાક્ષી બનાવીએ છીએ અને તેને ખિલાફતથી ઉતારી નાખીએ છીએ.

મનઝર જેઓ પ્રતિનિધિમંડળમાં આગેવાન હતા તેમણે જાહેરમાં વર્ણન કર્યું કે યઝીદે મને એક લાખ દિરહમ આપ્યા છે. છતાંય હું ખુદાની કસમ ખાઇને કહું છું કે જે વર્તાવ ભેટ સોગાદો તેણે અમારી સાથે વર્ત્યો છે તે મને આ વાતથી નથી રોકી શકતો કે હું સાચી વાતોના વર્ણનથી રોકાઇ જાઉં, તેમણે જાહેર સભામાં ઉંચા અવાજે જણાવ્યું.

“ખુદાની કમસ! યઝીદ શરાબમાં મસ્ત રહે છે. નશામાં નમાઝ તો પઢતો જ નથી. એટલો મસ્ત

થઇ જાય છે. ઝિના કરે છે, કુતરાઓ સાથે રમત રમે છે.

પ્રતિનિધિ મંડળના દરેક પ્રતિનિધિએ ખુદાને ગવાહ રાખીને મસ્જિદે નબવીમાં, જાહેર સભાઓમાં, મસ્જિદની બહાર, મદીનાની બજારો, ગલી કુંચીઓમાં અહીં સુધી કે આસપાસની વેરાયેલી ગામડીયા વસ્તીમાં પણ યઝીદની બધી જ બુરાઇઓના બયાનો કર્યા. (મદીનાના કિશોરો સુધ્ધાં આ વાતો સાંભળતા હતા. તેઓએ પણ યુવાન થયા પછી અને મોટા યુવાનોએ પણ પોતાની હયાતીમાં કરેલા સેંકડો વર્ણનો યઝીદની બુરાઇના હોવા છતાં કોણ જાણે શા માટે આ વહાબી સંઘ પરિવારની જમાતો યઝીદને બચાવવા આકાશ-પાટાળ એક કરે છે. એમને યઝીદ સાથે મહબ્બતની શું ગાંઠ બંધાઇ ગઇ છે.)

મદીનામાં યઝીદનો વિરોધ ખૂબ જ વધી ગયો. વૃદ્ધ સહાબાઓ અને તાબેઇન તથા તબેતાબેઇન (સહાબીને જોનારને મુસલમાનો તાબેઇન કહે છે. અને તાબેઇનને જોનારને મુસલમાનો તબેતાબેઇન કહે છે.) સર્વ એકત્ર થયા બધાએ અબ્દુલ્લાહ બિન હનઝલહ ગસીલના હાથ ઉપર બયઅત કરી. અને યઝીદે મુકર્રર કરેલા આમિલ (ગવર્નર)ઉસ્માન બિન મોહંમદને મદીનાથી બહાર ધકેલી દીધો. પદભ્રષ્ટ કર્યો.

ઇબ્ને હનઝલાએ લોકોને એમ પણ કહ્યું કે "ખુદાની કમસ! અમો તો આવા ભયથી દમિશ્કથી જલ્દી ચાલી આવ્યા કે કંઇ આસ્માન ઉપરથી અમારા ઉપર પથ્થરોનો વરસાદ ન વરસી પડે. ચોક્કસ યઝીદ એવો વ્યક્તિ છે. જે માઓ સાથે, બહેનો સાથે અને બેટીઓ સાથે નિકાહ કરે છે.

શરાબ પીએ છે. નમાઝ છોડી દે છે. ખુદા કમસ!જો મારી સાથે કોઇ નહીં હોય તો પણ હું એકલો પણ યઝીદનો વિરોધ કરવામાં મને ગમે તેટલી તકલીફ-મુસીબતો વેઠવી પડે તે વેઠવા, સહન કરવા તૈયાર છું."

અબુલ હસન મદાઇની કહે છે કે અબ્દુલ્લાહ બિન હનઝલા મદીના બહાર પણ એક વિશ્વાસપાત્ર અને પ્રમાણિક માણસ ગણાતા હતા. લોકો તેમને પકડીને મસ્જિદે નબવીમાં મિમ્બરે રસૂલની પાસે લાવ્યા. પછી તમામ મદીનાએ યઝીદની બયઅતનો પટો ગળામાંથી ઉતારી નાખ્યો.

તેમણે યઝીદની બુરાઇઓ વર્ણન કર્યા પછી કહ્યું કે હું તમને કહી રહ્યો છું કે યઝીદે જો કે મારી સાથે સારો વર્તાવ કર્યો છે. મને સારૂં એવું ઇનામ

પણ આપ્યું છે. પરંતુ અફસોસ સાથે કહું છું કે તે દુશ્મને ખુદા ઘણો જ મોટો શરાબી અને ઝાની છે.

મદીનાની આ ખબરો યઝીદને પહોંચી. તેણે મુસ્લિમ બિન ઉકબાને બોલાવ્યો. કહ્યું કે હમણાં જ લશ્કર સાથે મદીના પહોંચ્યો. મદીના વાસીઓએ બળવો કર્યો છે. ત્રણ દિવસ સુધી મદીના વાસીઓને દઅ્વત આપજો કે મારી તાબેદારી ઉપર પાછા ફરે. જો તેઓ મારી તાબેદારી ઉપર આવી જાય તો ઠીક છે. નહીં તો જંગ કરજો. જ્યારે તેમના ઉપર પ્રભુત્વ પામી લો તો લશ્કરને ત્રણ દિવસ માટે તમામ પ્રકારની લુંટમાર કરવાની છૂટ આપી દેજો. મદીનામાં જે કંઇ માલ સામાન અને હથિયારો, ખાવા-પીવાની ચીજો મળે તે બધુંજ ફોજના માટે હલાલ છે, જાઇઝ છે. જ્યારે ત્રણ દિવસ પસાર થઇ જાય તો ફોજને લુંટમારથી રોકી લેશો.

હુકમ મળતાં જ એક વિશાળ ફોજ સાથે મુસ્લિમ બિન ઉકબા મદીના ઉપર ચઢી આવ્યો. મદીનાવાળાઓ પાસે તો લશ્કર જ ક્યાં હતું કે મુકાબલો કરે. મદીના ઉપર સીધો હુમલો જ કરી દીધો. ત્રણ દિવસ સુધી યઝીદી લશ્કરે બધા પ્રકારની છૂટ મળી ગઇ. આ લોકો પુરૂષોને કતલ કરતા હતા. માલ લુંટી લેતા હતા. ઓરતો સાથે મોં કાળું કરતા હતા. એકે એક ઘરમાં અંદર સુધી ઘુસી જઇને લશ્કરના માણસો માલ લુંટી લેતા હતા. ઇઝ્ઝતો લુંટતા હતા. કતલોગારત કરતા હતા. એક સ્ત્રીએ મુસ્લિમ બિન ઉકબા (સેનાપતિ) પાસે પોતાના કેદી બનેલા નવયુવાન બેટા માટે વિનંતિ કરી ત્યારે મુસ્લિમે સૈનિકોને કહ્યું: આ સ્ત્રીના પુત્રના મામલામાં જલ્દી કરો. જેથી તેને તરત જ કતલ કરી નાખવામાં આવ્યો.

ત્યાર પછી મુસ્લિમ બિન ઉકબાએ લોકોને યઝીદની બયઅત માટે બોલાવ્યા. કહ્યું:કે આ પ્રકારની બયઅત કરો કે બધા યઝીદના ગુલામ છીએ. તમારો માલ યઝીદનો માલ છે. આ સાંભળીને એક સહાબી યઝીદ બિન અબ્દુલ્લાહ બિન જમાઅએ કહ્યું: અમે તો કિતાબે ખુદા ઉપર (અમલ કરવાની) બયઅત કરતા હતા. મુસ્લિમે હુકમ આપ્યો કે તેની ગરદન ઉડાડી દેવામાં આવે. તરત જ તેમને કતલ કરી નાખવામાં આવ્યા.

બીજા એક સહાબી સઇદ બિન મુસય્યબને મુસ્લિમ બિન ઉકબાની પાસે લાવવામાં આવ્યા. લોકોએ તેમને કહ્યું: બયઅત કરો તેમણે કહ્યું: અમે તો સીરતે અબુબકર અને ઉમર ઉપર બયઅત કરી લેવા તૈયાર છે.

મુસ્લિમે કહ્યું: તેમની ગરદન ઉડાડી દો. પરંતુ ત્યાં અચાનક એક માણસ આવી ગયો તેણે સાક્ષી આપી કે તેઓ મજનું (ગાંડા, પાગલ) છે. ત્યારે છોડી દેવામાં આવ્યા.

મોહંમદ બિન સઅદ તબકાતમાં લખ્યું છે કે મરવાન ઇબ્ને હકમ મુસ્લિમને (સેનાપતિને) મદીનાની વિરૂદ્ધ ભડકાવતો હતો. તે આજ કામે-ભડકાવવા માટે મુસ્લિમને મદદરૂપ થવા મદીના આવ્યો હતો. અહીં સુધી કે મુસ્લિમ ફતેહયાબ થયો. ત્રણ દિવસ મદીનાને ખૂબ લુંટયું. પછી યઝીદના ગુલામ તરીકેની બયઅત પણ મદાનાવાસીઓ પાસેથી લીધી. બધું પતાવ્યા બાદ મરવાન યઝીદની પાસે દમિશ્ક ગયો. તો યઝીદે તેનો ખૂબ ખૂબ આભાર માન્યો. તેનો પોતાના ખાસ માણસોમાં સામેલ કર્યો.

મદાઇનીએ કિતાબુલ હિરામાં ઝહરીથી નકલ કર્યું છે કે હિર્રહની લડાઇમાં (મદીના ઉપરના યઝીદના આક્રમણમાં) કુરૈશ, મુહાજેરીન, અનસાર તેમના નોકરો ચાકરો ગુલામો વગેરેના અગ્રેશરોમાંથી સાતસો પ્રખ્યાત માણસોને કતલ કરવામાં આવ્યા. તે સિવાય અપરિચિત કે સામાન્ય લોકોમાંથી જેમાં ગુલામો અને આઝાદ સ્ત્રીઓમાંથી દસ હજારની કતલ થઇ. (જે જે સ્ત્રીઓ વહુ બેટીઓ પાકદામન હતી અને યઝીદી સૈનિકોથી પોતાની ઇઝ્ઝત બચાવવા માંગતી હતી તેઓ મોટા પ્રમાણ કતલ થઇ. જે જે મા-બહેનો અને બેટીઓ મજબુરીથી માર ખાઇને કે મુકાબલો કરતાં બેહોશ થઇને કે મજબુરીવશ થઇ ગઇ. તેમની સાથે મોં કાળુ કરીને છોડી દેવામાં આવી. મારો તબ્લીગી જમાતની કારકિર્દીમાં અનેક પ્રસંગોમાંથી જેનું

વર્ણન અત્રે વિષયને અનુરૂપ હોય એક પ્રસંગ વર્ણવું છું. 1970-71 ની સાલની આ ઘટના હોઇ શકે. અત્રે ભરૂચ જિલ્લાના પગુથણ ગામે તબ્લીગી ઇજતેમા હતો. આ ઇજતેમામાં પાચેક હજાર વ્યક્તિઓની હાજરી હોઇ શકે. તબ્લીગી અકાબિરોમાંથી ફઝલેકરીમ સાહેબ, યુસુફભાઇ ડ્રાઇવર તથા ઇબ્રાહીમભાઇ સાઇકલવાળા સિવાય બીજા ત્રણેક આલિમો પણ હતા. આ લોકો સારા વક્તાઓમાંથી ગણાતા. મહોર્રમના દિવસો હતા. બલકે જે દિવસે ઇજતેમાની પુર્ણાહુતી હતી તે દિવસ આશુરા 10મી મહોર્રમનો ગમનાક દિવસ હતો. પગુથણથી ભરૂચ બિલકુલ 10-12 કિલોમીટર દૂર હોઇ ભરૂચમાં 32 થી 35 તાજીયાં નીકળતા હોઇ તેમાં હાજરી આપવા પણ લોકો આવતા હતા. તબ્લીગી બિરાદરો ચાહે ગમે તેટલી કોશિશ

મહોર્રમના ગમને ભુલાવવા કરતા રહે. મારી નહિ બલકે અમારી તમામ પ્રજાની મા-બહેનોના દિલોમાં તો તે વખતે પણ અને આજે 2006 માં પણ ગમ છવાયેલો રહે છે. ફઝલે કરીમ સાહેબ જે ઇજતેમાના સર્વે સર્વા અને મુખ્ય અકાબિર હતા તેઓ લોકોના માનસને ન પારખી શકે એવું તો બની જ ન શકે. તબ્લીગી ઇજતેમાની પુર્ણાહુતિના દિવસે ઝોહર બાદ ત્રણ જગ્યાએ મજલિસો હતી. એક મુખ્ય મંડપમાં જાહેર સ્પીચ હતી. ત્યાં એક મૌલાના બયાન કરતા હતા. ગામમાં બે-ત્રણ અલગ અલગ મહોલ્લાઓમાં સ્ત્રીઓમાં પણ મજલિસોનું આયોજન હતું. વળી એક ખાસ અને વિશેષ મજલિસ ફઝલેકરીમ સાહેબે સંભાળવાની હતી. તે તમામ પુરાના કાર્યકરોનો જોડ જેમાં તેઓ પોતે વક્તા હતા. આ જોડ મજલિસ મસ્જિદના ધાબા ઉપરના એક બંધ ઓરડામાં

રાખવામાં આવી હતી. હું મુખ્ય મજલિસ જે સામાન્ય બધા જ માણસોની હતી, ત્યાં બેઠો હતો. બયાન ચાલુ હતું અને મને મસ્જિદના ઉપર બોલાવવામાં આવ્યો. હું ઉપરના રૂમમાં પુરાના કાર્યકરોની મજલિસમાં પહોંચી ગયો. બયાન દરમ્યાન ફઝલેકરીમ સાહેબે મહોર્રમની ઘટનાના વર્ણનમાં શહાદતે ઇમામ હુસૈન(અલ.)ની ઘટના અછળતી રીતે વર્ણતાં કહ્યું કે તે જમાનાના લોકો યઝીદને જ લાયક હતા. બેઅમલ લોકો હતા. જેથી ઇમામ હુસૈન(અલ.) જેવી નેક હસ્તીની હુકુમતને તેઓ લાયક ન હતા. યઝીદ બેઅમલ હતો, શરાબી હતો, લોકો પણ એવા જ હતા. જેથી એની હુકુમતને જ લાયક હતા. આપ બયાન કરતા હતા કે નેક લોકોનો સરદાર નેક હોય, બદ લોકોનો સરદાર બદ હોય. જેથી અલ્લાહને મંજૂર હતું કે ઇમામ

હુસૈન(અલ.) શહીદ થઇ જાય. (ખૈર આ તો આપે પોતાના અકીદાને અનુરૂપ બયાન કર્યું. કારણકે લોકોને ગમે તેમ ગાંડુઘેલું તો સમજાવવું જ પડે. સુન્ની બિરાદરો નબુવ્વતના ખતમ થઇ ગયા બાદ ઇમામતના અકીદા માનતા નથી. બિચારા જાણતા પણ નથી અને નેક પરહેઝગાર આલિમો એમને જાણવા દેતા પણ નથી.) ત્યાર બાદ ફઝલેકરીમ સાહેબે વાકેયએ હિર્રાના વર્ણન દરમ્યાન યઝીદની બરાબર ઝાટકણી કરતાં કહ્યું હતું યઝીદે મદીના પર હુમલો કર્યો. લશ્કરે મદીનામાં ઘુસી મદીનાને ત્રણ દિવસ સુધી લુંટયું. લશ્કરે સેંકડો ઘરોમાં ઘુસી જઇ હજારો સ્ત્રી-પુરૂષોની કતલ કરી. સ્ત્રીઓ ઉપર બળાત્કાર કર્યો. આ બળાત્કારો દરમ્યાન હજારોની સંખ્યામાં અવલાદ પણ પેદા થઇ. મસ્જિદે

નબવીમાં લશ્કરના ઘોડા બાંધવામાં આવ્યા. દિવસો સુધી ત્યાં નમાઝ અદા નથી થઇ.)

મોહંમદ બિન નાસીરે પોતાની લગાતાર સનદો દ્વારા ઉમ્મે હશીમ બિન્તે યઝીદથી નકલ કર્યું છે કે હિર્રાની ઘટના પછી ઘણા સમય બાદ મેં કુરૈશની એક સ્ત્રી તવાફ કરવામાં મશગુલ જોઇ. આ તવાફ દરમ્યાન તેને એક હબશી યુવાન મળ્યો. તે કુરેશી ખાતુને તે ગુલામ કિશોરને ગળે લગાવ્યો. અને ચૂમ્યો હું આ દૃશ્ય જોઇ ધ્રુજી ઉઠયો. ગમગીન થઇ ગયો. મારાથી રહેવાયું નહિ. મેં કહ્યું: અય ખુદાની કનીઝ તે હબશી સાથે આવો વર્તાવ! આ તમે શું કર્યું? તે હૈયાફાટ રૂદન કરવા લાગી, બોલી આ મારો બેટો છે. હિર્રાના દિવસે એના બાપે મારા ઉપર બળજબરી કરી હતી. (શામી-યઝીદી ફોજનો

હબશી સૈનિક હશે.) મારી ઉપર કબજો જમાવી લીધો હતો. જેનાથી આ પેદા થયો.

મદાઇનીએ અબુ કિરાહથી નકલ કર્યું છે કે હિશામ બિન હિસાનથી વર્ણન છે કે વાકેયએ હિર્રા પછી હઝારો સ્ત્રીઓને વગર પતિએ બાળકો પેદા થયાં.

મેં કહ્યું: (ઇબ્ને જવઝી સા. કહે છે) જે વ્યક્તિ અજાએબાત ચમત્કારો જોવા ઇચ્છે તે જંગે હિર્રાની ઘટના જોવી જોઇએ. એટલા માટે કે યઝીદે પોતાની ફોજને રસૂલ(સલ.)ના મદીનાને લુંટવાની છૂટ આપી દીધી.

આ અસલ કિતાબ મેં મારા શૈખ અબુલ ફઝલ બિન નાસિરથી સાંભળી છે. તેના કેટલાક ભાગો થાય એમ છે. પરંતુ અમે બહુ લંબાણ નથી ઇચ્છતા. તેથી છોડી દઇએ છીએ.

ઇબ્ને હસીને પોતાની લગાતાર રિવાયતો દ્વારા ખબર આપી છે કે સાએબ બિન ખલા કહે છે કે જનાબે રસૂલે ખુદા(સલ.)એ ઇરશાદ ફરમાવ્યો છે.

જે વ્યક્તિ જુલમ અને તાકાત દ્વારા મદીનાવાસીઓને ડરાવશે. ખોફઝદહ કરશે. તેના ઉપર ખુદા, મલાએકા અને તમામ લોકોની લઅનત થશે. ખુદાવંદે આલમ કયામતના દિવસે તેનો કોઇ અમલ કબુલ કરશે નહિ. (આ હદીસ અને હવે પછીની તમામ હદીસો યઝીદ ઉપર બિલકુલ ફિટ બેસે છે. યઝીદ ઉપર કરોડો મોમિનોની 24 કલાક લઅનત થાય છે.)

મને અબ્દ અલ અવ્વલે ખબર આપી. તેઓ પોતાની લગાતાર રિવાયતો દ્વારા સઅદથી નકલ કરે છે કે મેં નબીએ કરીમ(સલ.)થી સાંભળ્યું કે જે વ્યક્તિ મદીનાવાસીઓ સાથે ફરેબ છેતરપિંડી કરશે.

તે એવી રીતે પીગળી જશે જેવી રીતે પાણીમાં નમક પીગળી જાય છે.

આ રિવાયતના જેવી જ રિવાયત ઇમામ મુસ્લિમે પણ નકલ કરી છે.

પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: જે વ્યક્તિ મદીના સાથે બુરાઇ કરશે (બુરો વર્તાવ) તેને ખુદા તે આગથી પીગળાવી-ઓગળી દેશે જે આગથી સીસું પીગળી જાય છે. (સીસું એક ધાતુ છે.) તે આગમાં એવી રીતે ઓગળી જશે જેવી રીતે પાણીમાં નમક ઓગળી જાય છે.

મુસ્લિમે અબુહોરયરહની હદીસ નબીએ કરીમ(સલ.)થી નકલ કરી છે કે,

આપ(સલ.)એ ફરમાવ્યું: પાલનેવાલે! મદીનાવાસીઓના મુદ્દમાં બરકત દે, વળી ફરમાવ્યું: જે વ્યક્તિ મદીના સાથે બુરાઇ ભર્યો વર્તાવ કરશે

તો ખુદા તેને એવીરીતે પીગળાવી દેશે. જવી રીતે નમક પાણીમાં ઓગળી જાય. (મુદ્દ: એક માપનું નામ છે અરબી ભાષાનો શબ્દ છે. ઇરાકીઓની ભાષામાં એક મુદ્દ એટલે બે રતલનું(એટલે રતલ 500 ગ્રામથી ઓછું હોય છે) માપ છે. પેગંબરે ઇસ્લામના જીવન વ્યવહારમાં વ્યક્તિના બંને હાથ જેને આપણે ખોબો કહીએ છીએ ભરાઇ જાય કોઇ વસ્તુથી તે માપ છે.)

આ બધી અહાદીસ વાંચીને અમારા દુશ્મને (શેખ યઝીદી જેણે યઝીદની તારીફમાં કિતાબ લખી છે. જેની વાતો કિતાબના પ્રથમ પ્રકરણમાં આવી ગઇ છે તે વ્યક્તિ) એવું ગુમાન કર્યું, એવી કષ્ટ કલ્પના કરી કે આ હદીસો તે લોકો માટે છે કે જેઓ તાવીલ વગર સ્પષ્ટીકરણ વગર મદીનાવાસીઓને સતાવે. (મતલબ આ હતો કે યઝીદ પાસે તો કારણ

હતું કે મદીનાવાસીઓએ બળવો કર્યો હતો.) (તાવીલ શબ્દ આવ્યો ત્યારે મને મક્કાર અને મલઉન મઆવિયા યાદ આવી ગયો. જે ે યઝીદપલીદનો બાપ થતો હતો. શેખ યઝીદીએ જેવી રીતે રસુલ(સલ.)ની હદીસની તાવીલ કરી તેવીજ તાવીલ મલઉન મઆવિયાએ પણ કરી હતી. જંગે સિફ્ફીનમાં એક પક્ષે હઝરત અલી(અલ.) હતા. અને બીજા પક્ષે મલઉન મઆવિયા હતો. સહાબા તો બંને પક્ષે હતા. પરંતુ અલી(અલ.)ના પક્ષે પુરાના સહાબા હતા. જેમણે કુરબનીઓ આપી હતી. હઝરત અમ્માર યાસીર(રઝિ.) હઝરત અલી(અલ.)ની સાથે રહીને મઆવિયા વિરૂદ્ધ લડતા હતા. લડતાં લડતાં હઝરત અમ્માર શહીદ થઇ ગયા. આ વાતની ખબર જ્યારે સહાબાને પડી તો ઘણાબધા સહાબાને પેગંબરે

ઇસ્લામની એક હદીસ યાદ આવી જે આપ(સલ.)એ જાહેરમાં કરી હતી. તો હદીસ આ છે "અમ્મારને ઇસ્લામનું એક બાગી ટોળું શહીદ કરશે. જે લોકોએ ઇસ્લામથી બગાવત કરી હશે." મઆવિયાના દરબારમાં જ્યારે આ વાતનું વર્ણન થયું તો એક સહાબી ઉભા થઇ ગયા કહ્યું કે, મઆવિયા તું બાગી ટોળામાં છે. ખુદાની કસમ! આ હદીસ પેગંબરે ફરમાવી જ્યારે હું ત્યાં હાજર હતો. માટે રોકાઇ જા, તોબા કર. તો આ મક્કાર અને મલઉન મઆવિયાએ રસુલુલ્લાહ(સલ.)ની આ હદીસની તાવીલ કરતાં કહ્યું: (જેને આપણે ગલત સ્પષ્ટીકરણ કહીશું) હદીસને હું ક્યાં ગલત કહું છું. હદીસ તો સાચી જ છે. પરંતુ તે અલી(અલ.)ને લાગુ પડે છે. અમ્માર યાસીરને અમે નથી માર્યો. ખરેખર તો એને અલીએ જ માર્યો છે. અલી(અલ.)

એને અમારી સામે લાવ્યા ત્યારે એ મરાયો ને? માટે એને અમારી સામે લાવનાર ટોળું બાગી છે. અમે નહિ. ત્યારે પેલા સહાબીએ ગુસ્સે થઇને કહ્યું કે ઓ મઆવિયા તું આ શું બોલે છે? તને કંઇ ભાન છે? શું તું એમ કહેવા માંગે છે કે ઓહદમાં શહીદ થઇ ગયેલ સહાબાને કતલ કરનાર પેગંબરે ઇસ્લામ છે. મુશરેકીને મક્કા આવી તાવીલ કરી શકે છે.)

પરંતુ આ ગાફિલ બેવકૂફે (શેક યઝીદીએ) જે ભાવાર્થ હદીસનો લીધો છે. શું તે ઇમામ અહમદ બિન હમ્બલ જેવી વ્યક્તિના સમજમાં પણ ન આવ્યો. કારણકે ઇમામ અહમદ બિન હમ્બલે આ હદીસ વર્ણવીને લખ્યું છે કે યઝીદે મદીના વાસીઓને ખોફઝદહ કર્યા છે. લુંટારા બનીને મદીનાને લૂંટયું છે. લોકોને કતલ કર્યા છે. ઝુલમ કર્યો છે.

શું આ શેખ યજીદીને આ હદીસ સમજાઇ તેવી ઇમામ અહમદને પણ ન સમજાઇ? આ હદીસની શેખ યઝીદીએ કરેલી તાવીલ આ છે કે આ વસ્તુ તકદીરમાં લખાયેલી હતી કે એહલે મદીના બળવો કરે તો તેમને ખોફઝદહ કરવું જાઇઝ છે. શેખ યઝીદી પોતાની આખેરત ખરાબ કરી રહ્યો છે. હિર્રાની આખી ઘટના માટે મારી દલીલ આ છે કે શું યઝીદ માટે આ પણ જાઇઝ હતું કે મદીનાને પોતાના સૈનિકો માટે ત્રણ દિવસ સુધી હલાલ કરી દે. લુંટવાની અને સ્ત્રીઓ ઉપર કબજો કરવાની છૂટ આપે. બળાત્કારો અને કતલે આમ કરવાની છૂટ આપે.

અમે આગળ વર્ણવી ચુક્યા છીએ કે યઝીદે પોતાના સેનાપતિને ઉપરોક્ત હુકમો સ્પષ્ટ અને જાહેરમાં આપ્યા હતા. એ ખુશ પણ થયો.

સેનાપતિને સાથ આપવા બદલ મરવાનનો શુક્રિયાહ પણ અદા કર્યો. તેને પોતાના ખાસ માણસોમાં સમાવી લીધો.

## પ્રકરણ – ૧૦ : ખાનએ કાબા ઉપર પથ્થરમારો અને આગનો વરસાદ

હિર્રેહની ઘટના બુધવારના દિવસે 28 ઝિલહજ હિજરી 63 માં થઇ હતી. મુસ્લિમ બિન ઉકબા મદીના લુંટીને પરવાર્યો ત્યારે હિજરી 64 નો અમલ બેસી ગયો હતો. અત્રે આ વાત પણ યાદ રાખવામાં આવે કે મક્કા ઉપર યઝીદનું શાસન ન હતું. મક્કા અબ્દુલ્લાહ બિન ઝુબેરના કબજામાં હતું.

મદીનાથી મક્કાના રસ્તામાં જ મલેકુલ મૌતે મુસ્લિમ બિન ઉકબાને ડબોચી લીધો. તે મરી ગયો જેથી મદીના મુનવ્વરાની તારાજી અને તેની મૌત વચ્ચે ફક્ત થોડાકજ દિવસનું અંતર રહ્યું. વળી પેગંબરે ઇસ્લામની હદીસ મુજબ નમક પાણીમાં ઓગળી જાય છે તેમ તે પણ મોતના

મોમાં પડીને ઓગળી ગયો. મદીનાનો લુંટેલો માલ કે ચીજો વાપરવા કે ઉપયોગ કરવા પણ ન પામ્યો. નવાઇની વાત તો આ છે કે આ બેવકૂફ પોતાની હદદરજાની મુર્ખામી, હદ દરજાની પથ્થરદિલી છતાં મૃત્યુ વખતે બકવાસ કરતો હતો. “પાલનપોષણ કરવાવાળા ખુદા તારી દ્રષ્ટિમાં એનાથી બેહતર કોઇ કામ મેં નથી કર્યું કે મદીનાવાસીઓ સાથે જંગ કરી છે. પરંતુ તેમ છતાં પણ તુ મને જહન્નમમાં દાખલ કરશે તો હું પથ્થરદિલ છું.” આવી વાહિયાત બકવાસ કર્યા પછી આ ઝાલિમો ફોજમાંથી હસીન બિન નોમેર સુકુનીને બોલાવ્યો. તેને કહ્યું: અમીરૂલ મોઅમેનીને(યઝીદે)મારા પછી તેને ફોજનો સેનાપતિ બનાવ્યો છે. જેથી ખૂબ જલ્દી સફર કર, મક્કા ઉપર ચઢાઇને કરીને ઇબ્ને ઝુબૈરને ત્રણ દિવસનો સમય આપજે પછી જંગ શરૂ કરી દેજે.

હસીન ફોજ લઇને રવાના થયો મક્કા પહોંચીને ઇબ્ને ઝુબેરને ઘેરો ઘાલ્યો. બરાબર ગણીને 64(ચોસઠ) દિવસ સુધી ઇબ્ને ઝુબેર ઉપર ખાવા-પીવાનો સામાન બંધ કરી દીધો. આ સમય દરમ્યાન અનેક વખત સખતમાં સખત ઝપાઝપી (લડાઇ) પણ થઇ. શનિવાર 3(ત્રીજી) રબીઉલ અવ્વલ હિજરી સન 64 (ચોસઠ)ના દિવસે ગોફણો (અરબીમાં "મિનજલીક" શબ્દ પ્રયોગ છે. જેને ગોફણો કહેવાય છે. મોટા પથ્થરોને ચામડાના ખોલામાં વીંટાળીને રસ્સીથી બાંધી રસ્સી ગુમાવીને ફેંકતા દૂર સુધી જાય છે. આ ગોફણથી ફેંકાતા પથ્થરો માથું ફાડી નાખે છે. એટલી તેજ ગતિથી ફેંકાય છે. અત્યારે આ ગોફણનું અસ્તિત્વ દેખાતું નથી.) દ્વારા પથ્થરો પણ ફેંકાયા. વળી યઝીદી ફોજમાંથી એક વ્યક્તિએ ભલાની અણી ઉપર

આગને ઉડાવાનું શરૂ કર્યું. આ આગ ખાનએ કાબા સુધી પહોંચી ગઇ. અલ્લાહના ઘરમાં પણ આગ લાગી ગઇ. (મારા વહાલા વાંચકો તમે શીયા છો કે સુન્ની છો ગમે તે છો મુસલમાન તો છો જ. બિન મુસ્લિમો જો મસ્જિદો માં આગ લગાવે તેની બેહુરમતિ કરે, અરે જોડા પહેરીને દાખલ થઇ જાય તો આપણે તેની કેવી પ્રતિક્રિયા કરીએ છીએ અને આ નાપાક, પલીદ, કાફિર, ઝાલિમ, ઝાની યઝીદે નાપાક દાદા અને નાપાક બાપનો નાપાક પુત્ર કપૂતે કાબતુલ્લાહમાં આગ લગાવી, કાબા ઉપર ગોફળો દ્વારા પથ્થરો ફેંક્યા હજી થોડાક જ દિવસ પહેલાં મદીનાને લુંટયુ ત્યાં હજારો સ્ત્રી પુરૂષોની કતલ કરી, હજારો બળાત્કારો કર્યા. મસ્જિદે નબવીમાં આ કપૂતના લશ્કરે ઘોડા બાંધ્યા ત્યાં દિવસો સુધી નમાઝ નથી પઢાઇ. આવા અવ્વલ

દરજાના કાફિરને મુસલમાનો જો ઇમાનવાળો ગણાતા હોઇ તો આવા મુસલમાનો ઉપર પણ લઅનત છે. ખુદાનો અઝાબ છે. સેંકડો વર્ષોથી મુસલમાનો ઉપર ખુદાની નારાઝગી તો છે. એ ખુદાની લઅનત નથી તો બીજું શું છે? વહાબી સંઘ પરિવાર યઝીદને સારો કહે છે. તેના નાપાક કૃત્યોની ગલત તાવીલ-ખોટું અર્થઘટનકરીને તેને બચાવવાની નાપાક કોશિશ કરે છે. લઅનત છે એ મુસલમાન ઉપર. સઉદી વહાબી શાસકો પણ એવા જ છે આજથી લગભગ દસેક વર્ષ અગાઉ મક્કાએ મોઅઝ્ઝમામાં વહાબી ઝાલિમ શાસક શાહ ફહદે એક કિતાબ બહાર પાડી હતી. જેનું મથાળું હતું અમીરૂલ મોઅમેનીન યઝીદ ઇબ્ને મઆવિયા આ ઉમ્મત ઝલીલ ન થાય, માર ન કાય તો શું લડ્ડુ ખાય? કારણ શું છે યજીદ મઆવિયાની બુરાઇથી

પડદા ઉઠે છે. આ નાપાકોની નાપાકીનો ઝાલિમોના ઝુલમનો પડદો ચિરાય છે. તેનો રેલો ખલીફાઓ સુધી પહેંચે છે. બસ ખલીફાઓને બચાવવા માટે જ યઝીદનો બચાવ થાય છે.)

કાબા સળગી ઉઠ્યું તે જ અઠવાડિયામાં રબીઉલ અવ્વલના છેલ્લા ચાંદે (દિવસે) યઝીદ હલાક થઇ ગયો. (દમિશ્કમાં આ લઅનતી કાફિરની કબર ઉપર ખરેખરી સીસુ ઓગાળવાની ફેક્ટરી ચાલે છે. મારા ઉમરહ જિયારતો દરમ્યાન જ્યારે અમે દમિશ્કની એક બજારમાંથી પસાર થતા હતા ત્યારે એક સીસાની ફેક્ટરી પાસે ઉભા રાખી અમારા એક સાથીએ આ બાબતનો ઘટસ્ફોટ કર્યો હતો.) તેની ખબર મક્કા પહોંચી. વાકેયએ હિર્રહ અને યઝીદની હલાકત બંને વચ્ચે ફક્ત ત્રણ માસનું અંતર છે. જેથી યજીદ એવી રીતે પીગળી ગયો

જેવી રીતે આગમાં સીસું પીગળી જાય છે. જેવીકે અમે હદીસો વર્ણવી ચુક્યા છીએ. જેઓ મદીનાવાળાઓ સાથે બુરો વર્તાવ કરે છે. આ જગ્યાએ અમે આટલેથી જ અટકીએ છીએ. જે વ્યક્તિ આ વિષયમાં વધારે હદીસો અને ખબરો જાણવા ઇચ્છે તે અમારી કિતાબ (ઇબ્ને જવઝી સા.ની) "અલમુનતઝમ" વાંચી શકે છે.

## પ્રકરણ – ૧૧ : યઝીદ ઉપર લઅનત ન કરવા વિશેની અબ્દુલ મગીષનિ દલીલનો જવાબ

શેખ અબ્દુલ મગીષે યઝીદને બચાવવામાં માટે જે દલીલો રજૂ કરી છે. હકીકતમાં તે દલીલોને દલીલ પણ કહી શકાય નહિ. તેમાની એક દલીલ આ પણ છે કે,

"તમે લોકો કહો છો કે ઇમામ અહમદ બિન હમ્બલે યઝીદ ઉપર લઅનત કરવાની ઇજાઝત આપી છે. તેમણે કુર્આની આ આયતની દલીલ પકડી છે.

**ફહલ અસયતુમ ઇન તવલ્લયતુમ અન તુફસેદૂ ફિલઅર્ઝે વ તોકત્તેઉ અરહામકુમ ઉલાએકલ્લઝીનઅ્ લઅનહોમુલ્લાહ.**

*(સુરએ મોહંમદ આ. 22, 23)*

**અર્થાત**: પણ જો તમે સત્તાવાન થઇ જાઓ તો શું આ સંભવિત નથી કે પ્ૃથ્વી ઉપર ફસાદ ફેલાવવા લાગી જાઓ, અને કુટુંબીજનો સાથેનો સંબંધ તોડી નાખો. એ જ તે લોકો છે જેમના ઉપર અલ્લાહે લઅનત કરી છે.

આ આયત તો યહુદીઓ અને મુનાફિકોના માટે નાઝિલ થઇ છે. તેથી ઇમામ અહમદ બિન હમ્બલ ઉપર પણ આ એતેરાઝ થઇ શકે છે. કે તેઓ આ આયતને બીજાઓ માટે બનાવીને તેમા તવહીદ પરસ્તોને શા માટે તેમાં દાખલ કરે છે?

આ દલીલનો જવાબ આ છે કે તમારી લાયકાત (પાત્રતા) એટલે સુધી પહોંચી ગઇ કે તમે ઇમામ અહમદ ઇબ્ને હમ્બલ ઉપર પણ એતેરાઝ કરવા લાગ્યા. હવે મારો (ઇબ્ને જવઝી સા.નો) ઉત્તર સાંભળો. તમારી દલીલના ત્રણ જવાબ છે.

પ્રથમ જવાબ આ છે કે આ આયતની તફસીરને તમે મુકાતીલ બિન સુલયમાન થી નકલ કરી છે અને મુકાતીલના માટે મોહદ્દીસો (હદીસવેત્તાઓ) એકમત છે કે તે જુઠ્ઠો હતો. તેને તો એવું પણ ભાન ન હતું કે તે પોતે શું બોલે છે. વકીઅનું કથન છે કે મુકાતીલ જુઠ્ઠો છે. સઅદી લખે છે કે દાદાગિરી (કોઇ તેમ કરતો રોકે-ટોકે કે ટીકા કરે તો લડાઇ ઉપર ઉતરી પડે. દલીલનો જવાબ દલીલ વડે ન આપતાં મારામારી ગાળાગાળી કરવા લાગી જાય.) અને જીદ કરીને નકામી ચીજો અહાદીસમાં સામેલ કરી દેતો હતો. ઇમામ બુખારીનું કથન છે કે મુકાતીલ હકીકતમાં કંઇ જ ન હતો. ઇમામ રાઝીનું વર્ણન છે કે તે જુઠી વાતો ઘડનાર હતો. અબુ અબ્દુર્રેહમાન નિસાઇ કહે છે કે રસૂલે

ખુદા(સલ.) ઉપર જાહેરમાં જુઠ કહેનારા, હદીસો ઘડનારા નીચે પ્રમાણે લોકો હતા.

મદીનામાં ઇબ્નેઅબી યહ્યા, બગદાદમાં વાકદી, શામમાં મોકાતીલ બિન સુલયમાન અને મોહંમદ બિન સઇદ.

ઇબ્ને જિસાનનું કથન છે કે મુકાતિલ ઇલ્મે કુર્આનમાંથી તે વસ્તુઓને લઇ લેતો હતો જે તેની કિતાબોમાં માફક આવતી હોય. વળી ત્યાર પછી પણ જુઠ બોલ્યા કરતો હતો. બીજો જવાબ આ છે કે ઇમામ અહમદ બિન હમ્બલે આ આયતની તફસીર વિલાયતે મુસ્લેમીનમાં લખ્યું છે કે જેથી મુકાતીલ જેવા જુઠાની વાતોને ઇમામ અહમદની વાતો ઉપર કેવી રીતે પ્રાધાન્ય આપી શકાય. વળી તે વખતે યહુદિઓની કઇ હુકુમત મોજુદ હતી.

ત્રીજો જવાબ આ છે કે જો આ વાતને માની પણ લેવામાં આવે કે આ આયત યહુદીઓ માટે નાઝિલ થઇ છે. છતાં પણ અમારા વિષય અને ધ્યેય માટે પણ એ એટલી જ ઉપયોગી છે. કોઇ નુકસાનકારક તો નથી જ. એટલા માટે કે અલ્લાહના હુકમો સર્વસામાન્ય બધાને જ લાગુ પડી શકે છે.

આ શૈખ કહે છે કે ઇમામ અહમદના માટે આવું ગુમાન કેવી રીતે કરી શકાય કે તેમણે આ આયત યઝીદના માટે જ ન વર્ણવી હોય. જોકે તેઓ સ્વંય કહે છેેકે હું કઇ રીતે આમ કહું જ્યાં સુધી આ ન કહેવામાં આવે કે આ વાતને માનનારા તો પરહેઝગાર સહાબા ઇબ્ને ઉમર પણ છે. વળી ઇબ્ને ઉમરે તો યઝીદથી બયઅત પણ કરી હતી. તમારો મત આ છે કે ઇબ્ને ઉમરના આ કૃત્યથી (બયઅતે

યઝીદથી) મોં ફેરવી શકાય છે? તેમના વિરૂદ્ધ પણ બોલી શકાય છે?

આનો જવાબ આ છે કે અમો આગળ વર્ણન કરી ચુક્યા છીએ કે અબ્દુલ્લાહ બિન ઉમરે યઝીદની બયઅતની વાત સાંભળી તો ભાગીને મક્કા ચાલી આવ્યા. પછી મક્કામાં બયઅત લેવાય તો તેમને કહેવામાં આવ્યું કે જો બયઅતથી ઇનકાર કરશો તો કતલ કરી નાખવામાં આવશે. તેથી પરિસ્થિતિને સમજી એમણે યઝીદની બયઅત લઇ લીધી હતી. (જો મોતના ડરથી પરિસ્થિતિ પ્રતિકુળ હોવાથી બયઅત લીધી હોય તો તે તકય્યો છે. જેના માટે શીયાઓ ઉપર માછલાં ધોવાય છે. શીયાઓની ટીકા કરવામાં આવે છે. પરંતુ જો ઇમામ હુસૈન(અલ.)થી વિરૂદ્ધ જઇને યઝીદથી બખુશી બયઅત લીધી હોય

તો તે અલગ બાબત છે. જે અત્યારે અમારી ચર્ચાનો વિષય નથી.)

શૈખ સાહેબ (યઝીદી) કહે છે કે

અબુતાલિબથી (આ એક રિવાયતો કરનાર વ્યક્તિનું નામ છે.) રિવાયત છે તેમણે તે વ્યક્તિના વિષયમાં પ્રશ્ન કર્યો કે જે કહે છે "લઅનલ્લાહો યઝીદ બિન મઆવિયા" તો તેમણે જવાબ આપ્યો કે એમ ન કહો ખામોશ રહેવું (ઇમામ બિન હમ્બલ) વધારે પસંદ છે.

શેખ યઝીદીને અમારો જવાબ છે કે આ રિવાયત પ્રથમ રિવાયતની વિરોધી રિવાયત નથી. ન તો તેના મુકાબલામાં છે. આ રિવાયત આ વાતના પુરાવા રૂપે છે કે ઇન્સાનને બીજાઓની વાતો કર્યા કરતાં પોતાના નફ્સની તરફ ધ્યાન આપવું જોઇએ. જ્યારે પ્રથમ રિવાયત (ઇમામ

અહમદની) "જવાઝે લઅન બર યઝીદ" યઝીદ ઉપર લઅનત જાઇઝ છે. આ વાતનો પુરાવો છે.

આ વાત એવી છે જેવી રીતે હું (ઇબ્ને જવઝી) કહેતો રહું છું કે

તસ્બીહ પઢવું ઇબ્લીસ પર લઅનત કરતા વધારે સારી વાત છે. તમને આ વાતની જાણ હોવી જોઇએ કે અબુબકર હલાલ (નામ છે.) અને એમના સાથી અબ્દુલ અઝીઝ કાઝી અબુ યાઅ્લા તેમના બેટા અબુલહસન તમારા કરતાં વધારે મઝહબથી પરિચિત છે. ઇલ્મવાળા છે. અમે તેઓની રિવાયતોને વર્ણવી ચૂક્યા છીએ. જો તમે નથી સાંભળી તો હવે સાંભળી લો, અને તેમની કિતાબો પઢો. હમ્બલી મઝહબના ઇમામ અહમદ બિન હમ્બલે ચોક્કસ ખાત્રી પૂર્વક યજીદ ઉપર લઅનત કરી છે.

અહમદે પોતાની કિતાબ મુસદમાં લખ્યું છે કે ફિરકો વાકેફિયા મલઉના છે અને મોતઝલા ફિરકો પણ મલઉના છે.

ખિલાલે કિતાબુસ્સુન્નહમાં રિવાયત કરી છે કે અબ્દુલ્લાહ બિન હબીબનું વર્ણન છે કે,

મેં અહમદે બિન હમ્બલને સાંભળ્યા. આપ કહી રહ્યા હતા કે જહમીયા ફિરકા ઉપર અલ્લાહની લઅનત થાય

હસન બસરી હજ્જાજ બિન યુસુફ પર લઅનત મોકલતા હતા. અહમદ બિન હમ્બલ કહ્યા કરતા હતા કે હજ્જાજ બુરો માણસ છે.

શેખ યઝદી યઝીદના બચાવમાં કહે છે કે નબી(સલ.)એ મઆવિયા વિષયમાં ફરમાવ્યું કે "અય પાલણહાર તુ મઆવિયાને હાદી અને મેહદી બનાવી દે. અને તેના દ્વારા લોકોની હિદાયત

ફરમાવ." તો પછી જે વ્યક્તિ હાદી હોય તે વિલાયતે એહદે યઝીદના મામલામાં જે વસ્તુ પસંદ કરે ઇખ્તિયાર કરે તે બાબત આક્ષેપ કરવો કે વિરોધ કરવો જાઇઝ નથી.

જવાબ આ છે કે પ્રથમ આપ આ હદીસને સાચી સાબિત કરી આપો. પછી તેના બાબતમાં ટીપ્પણી કરો. પ્રથમ વાત-પાયાની વાત આ છે કે શૈખ યઝીદી મઆવિયા વિશે જે હદીસ બયાન કરે છે તે સદંતર જુઠી હદીસ છે. મઆવિયા વિષયની કોઇ હલકામાં હલકી સામાન્ય કક્ષાની હદીસ પણ રસુલેખુદા(સલ.)એ ફરમાવી નથી.

શૈખ મઆવિયાની ફઝીલતની જુઠી હદીસ ઉપર યઝીદી ઇમારત ઉભી કરવા માંગે છે. જો અમે મઆવિયાની ફઝીલત વિશે આ રિવાયતની કમજોરીનું જુઠી હોવાનું વર્ણન કરીશું તો તમે એવું

ગુમાન કરશો કે અમને મઆવિયા સાથે કપટ છે, દુશ્મની છે.

અમે કોઇપણ જાતના ડર-ખોફ વગર જાહેર કરીએ છીએ કે આ હદીસનું કોઇ મોં-માથું કે અસ્તિત્વ જ નથી.

ઇપરોક્ત મઆવિયાની ફઝીલતવાળી હદીસને અલી બિન અબ્દુલ્લાહ રાઉનીએ નકલ કરી છે, તે અલી બિન અહમદ બસરીથી નકલ કરે છે.

તે કહે છે કે મને અબુ અબ્દુલ્લાહ બિન બટા અકબરીએ કહી હતી. તે બગવીથી નકલ કરે છે. તે મોહંમદ બિન ઇસહાકથી, તે હિશામ બિન અમ્મારથી, તે અબ્દુલ અઝીઝ બિન વલીદ બિન સુલેમાન કરસીથી, તે પોતાના બાપથી રિવાયત કરે છે. કે જ્યારે ઉમર બિન ખત્તાબે મઆવિયાને શામનો ગવર્નર બનાવ્યો ત્યારે તે વખતે ઉમરે કહ્યું:

તમે લોકો મારી ટીકા કરો છો, જો કે મેં જનાબે રસૂલે ખુદા(સલ.)ને ફરમાવતા સાંભળ્યા કે પાલનહાર! (મઆવિયા)એને હાદી બનાવી દે, અને એના દ્વારા બીજાઓની હિદાયત કર.

અમારી દ્રષ્ટિમાં આ બધા જ રાવીઓ અને બધીજ સનદો સદંતર જુઠી છે. તે મઆવિયાની જ ઘડાવેલી હદીસ છે. કારણકે મઆવિયા નાણાં આપીને હદીસો ઘડાવતો હતો. વળી આ રિવાયતોનો આધાર અલી બિન મોહંમદ બિન ઇસ્હાક બિન હરબ લુલવી બલખી ઉપર છે. તમામ હદીસવેત્તાઓની દ્રષ્ટિમાં તે જુઠો હતો. મહોલ્લામાં, શેરીઓમાં ગમે તેમ બકવાસ કર્યા કરતો હતો. લોકો તેની મજાક પણ કરી લેતા હતા. કોઇપણ વ્યક્તિ તેની કોઇપણ વાત ઉપર વિશ્વાસ કરતા ન હતા.

ઉપરાંત એક ઘણી જ અગત્યની અને પાયાની વાત કે તેને હઝરત અલી બિન અબીતાલિબ(અલ.) સાથે દુશ્મની હતી.

ઇબ્ને કતીબા જેવા મોહદ્દિસ પણ તેને જુઠ્ઠો ગણતા હતા. તેને ખરાબ શબ્દોથી યાદ કરતા હતા. કહેતા હતા કે મને ખબર પહોંચી છે કે આ જુઠ્ઠાએ કુફામાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલી બિન અબીતાલિબ(અલ.)ને બુરૂભલું કહ્યું હતું. તો લોકોએ ઇચ્છયું કે તેની ધરપકડ કરે. પરંતુ તે ભાગી ગયો. મઆવિયાની ફઝીલતવાળી ઉપરોક્ત જુઠ્ઠી રિવાયતનો બીજો રાવી મોહંમદ બિન ઇસહાક પણ જુઠ્ઠો હતો. અબુ અલી સાલેહ મોહંમદ હાફિઝે કહ્યું કે મોહંમદ બિન ઇસ્હાક જુઠ્ઠો છે. તે પોતાની વાતને સાબિત કરવા સનદ ઘડી કાઢતો હતો. ગલત વાતો વર્ણવતો. તે ભરોસાપાત્ર વ્યક્તિઓથી બચાનો

લાવતો પરંતુ તે હદીસ નહોતી. તેની હદીસ લખવામાં ન આવે. પરંતુ જાંચ પડતાલ કર્યા પછી.

## પ્રકરણ – ૧૨ : શેખ યઝીદી અબ્દુલ મગીષનો આ દલીલનો જવાબ કે ફક્ત પાંચ માણસોએ જ યઝીદની બયઅતથી ઇનકાર કર્યો હતો.

શેખ આ પણ કહે છે કે ફક્ત પાંચ માણસોએ જ યઝીદની બયઅતથી ઇન્કાર કર્યો હતો. તે સિવાયના બધાજ લોકોએ યઝીદની બયઅત સ્વીકારી લીધી હતી. તે પાંચ વ્યક્તિઓ આ છે.

(1) અબ્દુર્રેહમાન બિન અબુબકર (2) ઇબ્ને ઉમર (3)ઇબ્ને ઝુબેર (4) ઇમામ હુસૈન(અલ.) (5) અબ્દુલ્લાહ બિન અબ્બાસ

તમે આમ કહો છો કે અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર યઝીદની વલીઅહદીથી પણ રાજી ન હતા. સાથે તમે એમ પણ કહો છો કે તેમણે યઝીદથી બયઅત કરી લીધી હતી.

અમે આગળ વર્ણન કરી ચૂક્યા છે કે જ્યારે મઆવિયાએ યઝીદ માટે બયઅત લેવાનું શરૂ કર્યું તો તેઓ (અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર) મક્કા ભાગી ગયા. પરંતુ જ્યારે તેમણે યઝીદની બયઅત કરી ત્યારે તેમની જાન જવાનો ભય હતો.

ખરી વાત તો આ છે કે યઝીદની બયઅત કોઇ એવી વ્યક્તિએ પણ નથી કરી જેના ઉપર વિશ્વાસ કરવામાં આવે. હદ તો આ છે કે સામાન્ય જનતાએ પણ યઝીદની બયઅત કરવાનું નાપસંદ કર્યું. પરંતુ જાન ગુમાવવાના ખોફથી જ બયઅત કરી. ઘણા બધાએ પોતાનો જીવ બચાવવા માટે જ યઝીદની બયઅત કરી હતી. કોઇ ઝુલમના શિકાર થવાના ડરથી ચુપ રહ્યા.

યઝીદની ઇમામત જોર-ઝુલમથી સ્થાપિત થયેલી છે. તે માટે આલિમોનું કહેવું છે કે તે વખતે

લોકોને ઇમામતની જરૂરત હોય તો સહી છે. (આ વાત અત્રે યાદ રાખવામાં અલ્લામા ઇબ્ને જવઝી સુન્ની આલિમ છે. જેથી આ સમઅલો સુન્ની વિચારધારાનો છે.)

ફોકહા આ બાબતમાં એકમત છે કે ઇમામતનું હોવું વાજીબ છે. એટલા માટે કે દુનિયાના સર્વે કાર્યોની વ્યવસ્થા જે શરીઅતની દ્રષ્ટિએ પણ જરૂરી છે. ત્યારે જ થઇ શકે છે જ્યારે કોઇ ઇમામ મૌજૂદ હોય. લોકો જેની તાબેદારી કરતા હોય.

ઘણા સ્પષ્ટ શબ્દોમાં ઇમામતના મસઅલાને આ પ્રમાણે સમજી શકાય કે જ્યારે વ્યક્તિ પોતાના જેવા વ્યક્તિ સાથે મેળ મેળાપ રાખે છે ત્યારે તેનું માનસ ઝુલમ અત્યાચાર વગેરે પણ કરી બેસે છે. તેથી ઇમામ માટે પરહેઝગાર

હોવું પણ જરૂરી છે. જેથી દીન અને દુનિયા બંને સલામત અને વ્યવસ્થિત રહે.

આલિમો આ બાબત પણ એકમત છે કે કોઇ ઇમામની ઇમામતને ફક્ત દિલના આવેગ, જોશ કે ભાવનાના આધાર ઉપર સ્થાપિત કરી દેવું પણ જાઇઝ નથી. વલકે ઇમામમાં કેટલાક ગુણોનું હોવું પણ જરૂરી છે. વળી ઇમામતના સર્વે ગુણો તથા ઇમામતની સર્વે શરતો ફક્ત ઇમામ હુસૈન(અલ.)માં જ જોવામાં આવતી હતી. આપના જમાનામાં કોઇ વ્યક્તિ પણ આ બાબતોમાં આપનો મુકાબલો કરી શકે એમ ન હતી.

ફોકહા આ બાબત પણ માને છે કે ઉચ્ચ ઇલ્મી વ્યક્તિના હોવા સાથે નિમ્ન સ્તરના વ્યક્તિએ હુકુમત કરવી જાઇઝ નથી. બીજા શબ્દોમાં કોઇ ઉચ્ચ ઇલ્મ યાફતા વિદ્વાનની હાજરીમાં જાહિલે

હુકુમત કરવી જાઇઝ નથી. પરંતુ આ કે ઇલ્મયાફતા વ્યક્તિની હુકુમતમાં ફિતના ફસાદનો ભય ન હોય અથવા તે રાજકારણના ઉચ્ચ સિદ્ધાંતોથી અજાણ હોય.

યઝીદ તો એટલો બધો ખરાબ ફાસિક ખુલ્લો ગુનેહગાર હતો કે એના મુકાબલામાં તો ઉમરનો બેટો અબ્દુલ્લાહ પણ યઝીદ જેવા હજાર વ્યક્તિ કરતાં બેહતર ગણાશે.

જ્યારે આ વાત સાબિત થઇ ગઇ કે અસહાબે પેગંબર(સલ.) શ્રેષ્ઠ વ્યક્તિને ખિલાફત માટે ચાહતા હતા. વળી આ વાતને પણ માનતા હતા કે અફઝલ (શ્રેષ્ઠ) જ ખિલાફત માટે વધારે હકદાર છે તો પછી કોઇ વ્યક્તિ આ બાબતમાં કેવી રીતે શક કરી શકે કે ઇમામ હુસૈન(અલ.)થી વધારે યઝીદ ખિલાફતનો હકદાર ન હતો. બલકે જે લોકો

ઇલ્મ અને ઇઝ્ઝત, કુલીનતા, ખાનદાનિયત વગેરેમાં ઇમામ હુસૈન(અલ.) કરતાં ઉતરતી કક્ષાના હતા. તેઓ પણ યઝીદ કરતાં તો ખિલાફતના વધારે હકદાર હતા. જેવા કે અબ્દુર્રેહમાન બિન અબુબકર, અબ્દુલ્લાહ બિન ઝુબેર, અબ્દુલ્લાહ બિન ઉમર, અબ્દુલ્લાહ બિન અબ્બાસ આ વ્યક્તિઓમાંથી દરેક વ્યક્તિ અસહાબે રસૂલ પણ હતા. ખાનદાની કુટુંબના માલિક પણ હતા. બહાદુર પણ હતા. દયાળુ અને તકવા પરહેઝગારીમાં પણ આગળ હતા. ઇલ્મ ધરાવનાર પણ હતા. આ વસ્તુઓમાંથી યઝીદ પાસે તો રતિભાળ પણ ન હતું. (યઝીદમાં તો આ બાબતોની અસર સુધ્ધાં ન હતી.) (અલ્લામા ઇબ્ને જવઝી સાહેબ અહીં "પાસંગ" પે, અલીફ, છોટી સીન, નૂન, ગાફ. શબ્દ પ્રયોગ કર્યો છે. લખે છે કે યઝીદ તો ઉનકે પાસંગ

કો ભી ન પહોંચતા થા. પાસંગ શબ્દનો અર્થ થાય છે ઘણું જ થોડું, જરા જેટલું, કંઇ પણ નહિ, ત્રાજવાના બે પલ્લાં વચ્ચે જે બેમાલમ ફર્ક હોય તેને પાસંગ કહે છે.) જેથી તે કેવી રીતે ખિલાફતને યોગ્ય બની શકે.

ખરી વાત તો આ છે કે યઝીદની બયઅત ઉપર ન આલિમો રાજી હતા ન તો જાહિલો. બલકે જો સૌથી વધારે જાહિલ જેને આપણે જાહિલે મુતલક કહીએ તેવી વ્યક્તિને પણ જો પૂછવામાં આવે કે ખિલાફત માટે યઝીદ વધારે સલાહિયત કાબેલિયત ધરાવે છે કે હુસૈન(અલ.)? તો તે જરૂર જવાબ આપત કે ખિલાફત માટેની કાબેલિયત ઇમામ હુસૈન(અલ.)માં જ પૂરે પૂરી છે.

જે કંઇ વર્ણન અમે કર્યું તેનાથી આ વાત ઘણી સારી રીતે સ્પષ્ટ થઇ ગઇ કે યઝીદની

બયઅત જબરદસ્તીથી, બળપૂર્વક, દાદાગીરીથી લેવામાં આવી હતી. પરંતુ લોકો ભયના કારણે ચુપ હતા. વળી જે લોકોએ તાબેદારીથી બહાર રહેતા હતા. જ્યારે તેઓને તેમની જાનનો ભય પેદા થઇ ગયો કે જો આપણે બયઅત નહીં લઇએ તો જાહેરમાં અને છુપી રીતે મારી નાખવામાં આવશે ત્યારે બયઅત લઇ લીધી.

પરંતુ આ શેખે તો બયઅત લેનારાઓના ફક્ત ચેહરા જોયા. આ બાબત ઉપર ધ્યાન ન આપ્યું કે તેઓ નારાજગી સાથે બયઅત કરી રહ્યા છે.

જ્યારે ઇરાકવાસીઓએ ઇમામ હુસૈન(અલ.)ને લેખિત આમંત્રણ આપ્યાં કે આપ તશરીફ લાવો. અમે આપની બયઅત કરીશું. આપ ઇરાક જવા રવાના થયા. આપને ઉમ્મીદ હતી કે

તેઓ નુસરત-મદદ કરશે. પરંતુ તેઓએ સાથ છોડી દીધો.

તેથી જ મક્કામાં ઇબ્ને ઝુબેર ખલીફા બની ગયા. એટલા માટે કે તે યઝીદથી વધારે ખિલાફતના હકદાર હતા.

પરંતુ અહીં તો શૈખ અબ્દુલ મગીષ તો યોગ્ય કે અયોગ્ય વ્યક્તિમાં કોઇ ફરક જ જોતા નથી.

અલ્લામા અબુલ ફિરજ ઇબ્ને જવઝીની કિતાબ અહીં પૂર્ણ થાય છે.

## પ્રકરણ – ૧૩ : જવાઝ લઅન વ કુફ્રે યઝીદ ઓલમાએ એહલે સુન્નતની દ્રષ્ટિમાં

યઝીદનું કુફ્ર ઉઘાડું હોય તેના ઉપર લઅનત જાઇઝ છે આ બાબત ઓલમાએ એહલે સુન્નત હઝરાત શું કહે છે?

યજીદ પલીદ ખુલ્લો ફાસિક, દારૂડિયો, ઝાની કૂતરા બિલાડાં સાથે રમત રમનારો, નાહક લોકો ઉપર ઝુલમ કરનારો, બેનમાઝી, અત્યંત ક્રુર ઘાતકી અને પેગંબરે ઇસ્લામની ઇતરતનો કાતિલ હોઇ તેને ફક્ત એહલેબયતના ચાહકો જ કાફિર લઅનતી નથી માનતા બલકે આ મસઅલો જેના ઉપર શીઆ અને સુન્ની બંને કોમો એકમત છે. ફક્ત ઘણા જ થોડા આલીમો એવા દ્રષ્ટિમાન થાય છે. જેઓ આ બાબતને માનતા નથી. આ નામો આંગળીના વેઢાં ઉપર ગણવા પડે એટલાં પણ

નથી. તેઓમાંથી એક ઇબ્ને અરબી છે. જેઓ કહે છે કે

**કોતુલલ હુસૈન બસયફે જદ્દાહો**

ઇમામ હુસૈન(અલ.) પોતાના બાપ-દાદાની તલવાર વડે કતલ કરવામાં આવ્યા.(મઆઝલ્લાહ-અલ્લાહ માફ કરે આવું બોલવાથી અને લખવાથી પણ)

બીજા ગિઝાલી છે જેઓ કહે છે કે,

વાએઝ કરનાર પર શહાદતે ઇમામ હસન અને હુસૈન(અલ.)નું વર્ણન કરવું હરામ છે. કારણકે તેમ કરવાથી સહાબાના માટે દિલોમાં બુગ્ઝ-કીનો પેદા થાય છે.

ઇબ્ને તૈમિયા (વહાબીયતનો આધસ્થાપક ત્યારબાદ તેનો ચેલો ઇબ્ને અબ્દુલ વહ્હાબ નજદી) જેઓ યઝીદના મામલામાં કહે છે,

(મિનહાજુસ્સુન્નહ) લોકો યઝીદના વિષયમાં ઘણા વધારે ઓછા કે દરમ્યાની વિચારો ધરાવે છે. તો આ કે યઝીદ સહાબી અથવા ખોલફાએ રાશેદીન મેહદીમાં અથવા અંબિયામાં ગણાશે.

એવી જ રીતે અલ્લામા ઇબ્ને ખલદુને તારીખે ઇબ્નેખલદુનની પ્રસ્તાવનામાં યઝીદને સાચો સાબિત કરવા માટે પોતાની બધી જ શક્તિ ખર્ચી નાખી છે.

પરંતુ જ્યારે આપણે બીજા લાખો. કરોડો ઓલમાએ એહલે સુન્નતને જોઇએ છીએ તો આપણને આ લોકો વામણા દેખાય છે. પ્રાચીન અને અર્વાચીન તમામ મોટા અને ઉચ્ચોચ્ચ આલિમોની દ્રષ્ટિમાં ઇમામ હુસૈન(અલ.) હક પર હતા. યઝીદ કાફિર ઝાલિમ હતો. હંમેશા વાંકુ બોલનારા આવા અધમ કક્ષાના વામણા આલિમો બે-પાંચ દરેક

સમયગાળામાં શેતાનના ચેલા બનીને પોતાની ડુગડુગી વગાડતા હોય છે. કાંતો તેઓ પોતાના સમયની બાદશાહતને વેચાય ગયા હોય છે. અથવા તેમની અક્કલમાંજ કંઇજ ખામી હોય છે. જેથી આવો નકામો બકવાસ કરીને પોતે જહન્નમના હકદાર બનતા હોય છે. ઉમ્મત એમને કંઇ પુછતી પણ નથી ઓળખતી પણ નથી હોતી.

જ્યારે આપણે ઉચ્ચોચ્ચ મોહદ્દિસો અને ફકીહો અને વિદ્વાન લેખકોની કિતાબો ઉપર દ્રષ્ટિ નાખીશું તો આપણને આલિમોની એટલી મોટી જમાત મળશે જેઓ ન ફકત યઝીદ ઉપર લઅનત મોકલવાને જાઇઝ સમજે છે. બલકે તેના કાફિર હોવાનો પણ ખુલ્લા શબ્દોમાં ઇકરાર કરે છે.

આ યઝીદ પરસ્ત વ્યક્તિઓ તે આલિમોના કથનો અને વર્ણનો ધ્યાનથી વાંચે પછી પોતાની

ગરદનમાં જરા મોં નાખીને જુએ આ જલીલુલકદ્ર આલિમોના વર્ણનો પછી યઝીદની હિમાયત કરવી ક્યાં સુધી જાઇઝ છે?

અમે અહીં યજીદને કાફિર અને લઅનતી માનનાર આલિમોની એક અનુક્રમણિકા ઇઝાલતુલ લઅનીન મોલવી હૈદરઅલી ફૈઝાબાદીની કિતાબમાંથી નકલ કરીએ છીએ. જેઓ પ્રખ્યાત સુન્ની આલિમ છે. જનાબ ઇઝાલતુલ લઅનીમાં લખે છે કે,

લઅનીન વ મોકફ્ફેરીને યઝીદ એહલે સુન્નતમાં નીચે પ્રમાણે છે. યઝીદ ઉપર લઅનત કરનાર અને તેને કાફિર માનનારાનું લીસ્ટ અત્રે મૌજૂદ છે.

(1) બકીયતુલ મુજતહેદીન ઝાહિદ બિન અહમદ બિન અબ્દુર્રશીદ બુખારી. જેવી રીતે કે આપની

કિતાબ “ખુલાસતુલ ફિકહ’ ’ અમારા દાવાની દલીલ છે.

(2) કવામુદ્દીન અલ સફારી જેઓ બેધડક યઝીદ ઉપર લઅનત કરે છે.

(3) હાફિઝુદ્દીન મોહંમદ કરદી-એમણે પોતાની કિતાબ વજીઝહમાં યઝીદ પર લઅનત મોકલી છે.

(4) અલ્લામા જવઝી જેમણે પોતાના પુત્રના પ્રશ્નના જવાબમાં ફતવો આપ્યો હતો કે યઝીદ ઉપર લઅનત જાઇઝ છે.

(5) મહમૂદ બિન સુલેમાન કફવી કિતાબ આઅ્લામ વલ અખબારમાં લખે છે. જે અરબી કિતાબ છે.

**અરબીનો તર્જુમો :**

સત્ય આ છે કે યઝીદ ઉપર લઅનત એટલા માટે જાઇઝ છે કે તેનું કુફ્ર પ્રખ્યાત અને જાહેર છે. લગાતાર સનદોથી સાબિત થાય છે. તેનું

બાતિન પણ જાહેર હતું જેવી રીતે કે તેના શએરોની અતૂટ રિવાયતો આપણને ઘણું બધું કહી જાય છે. જેથી યઝીદનાઉપર લઅનત જાઇઝ છે. તેના સિવાય લઅનત કોઇ વ્યક્તિ ઉપર પણ જાઇઝ નથી. પછી તે ફાસિક જ કેમ ન હોય. પરંતુ એનાથી વિરૂદ્ધ કોઇનું નામ નક્કી કર્યા વગર ફાસિક ઉપર લઅનત કરી શકાય છે, જાઇઝ છે. જેવી રીતે કે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે ફરમાવ્યુ છે, “ઝાલિમો ઉપર ખુદાની લઅનત છે.”

(6) કુદવતુલ મુત્તકીન-અહમદ બિન સુલેમાન

(7) હયાતુલ હયવાન-અલ્લામા દુમેરી

(8) ઇમામુલ ફોકહા વલ મોહદ્દેસીન-ઇમામ અહમદ બિન હમ્બલ-હમ્બલી ફિરકાના ઇમામ

(9) સનદુલ મોહદ્દેસીન વલ મુનકદીન અબુ અલ ફિરાજ ઇબ્ને જવઝીની કિતાબ “અલ રદ અલી અલ

મોઅતસબ અલ અનીદુલ માનેઅ મનઝમુલ યઝીદ” લખી છે.

(10) અબ્દુલ્લાહ બિન યુસુફ કઝગલી મઅરૂફ સબ્ત ઇબ્ને જવઝી હિજરી 654

(11) કાઝી અબુલ યાઅ્લા મુસલી

(12) હમાદ બિન તઅ્મહ

(13) મૌલાના જલાલુદ્દીન બુખારી

(14) કિતાબ “દસ્તુર” મૌલાના દસ્તુરી.

**અરબી મતનનો અનુવાદ**

આ વાત નિર્વિવાદ છે કે યઝીદ ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા રાજી હતો. આ વાતમાં પણ શકને કોઇ સ્થાન જ નથી કે તેણે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરવાનો હુકમ આપ્યો હતો. આપના સર મુબારકની તૌહીન કરી. આપના એહલેબયતને પ્રકાર પ્રકારની તકલીફો આપી

ઝલીલ કર્યા. આ બધી જ ઘટનાઓ વિસ્તારથી જુદી જુદી રીતે લગાતાર એલમાએ કિરામ અને હદીસવેત્તાઓ નોંધતા આવ્યા છે. પ્રખ્યાત ઘટનાઓ છે. મશ્હુર વાકેઆત છે. જેથી યજીદ ઉપર લઅનત મોકલવાથી રોકી શકાશે નહિ. ન તેઓ ઉપર લઅનત કરવાથી રોકાઇ શકાશે. જેમણે યઝીદની મદદ કરી. કારણકે જ્યારે યઝીદે ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવાનો હુકમ આપ્યો. સાથે એહલેબયતે રસૂલની બેઇઝ્ઝતી કરવાનો પણ હુકમ કર્યો. તો તે કાફિર થઇ ગયો. ઉમ્મતનો આ બાબત એકમત છે. અઇમ્માનો પણ આ બાબત એકમત છે કે યઝીદ કાફિર હતો. વળી આ વાત ઉપર પણ સર્વે ઉમ્મત એકમત છે કે કતલનો હુકમ આપનારો જંગ કરનારો, યઝીદના કાફિર હોવા

ઉપર રાજી થનારો તે જ વખતે કાફિર થઇ જાય છે. તે પહેલાં કે તે કાર્ય અમલમાં મૂકે.

(15) મલિકુલ ઓલમા શહાબુદ્દીન દોલતાબાદી

(16) અસદુલ મિલ્લત વદ્દીન તફતાજાની

(17) અબુલહસન અલી બિન મોહંમદ બિન અલી તબરી મુલક્કબ વ અમાદી

આ શાફેઇ ફકીહ હતા. મદ્રસએ નિઝામીયાના ઉસ્તાદ પણ હતા. જેમણે યઝીદ ઉપર લઅનત જાઇઝ છે નો ફતવો ઘણો જ વિસ્તૃત અને પદ્ધતિસર આપેલો છે. જેવી રીતે કે કાઝીયુલ કુઝ્ઝાત શમસુદ્દીન મોહંમદ બિન ઇબ્રાહીમ બિન અબીબકર બિન ખલકાને વફીયાતુલ આઅયાનમાં લખેલ છે.

(18) કેટલાક શારેહીન ફિકહે અકબર-ફિકહે અકબર કિતાબની શરહ લખનાર આલિમોએ યઝીદ ઉપર લઅનત જાઇઝ છે. નો ફતવો આપેલો છે.

(19) શેખ જલાલુદ્દીન સિયુતી. આપે કહ્યું છે કે ખુદાની લઅનત થાય ઇમામ હુસૈન(અલ.)ના કાતિલ ઉપર તેની સાથે ઇબ્ને ઝિયાદ ઉપર અને યઝીદ ઉપર પણ. ઇમામ હુસૈન(અલ.) કરબલામાં શહીદ થયા. આપની શહાદતની ઘટનાઓ ઘણી વિસ્તૃત છે. હૃદય તેના વર્ણનો સહન કરી શકતું નથી.

ઇન્ના લિલ્લાહે વઇન્ના ઇલયહે રાજેઉન.

(20) મિરઝા મોહંમદબદખશી.

(21) ખ્વાજા નસરૂલ્લાહ કાબીલી વ માલિકી વ મદની અસલ સવાએકે મોહર્રેકાના લેખક.

(22) ખ્વાજા નસરૂલ્લાહ મદનીના ફરઝંદ સવાતેઅ મશરેકા બશરહ સવાએકે મોહર્રેકા.
સવાએકે મોહર્રેકાની શરહ લખનાર.

(23) લેખક અસ્સયફુલ મસલૂલ પાકિસ્તાન પ્રકાશન ઇબ્ને તૈમિયાની કિતાબ હુસૈન વ યઝીદનો જવાબ.

(24) શૈખ અબ્દુલહક દેહલવી.

(25) તેમના ફરઝંદ નુરૂલહક દેહલવી.

(26) મોલવી ઇકરામુદ્દીન દેહલવી.

(27) શાહ વલીયુલ્લાહ દેહલવી.

(28) શાહ અબ્દુલ અઝીઝ દેહલવી લેખક "તોહફએ ઇશનાઅશરીયા" આ લેખક પોતાના મશહુર ફતાવા સંગ્રહ અઝીઝીયાહમાં એક પ્રશ્નના જવાબમાં ફરમાવે છે. (ભાગ-1 પેજ નં. 21)

**સવાલ** : આપ (સલ.)ની આ હદીસ છે કે મારા પછી ખિલાફત ફક્ત 30 વર્ષો સુધી રહેશે. સાચી છે. વળી ઇમામ હસન(અલ.) એ આ હદીસને સાંભળીને ખિલાફત છોડી દીધી હતી. પછી હઝરત ઇમામ હુસૈન(અલ.)એ શા માટે મક્કા મોઅઝ્ઝમાથી તશરીફ લાવીને કરબલામાં શહીદ થઇ ગયા. આ સિવાય પણ એક હદીસ નિરંતર છે. જે મિશ્કાત શરીફ વગેરેમાં લખેલી છે કે આપ(સલ.)એ ફરમાવ્યું કે મોટા ભાગના બાદશાહો ઝાલિમ જ હશે. તેઓ ઘણો જ ઝુલમ કરતા રહેશે. ત્યારે સહાબા વિનંતી કરી કે તે સમયના મુસલમાનો આ ઝાલિમ બાદશાહોનો મુકાબલો અથવા તેમનો વિરોધ કરે કે ન કરે. હઝરત(સલ.)એ ફરમાવ્યુ:

[આ સવાલમાં ઘણી બાબતો હાસ્યાસ્પદ છે. ગલત છે પરંતુ અત્રે અમારો ધ્યેય ફક્ત એક જ છે

કે ઓલમાએ એહલેસુન્નત યઝીદ ઉપર લઅનત કરવાનું જાઇઝ કહે છે. એમ સાબિત કરવું છે. ઇસ્લામના સાચા અકીદા સાથે ઘણી વાતો મેળ ખાતી નથી, બલકે એહલેસુન્નતમાં સાચી માનવામાં આવતી ઘણીબધી હદીસો કુર્આનના હુકમો સાથે સીધી ટકરાય છે. પરંતુ અત્યારે અમારો હેતુ જવાઝે લઅને યજીદ છે. ન કે આ લોકોના ગલત ફતવાઓને પડકારવા.]

મુસલમાનો માટે યોગ્ય નથી કે તે બાદશાહ સાથે જેણે પોતાની શક્તિ અને જોર ઝુલમથી સત્તા પ્રાપ્ત કરી લીધી હોય તેમનો મુકાબલો કે વિરોધ ન કરે. જો તે સમયના મુસલમાનો આ ઝાલિમ બાદશાહોને મુકાબલો કરશે તો તેઓ પોતેજ (મુસલમાનો ઝાલિમ બાદશાહનો વિરોધ કરનારા) ઝાલિમ અને બાગી થઇ જશે.

આ હદીસ હોવા છતાં હઝરત ઇમામ હુસૈન(અલ.)એ શા માટે મુકાબલો કર્યો? યઝીદની સલતનત તો કાએમ અને સાબિત થઇ ચુકેલી ગણાશે. તેનો કબજો સલ્તનત ઉપર બરાબર હતો.

**જવાબ** : હઝરત ઇમામ હુસૈન(અલ.)એ ખિલાફતે રાશેદહના દઅવા તરીકે યઝીદથી મુકાબલો નથી કર્યો. કારણ કે ખિલાફતે રાશેદહ તો આપ(સલ.)ની હદીસ મુતાબિક ત્રીસ વરસ પુરા થતાં ખતમ થઇ ચુકી હતી.

ઇમામે હુસૈન(અલ.) યઝીદની મુખાલેફત એટલા માટે કરી કે મુસલમાન પ્રજાને ઝાલિમ યઝીદના ઝુલ્મથી છોડાવે. આ વાત તો ઘણી જ બેહતર છે. મઝલૂમને ઝાલિમના ઝુલ્મથી બચાવવો. વળી આ માટે મઝલૂમની દરેક રીતે મદદ કરવી વાજિબ દરજામાં ગણાશે.

રહી વાત હદીસની તો મિશ્કાત શરીફમાં જે હદીસ છે. પેગંબરે ઇસ્લામે સમયના દરેક બાદશાહથી પછી ભલે તે ઝાલિમ હોય મુકાબલો અથવા બગાવત અથવા વિરોધ કરવાની મનાઇ ફરમાવી છે. તે ત્યારે ગણાશે જ્યારે કોઇ બાદશાહ કોઇના રોકટોક અથવા વિરોધ અથવા મુકાબલા વગર હુકુમત ઉપર કબજો જમાવી લે.

અહીં યઝીદ પલીદને તો એવો કબજો મળી શક્યો જ ન હતો. કારણકે હજી તો મદીના, મક્કા અને કૂફાવાળાઓ તેના હુકૂમત ઉપરના કબજાથી રાજી થયા ન હતા. વળી હઝરત ઇમામ હુસૈન(અલ.) અબ્દુલ્લાહ બિન અબ્બાસ, અબ્દુલ્લાહ બિન ઉમર અને અબ્દુલ્લાહ બિન ઝુબેર જેવા લોકોએ તેની બયઅત કરી ન હતી. મતલબ આ છે

કે તમામ આલમે ઇસ્લામમાં તેનો (યઝીદનો) વિરોધ ચાલુ હતો.

ટૂંકમાં હઝરત ઇમામ હુસૈન(અલ.)એ યઝીદથી મુકાબલો અને વિરોધ કર્યો. તે ફક્ત એટલા માટે કે ઝાલિમ યઝીદનો હુકૂમત ઉપર કબજો ન થવા દે. (આપ પોતે હુકુમત ઇચ્છુક હરગિઝ ન હતા.) કારણ કે હજી યઝીદનો કબજો હુકુમત ઉપર સ્થાયિત્વ પામી ચુક્યો ન હતો.

ઇમામનો વિરોધ કરવું, મુકાબલો કરવું એટલા માટે હતું કે ઝાલિમનો કબજો ન થવા પામે. ઝાલિમ હુકુમત ઉપર બેસી ન જાય.

આ બાબતમાં એમ હરગિઝ નથી બન્યું કે યઝીદનો કબજો થઇ ગયો હતો અને ઇમામે તેને હટાવવા માટે તેનો વિરોધ કર્યો.

હદીસમાં જે વાતથી મના કરવામાં આવ્યું છે તે આ છે કે જે ઝાલિમ બાદશાહનો કબજો થઇ ચૂક્યો હોય તેને ન હટાવો.

આ વાતની મનાઇ નથી કે કોઇ ઝાલિમ બાદશાહનો હુકુમત ઉપર કબજો ન થવા દો.

આ બંને વાતોમાં ઘણો જ તફાવત છે કે કોઇ ઝાલિમ બાદશાહને હુકૂમત ઉપર કબજો ન કરવા દેવામાં આવે અને ઝાલિમનો હુકુમત ઉપર કબજો થઇ ગયા પછી તેને હટાવવામાં આવે. આ ફિકહના મસાએલ છે.

(ફતાવાએ અઝીઝીયાહ ભાગ-1 પેજ નં.21)

(29) શાહ અબ્દુલ અઝીઝ દેહલવીના (ઉપરોક્ત ફતાવાના લેખકના) શાગિર્દ મોહંમદ રશીદુદ્દીન

(30) બેહરૂલ ઉલૂમ મૌલાના અબ્દુલ અલી ફિરંગી મહલવી (ઝિલાલતુન લઅનૈન. ભાગ-1 પેજ નં.184)

મોલવી હૈદરઅલી સાહેબે તો આટલા જ આલિમોના નામો લખ્યા છે. પરંતુ આ સિવાય પણ સેંકડો આલિમો છે. જેઓ યજીદના કુફ્ર અને લઅનતી હોવાને માને છે. જેની અનુક્રમણિકા ઘણી લાંબી થઇ જાય છે.

બલકે સત્ય આ છે કે વહાબીઓના સિવાય કદાચજ કોઇ મુસલમાન એવો હોય જે યઝીદ ઉપર લઅનત ન કરતો હોય.

નમૂના રૂપે અમે થોડાક વધુ નામો જેઓએ યઝીદ પલીદ ઉપર લઅનત મોકલી છે અને લઅનત મોકલવાને જાઇઝ માને છે રજૂ કરીએ છીએ.

(1) અલ્લામા શિબરાવી

જુઓ આપની કિતાબ “અલ ઇતિહાફ”

(2) અલ્લાહમા કિસ્તલાની શારેહ બુખારી

આપની કિતાબ બુખારીની શરહ જુઓ

(3) અલ્લામા મસઉદી

જુઓ તેમની કિતાબ મુરવજુઝ્ઝહબ

(4) અલ્લામા અહમદ બિન દાઉદ અબુ હનીફા દિનુરી

જુઓ કિતાબ અલ અખબારૂત તવાલ

(5) અલ્લામા સૈયદ અલુસી બગદાદી

રૂહુલ મઆની ભાગ-8 જુઓ

(6) મોલવી મોહંમદ મુબીન ફિરંગી મહલવી

આપની કિતાબ વસીલતુન્નજાત જુઓ

(7) મોલવી અબ્દુલ હય ફિરંગી મહલવી

એમના ફતાવા અબ્દુલ હય જુઓ

(8) નવાબ સિદ્દીક હસન ખાન સાહેબ કનોજી, ભોપાલી બગયતુર રાઇદ જુઓ

(9) અલ્લામા વહીદુદ્દીન ઝમાન, હૈદરૂઝ્ઝમાન હૈદરાબાદી અનવારૂલ ખિતા જુઓ

(10) મૌલાના હસન નિઝામી દેહલવી

જુઓ કિતાબ તમાંચા બર રૂખસારે યઝીદ.

(11) સૈયદ શાહ મોહંમદ કાએમ ચિશ્તી નિઝામી સજ્જાદાનશીન ખાનકાહ દાનાપુર, જિલ્લા પટના આપની કિતાબ કુફ્રે યઝીદમાંથી

હું એકલો જ યઝીદને કાફિર નથી કહેતો. અલ્લાહ તઆલા મને અમાને એહલેબયતમાં પનાહ આપે. હવે હું એક એવી વાત રજૂ કરૂં છું. જેનો કદાચ કોઇ માણસ વિરોધ કરે.

હઝરત સૈયદુશ્શોહદા ઇમામ હુસૈન(અલ.)ની સાહેબઝાદી હઝરત

સકીના(સલા.)એ યઝીદ પલીદના વિષયમાં ફરમાવ્યું: ખુદાની કમસ! મેં યઝીદ પલીદ ઇબ્ને મઆવિયા કરતાં સારો કાફિર નથી જોયો.

(કામિલ ભાગ-4 પેજ નં. 74)

મારી હિમ્મત નથી કે હું હઝરત સકીનાના મુકાબલામાં આનાકાની કરૂં અને કાફિર બનીને અલ્લાહ પાસે જાઉં મેં કુર્આનેપાકની આયતો તફસીર સાથે રજૂ કરી છે. જેનાથી સાબિત થાય છે કે યઝીદની તરફદારી કરનારાઓનો પણ તે જ હશ્ર થશે જે યઝીદ કાફિરનો થયો છે. બંનેની સરખી સજા.

ટૂંકમાં યઝીદ કાફિર હતો. કાફિર મર્યો એને કાફિર સમજવામાં જ આપણો છુટકારો છે. બાકી છુટકારો નથી.

(કિતાબ કુફ્રે યઝીદ પેજ નં. 4)

(12) મોલવી અબ્દઅલ વલી જોનપુરી તેમની કિતાબ અલ દરતુલ ગાલીયા ફી મનાકિબે મઆવિયા. જુઓ.

છેવટે આ પણ જણાવી દેવું જરૂરી સમજું છું કે જ્યારે અમે ઇબ્ને જવઝી અને ઇબ્ને તીમિયાના કે રિસાલા એક સાથે વાંચ્યા તો આમ માલુમ પડે કે આ નાસિબીએ જાણે ઇબ્ને જવઝીના રિસાલાનો જવાબ આપ્યો છે. પરંતુ તફાવત આ છે કે ઇબ્ને જવઝીએ જે કંઇ લખ્યું છે. દલીલની સાથે લખ્યું છે. પરંતુ ઇબ્ને તીમિયાએ દલીલો વગર જ ઘટનાઓનો જ ઇન્કાર કર્યો છે. અથવા નાજાઇઝને જાઇઝ કરવાની કોશિશ કરી છે. તે પણ દલીલ વગર. જેથી કેવી રીતે ઇબ્ને તીમિયાની વાતને કબૂલ કરે.

ઇબ્ને તીમિયાના રિસાલામાં એક ઘણી મજાની વાત પણ છે. એમણે અક્લમંદને બેવકૂફ બનાવવાનો ગાળિયો બનાવ્યો છે. આ ગાળિયો અમે એમની જ ગરદનમાં પરોવી દઇએ છીએ.

આંધળો વળી અંધારામાં જુએ અને એને દૂરનું દેખાય. નજીકનું ન દેખાય. તે મજાની વાત જેને અમે નૂકત: કહીશું તે આ છે.

ઇબ્ને તીમિયા પોતાના રિસાલા “અસ્સયફુલ મસલૂલ”માં લખે છે કે સહાબાની બુરાઇ કરવી તેમના ઉપર ઝુલમ કરવો તેમની કતલ કરવી વગેરે વાતો કુફ્ર છે. આ રીતે યઝીદીઓનો બચાવ કરવાની કોશીશ કરી છે. વળી જે સહાબીઓ યઝીદ પાસે હતા. અથવા તો યઝીદની બયઅત લઇ ચૂક્યા હતા. તેમની બુરાઇ થાય છે. એમ ઇબ્ને તૈમિયાના કહેવાનો હેતુ છે. મતલબ કે તમે

યઝીદની બુરાઇ ન કરો. કારણકે યઝીદનું કુફ્ર સાબિત થતાં પેલા દુનિયાપરસ્ત સહાબા ઉપર આક્ષેપ થાય છે. જેથી ઇબ્ને તીમિયાની દ્રષ્ટિમાં સહાબાની બુરાઇ કરવી, ઝુલ્મ કરવો અને કતલ કરવું કુફ્ર છે.

પરંતુ ઇબ્ને તીમિયા આ વાત કેમ ભુલી જાય છે કે ઇમામ હુસૈન(અલ.) રસુલુલ્લાહ(સલ.)ના નવાસા હોવાની સાથે સાથે અફઝલતરીન સહાબા પણ છે. કે જેમનો ઉછેર રસૂલના ખોળામાં રસૂલના ઘરમાં થયો છે. જેમની તઅઝીમ અબુબકર અને ઉમર પણ કરતા હતા. પછી તેમનો કાતિલ કુફ્રથી કેવી રીતે બચી શકે છે?